દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 41 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 February 2025,Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુ.થી શરૂ: ગાંધીનગર પોલીસ છાવણીમાં ફેરવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનું આગામી બુધવાર ૧૯ ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આ વખતે ૧૯ ફેબુઆરીથી ૨૮ માર્ચ સુધી મળવાનું છે ત્યારે દર વખતની જેમ આ વખતે પણ ગાંધીનગર પોલીસ દ્વારા સત્ર દરમિયાન ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. પાટનગરના પ્રવેશદ્વારો ઉપર સતત વાહન ચેકિંગની સાથે સત્યાગ્રહ છાવણી સહિત મુખ્ય સર્કલો ઉપર સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ખાસ કરીને રેલી-ધરણા ઉપર તંત્રની ચાંપતી નજર રાખવામાં આવશે.

સુરક્ષા બંદોબસ્ત અંતર્ગત ગાંધીનગર પોલીસ ઉપરાંત આસપાસના જિલ્લાઓના પોલીસ જવાનો તેમ જ એસઆરપી જવાનોને ફરજ સોંપવામાં આવી છે. વિધાનસભા ગૃહની અંદર ગાંધીનગર પોલીસના જવાનો સાર્જન્ટની ભૂમિકામાં ફરજ બજાવશે તો સચિવાલય સંકુલમાં પણ સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. અહીં પાસ વગર કોઈને પણ પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં.

ગાંધીનગરમાં સત્ર દરમિયાન સ્વૈચ્છિક સામાજિક સંગઠનોની સાથે સરકારી કર્મચારીઓ પણ પોતાની માંગણી લઈને ગાંધીનગરમાં રેલી-ધરણા ના કરે તે માટે પોલીસ દ્વારા ખાસ નજર રાખવામાં આવનાર છે. જે માટે સત્યાગ્રહ છાવણીની સાથે શહેરનાં મુખ્ય સર્કલો ઉપર પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. ગાંધીનગર પોલીસ દ્વારા તૈયાર કરાયેલા બંદોબસ્ત પ્રમાણે ૬ ડીવાયએસપી, ૧૦ પોલીસ ઇન્સ્પેક્ટર, ૩૫ સબ ઇન્સ્પેક્ટર તેમ જ ૬૬૦થી વધુ જવાનોને ફરજ સોંપવામાં આવશે. આ ઉપરાંત એસઆરપીની પણ મદદ લેવામાં આવશે. તે પૂર્વે આજે તમામ પોલીસ કર્મચારીઓને પોતાના પોઈન્ટ સંભાળી લેવા ગાંધીનગર એસપી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે અને મોક ડ્રીલ પણ હાથ ધરવામાં આવશે.

# ગુજરાતમાં ગૌમાતાને રાજ્યમાતા તરીકે દરજ્જો આપવા વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કરવા સંતોએ સરકારને અપીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ગૌમાતાને રાજ્યમાતા તરીકે જાહેર કરવા અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. અમદાવાદમાં સોલા વિદ્યાપીઠ ખાતે જ્યોતિષપીઠ શંકરાચાર્યના હસ્તે ગોધ્વજ સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ પક્ષના વિધાયકો, સાંસદો અને અગ્રણી નાગરિકોની હાજરીમાં ગૌમાતાને રાજ્યમાતા તરીકે જાહેર કરવાની માગ કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં અનેક ધાર્મિક આગેવાનોની ઉપસ્થિતિમાં સંતોએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર ગાયને રાજ્યમાતાનો દરજ્જો આપનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. જો બહુમતી રાજ્યો આવો પ્રસ્તાવ પસાર કરે તો ગૌમાતાને રાષ્ટ્રમાતા તરીકેનો દરજ્જો મળી શકે છે. ગુજરાતમાં પહેલેથી જ સંપૂર્ણ ગોવંશ હત્યા પર પ્રતિબંધ છે.

સંતો અને મહંતોએ આગામી વિધાનસભા સત્રમાં આ પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરવા માટે તમામ ધારાસભ્યોને અપીલ કરી હતી. જો ૧૬ માર્ચ સુધી કેન્દ્ર સરકાર તરફથી કોઈ ઠોસ પગલાં ન લેવાય તો ૧૭ માર્ચે દિલ્હીના રામલીલા મેદાનથી જ્યોતિષપીઠ શંકરાચાર્ય સ્વામી, અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજીના નેતૃત્વમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન પ્રત્યે લોકો નિરુત્સાહ: ગત ટર્મ કરતાં મતદાન ઘટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન રવિવારે સાંજે સંપન્ન થયું હતું. રાજ્યની ૬૬ નગરપાલિકાઓ, જૂનાગઢ મહાનગરપાલિકા અને કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીનું મતદાન સવારે ૭:૦૦ વાગ્યાથી શરૂ થયેલી મતદાન પ્રક્રિયાને શરૂઆતમાં વેગ મળ્યો હતો, પરંતુ બપોર બાદ એટલે કે એક વાગ્યા પછી મતદારોની પાંખી સંખ્યા મતદાન કેન્દ્રો ઉપર જોવા મળી હતી.

એકંદરે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજ્યભરમાં મતદારોની નીરસતા જોવા મળી હતી અને એક મુદ્દો એવો પણ જોવા મળ્યો હતો કે એક વાગ્યાથી માંડીને સાંજના ૬:૦૦ વાગ્યા દરમિયાન એકલદોકલ વ્યક્તિઓ આવે અને મતદાન કરે તે પ્રકારનો સિનારિયો પણ જોવા મળ્યો હતો. સમગ્ર રાજ્યમાં લગ્નગાળો હતો તે જ દિવસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી. જેથી ચૂંટણીમાં મતદાન કરવા અંગે લોકોમાં નિરુત્સાહ જોવા મળ્યો હતો. વર-વધૂએ મતદાન કરીને ફોટા પડાવ્યા હતા, પણ જાનૈયાઓએ મતદાન કરવાનું ટાળ્યું હતું. તે ઉપરાંત ચૂંટણીમાં અનેક જગ્યાએ ઈવીએમ પણ ખોટકાયાં હતાં. ઇવીએમ ખોટકાવાના કારણે લોકોએ ચૂંટણી મતદાન મથકેથી ચાલતી પકડી હતી.

અમદાવાદની સાણંદ નગરપાલિકામાં ૬૧ ટકા જેટલું મતદાન થયું, જ્યારે બાવળા નગરપાલિકામાં ૬૩.૫૬ ટકા જેટલું મતદાન થયું હતું. ધંધુકા નગરપાલિકામાં ૫૭ ટકા જેટલું મતદાન થયું હતું. અમદાવાદ જિલ્લાની ઘાટલોડિયા મહાનગરપાલિકાની પેટા ચૂંટણીમાં ખૂબ જ ઓછું એટલે કે ૩૧ ટકા જેટલું, જ્યારે ધોળકા જિલ્લા પંચાયતની બેઠકમાં ૪૭ ટકા અને દસકોઈ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૩૦ ટકા જેટલું મતદાન થયું હતું.

માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંતર્ગત કુલ ૨૮ બેઠકો માટે અંદાજિત ૬૩.૯૭ ટકા મતદાન થયું છે, કલોલ નગરપાલિકાની પેટા ચૂંટણી વોર્ડ નંબર ચારમાં ૩૬.૯૩ ટકા તથા હાલીશા ખાતે પેટા ચૂંટણી અંતર્ગત એક બેઠક માટે ૬૦.૭૦ ટકા મતદાન અને ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ૬૫.૭૨ ટકા જ્યારે દેહગામ લવાડ બેઠક માટે ૭૪.૮૦ ટકા મતદાન અને માણસાની આમજા બેઠક માટે અંદાજે ૬૪.૪૦ ટકા અંદાજિત મતદાન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ૬૬ નગરપાલિકા અને જૂનાગઢ મહાનગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયત અને પેટા ચૂંટણીના કુલ ૫,૦૮૮ જેટલા ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થયું હતું. હવે ૧૮ તારીખે પરિણામ આવશે ત્યારે ખ્યાલ આવશે કે કોણ મેદાન મારે છે.

# સુરતના માંગરોળ ગેંગરેપ કેસમાં બંને આરોપીઓને છેલ્લા શ્વાસ સુધી કેદની સજા ફટકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત નજીક માંગરોળના મોટા બોરસરા ગામે ૮ ઓક્ટોબરે મોડી રાત્રે બાઇકમાં પેટ્રોલ પૂરું થઈ જતાં એક ૧૭ વર્ષીય સગીરા પોતાના મિત્ર સાથે મોડી રાત્રે ગામની સીમમાં બેઠી હતી. ત્યારે ત્રણ નરાધમોએ સગીરાને પીંખી નાખીને તેને અર્ધનગ્ન હાલતમાં મૂકીને ભાગી ગયા હતા. આ ઘટનામાં કોર્ટે બંને આરોપીઓને છેલ્લા શ્વાસ સુધી કેદની સજા ફટકારી હતી. આ કેસમાં કોર્ટે ૧૩૦ દિવસમાં ઝડપી સુનાવણી હાથ ધરીને પીડિતાને ન્યાય આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના માંગરોળના ગેંગરેપ કેસમાં ચાર મહિના બાદ કોર્ટે બે આરોપીઓને દોષી જાહેર કરીને તેમને છેલ્લા શ્વાસ સુધી કેદની સજા ફટકારી હતી. નવરાત્રિ સમયે આ બંને આરોપીઓએ એક સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું. આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. જેમાં કોર્ટની ટ્રાયલ દરમિયાન એક આરોપીનું મોત નીપજ્યું હતું. બે આરોપીઓ સામે કેસ ચાલતાં પુરાવાના આધારે કોર્ટે બંને આરોપીઓને દોષી જાહેર કરીને આજીવન કેદની સજા ફટકારી હતી.

આ કેસમાં સગીરાના મિત્રએ ગ્રામજનોની મદદથી તેને અર્ધનગ્ન હાલતમાં હૉસ્પિટલમાં ખસેડી હતી. ઘટનાની જાણ થતાં રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા, એલસીબી, એસઓજી સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ ઘટનાની તપાસ કરવા માટે પોલીસે ડોગ સ્ક્વોડની મદદ લીધી હતી. પોલીસને તપાસ દરમિયાન એક બાઈક મળતાં તેના આધારે બે આરોપીની ઓળખ કરી હતી. ત્યાર બાદ ત્રણેય આરોપીને દબોચી લીધા હતા.

# અમેરિકાએ ડિપોર્ટ કરેલાં ૧૧ બાળકો સહિત ૩૩ ગુજરાતીઓ અમદાવાદ પહોંચ્યાં: પોલીસે ઍરપોર્ટથી ઘરે પહોંચાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમેરિકાએ ત્રીજા તબક્કામાં ડિપોર્ટ કરેલા ૧૧૨ ભારતીયો વતન પહોંચ્યા હતા. જેમાં ૩૩ ગુજરાતીઓનો સમાવેશ થયો હતો. જે પૈકીના ૪ ગુજરાતી એક ફ્લાઈટમાં જ્યારે અન્ય ફ્લાઈટમાં ૨૯ અમદાવાદ આવી પહોંચ્યા હતા. છેલ્લા ૧૨ દિવસમાં કુલ ૭૪ ગુજરાતીઓ વતન પહોંચ્યા હતા. અમદાવાદ ઍરપોર્ટ પર પહોંચેલા ૪ ગુજરાતીઓનાં વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાકીના ૨૯ની વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમેરિકાએ ડિપોર્ટ કરેલા ભારતીયોમાં ૧૭ ફેબ્રુઆરીએ વતન પહોંચેલા ૩૩ ગુજરાતીઓમાં કુલ ૧૧ બાળકો હતાં. અમદાવાદ ઍરપોર્ટ પર ૬ ફેબ્રુઆરીએ ૩૩ લોકો, ૧૬ ફેબ્રુઆરીએ ૮ લોકો અને ૧૭ ફેબ્રુઆરીએ વધુ ૩૩ લોકો પરત ફર્યા હતા. પોલીસે આ તમામ લોકોને ઍરપૉર્ટથી લઈ તેમના ઘર સુધી પહોંચાડ્યા હતા.

૧૫ ફેબ્રુઆરી, શનિવારે પણ ૧૧૬ ભારતીયોને લઈને અમેરિકન ઍરફૉર્સનું બીજું વિમાન મોડી રાત્રે અમૃતસર ઍરપૉર્ટ પર લેન્ડ થયું હતું. જેમાં ૮ લોકો ગુજરાતના હતા. પરત ફરેલા લોકોના પરિવારજનોએ મીડિયા સામે કશું જ બોલવાનો ઈનકાર કરી દીધો હતો. કેટલાક લોકોએ કહ્યું હતું કે, તેમનાં સગાં અમેરિકા કેવી રીતે પહોંચ્યા તેની કોઈ ખબર નથી.

# ગુજરાતમાં શહેરી જનસુખાકારીનાં વિકાસકામો માટે ₹ ૫૩૭.૨૧ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યનાં શહેરો અને મહાનગરોમાં નાગરિકોનાં જીવનધોરણને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક મોટો નિર્ણય લીધો હતો. શહેરી જનસુખાકારીનાં વિવિધ વિકાસકામો માટે એક જ દિવસમાં એકસાથે કુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. આ નાણાં સ્વર્ણિમ જયંતી મુખ્ય પ્રધાન શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન દ્વારા મંજૂર કરાયેલા આ ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ, આંતર માળખાકીય સુવિધાઓ, માર્ગ મરામત, પાણી પુરવઠા પાઇપલાઇન, મુખ્ય પ્રધાન શહેરી સડક યોજના અને શહેરી બસ પરિવહન યોજના જેવાં મહત્ત્વપૂર્ણ કામો માટે કરવામાં આવશે. આ વિકાસ કાર્યોથી શહેરીજનોના જીવનમાં નોંધપાત્ર સુધારો થશે અને શહેરોની માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે.

અમદાવાદ શહેરને મુખ્ય પ્રધાન શહેરી બસ પરિવહન યોજના હેઠળ નવી ૨૬૭ ઇલેક્ટ્રિક બસ અને ૭ ઇલેક્ટ્રિક ડબલ ડેકર બસ ખરીદવા માટે રૂા. ૫૮.૪૭ કરોડનું અનુદાન મળશે. આ ઉપરાંત, અમદાવાદ સહિત ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્ય પ્રધાન શહેરી વિકાસ યોજના હેઠળ જનસુખાકારીનાં કામો માટે કુલ રૂા. ૩૦૯.૭૨ કરોડ ફાળવવામાં આવ્યાં હતાં. જેમાં, ગાંધીનગર મહાનગરપાલિકાને ખાનગી સોસાયટી જનભાગીદારીનાં ૧૦ કામો માટે રૂા.૩.૯૮ કરોડ અને ભાવનગર મહાનગરપાલિકાને ડ્રેનેજ નેટવર્ક, પાણી પુરવઠો, રોડ અને સ્ટ્રીટ લાઈટના આંતરમાળખાકીય સુવિધાનાં કામો માટે રૂા. ૩૫ કરોડ મળશે. રાજકોટ મહાનગરપાલિકાને રાજકોટ-જેતપુર માર્ગને ફોર લેનથી સિક્સ લેનમાં રૂપાંતરિત કરવાની કામગીરી માટે પાણી પુરવઠા પાઇપલાઇન ખસેડવાનાં કામો માટે રૂા. ૨૧૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સુંદર બનાવવા અને સફાઈ કામગીરી સુધારવા માટે રૂા. ૧૩.૩૫ કરોડ અને વહીવટી ક્ષમતા વધારવાનાં કામો માટે રૂા. ૧૧.૬૯ કરોડ, એમ કુલ મળીને ૨૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા.

દ્વારકા નગરપાલિકાને મુખ્ય પ્રધાન શહેરી સડક યોજના અંતર્ગત રૂા. ૧૩૧.૭૬ કરોડ ફાળવવામાં આવશે. આ ભંડોળનો ઉપયોગ દ્વારકા શહેરથી નેશનલ હાઈવે સુધી નવો ફોર લેન રોડ બનાવવા માટે થશે, જેમાં વરસાદી પાણીનો નિકાલ, ફૂટપાથ અને સાઇકલ ટ્રેક જેવી સુવિધાઓ પણ હશે. વધુમાં, દ્વારકામાં રુક્મિણી માતા મંદિર પાસેથી બાયપાસ રિંગ રોડ પણ બનાવવામાં આવશે. આ વિકાસકાર્યોથી દ્વારકાધીશના દર્શનાર્થે આવતા યાત્રિકો, બેટ દ્વારકા, નાગેશ્વર અને શિવરાજપુર જેવાં પ્રવાસન સ્થળોની મુલાકાતે આવતા પ્રવાસીઓને ટ્રાફિક સમસ્યામાંથી રાહત મળશે.

અન્ય નગરપાલિકાઓ: વિસનગર, પાલનપુર, ટંકારા, કેશોદ, સિદ્ધપુર અને માંડવી નગરપાલિકાઓને પણ વિવિધ વિકાસ કામો માટે કુલ રૂા. ૭૦.૪૮ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જેમાં વિસનગરને સી.સી. રોડ અને પેવર બ્લોક માટે રૂા. ૧.૫૨ કરોડ, પાલનપુરને ગટર લાઈનનાં કામો અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ માટે રૂા. ૫૫.૮૬ કરોડ, સિદ્ધપુરને વોટર વર્ક્સ અને ડ્રેનેજ હાઉસ માટે પમ્પિંગ મશીનરી માટે રૂા. ૩.૫૬ કરોડ, ટંકારાને સી.સી. રોડ બનાવવા માટે રૂા. ૧.૯૧ કરોડ અને કેશોદને રૂા. ૫.૯૯ કરોડ ફાળવવામાં આવ્યા હતા. માંડવી નગરપાલિકાને ચોમાસામાં નુકસાન પામેલા રસ્તાઓના રિસરફેસિંગ માટે રૂા. ૧.૭૦ કરોડની વધારાની ગ્રાન્ટ આપવામાં આવી હતી.

# આધાર-પાન કાર્ડ નહીં, જન્મ પ્રમાણપત્રમાં નોંધાયેલી જન્મતારીખ જ માન્ય: ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટે જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે ફેંસલો સંભળાવતાં કહ્યું હતું કે, આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઇવિંગ લાઇસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલી જન્મ તારીખ સંપૂર્ણ માન્ય રહેશે નહીં. જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલી જન્મ તારીખ જ સાચી તારીખ માની શકાય, જન્મ-મરણની નોંધણીના રજિસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય તારીખ ગણાશે.

ગુજરાત હાઈકોર્ટના જણાવ્યાનુસાર, જન્મ-મરણની નોંધણીના રજિસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય ગણાશે. જોકે, અન્ય પુરાવાઓમાં લખેલી તારીખો ફૉર્મ ભરનાર વ્યક્તિ ભરે છે, પરંતુ હૉસ્પિટલના રેકર્ડ પ્રમાણે જન્મની નોંધણીમાં નોંધાયેલી તારીખ એ જ સાચી તારીખ ગણી શકાય. જોકે આ વાત સાચી પણ છે. હૉસ્પિટલો દ્વારા આપવામાં આવેલી જન્મ તારીખ જ માન્ય ગણાય બીજા ડૉક્યુમેન્ટમાં સુધારાવધારા થયા હોય તેવી સંભાવનાઓ હોઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જન્મના પ્રમાણપત્રમાં તારીખ સુધારા માટેની અરજી ફગાવતાં હાઈ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. જન્મ તારીખના સુધારા અંગે જન્મ-મરણ રજિસ્ટ્રારની સત્તાઓ વિશે પણ ચુકાદામાં અવલોકન કરવામાં આવ્યું હતું. હાઈ કોર્ટના આ હુકમની દૂરોગામી અસર થશે.

# ગુજરાતમાં તાપમાનમાં વધારો, ઠંડીનું પ્રમાણ ઘટ્યું: મિશ્ર ઋતુથી ગરમીનો પારો ચાર ડિગ્રી વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હાલ શિયાળા અને ઉનાળાની મોસમ સાથે ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. સવારે અને રાત્રે ઠંડક અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, મિશ્ર ઋતુથી ગરમીનો પારો ત્રણથી ચાર ડિગ્રી વધ્યો છે. પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે સવારે હળવી ઠંડીનો અહેસાસ થાય છે અને બપોરના સમયે સૂકું હવામાન જોવા મળે છે.

આ મિક્સ હવાના કારણે મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્યથી ઉપર નોંધાયું હતું. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીને વટાવી ગયું હતું. જ્યારે ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીને પાર ગયું હતું. આગામી સાત દિવસ ગુજરાતમાં તાપમાન અંગે હવામાન વિભાગે આગાહી કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ.કે. દાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ હવામાન શુષ્ક રહેશે. આગામી પાંચ દિવસ સુધી લઘુતમ અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ તાપમાન ધીરે ધીરે ઊંચું જશે.

હવામાન વિભાગે આપેલા આંકડા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં પોરબંદર ૧૫.૫ ડિગ્રી સાથે સૌથી ઠંડો જિલ્લો રહ્યો હતો. આ સાથે નલિયામાં હવામાન ૧૬ ડિગ્રીને પાર પહોંચ્યું હતું. આ ઉપરાંત રાજકોટમાં ૧૯, ભાવનગરમાં ૧૯.૭, ડીસામાં ૧૮.૨, ગાંધીનગરમાં ૧૭.૫, અમદાવાદમાં ૧૯.૨, વડોદરામાં ૧૭.૬, સુરતમાં ૧૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મહત્તમ તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં ૩૪ ડિગ્રી અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૪.૫ જ્યારે રાજ્યમાં સૌથી વધુ ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું.

# ઠંડીમાં ઘટાડો થતાં ગુજરાતની વીજમાગમાં ૧૧ ટકાનો વધારો: ફેબ્રુઆરીમાં ૨૩૬૦૦ મેગાવોટને વટાવી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં તાપમાનમાં વધારો થતાં રાજ્યની વીજમાગમાં મોટો વધારો નોંધાયો હતો. ગત વર્ષની સરખામણીએ ચાલુ ફેબ્રુઆરી માસમાં જ વીજમાગમાં ૧૧ ટકાથી વધુનો વધારો થયો હતો. ઠંડીની અસર ઘટતાં જ લોકોના ઘરમાં પંખા અને એસી સહિતનાં ઉપકરણોનો ઉપયોગ વધતાં વીજ માગ વધી હતી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાલુ મહિનામાં વીજ ડીમાન્ડ ૨૩૬૩૩ મેગાવોટ પર પહોંચી ગઈ છે. જે ફેબ્રુઆરી ૨૦૨૪ના ૨૧૨૪૮ મેગાવોટ હતી જે ગત વર્ષ કરતાં ૧૧.૨૨ ટકાનો વધારો સૂચવે છે. ૨૦૨૩ના ફેબ્રુઆરીમાં ૫૯૧૮૫ તથા ૨૦૨૨માં ૧૭૩૭૪ હતી. એપ્રિલ અને મે મહિનાના દિવસોમાં વીજ ડીમાન્ડ કયા સ્તરે પહોંચશે તે એક સવાલ છે.

બીજી તરફ ઘર વપરાશની વીજળીની ડીમાન્ડમાં મોટો વધારો અપેક્ષિત છે. કારણ કે ફ્રીજ-એસી વગેરેનો વપરાશ વધી જશે. તાપમાનમાં હવે ઉત્તરોત્તર વધારો થવાનું સ્પષ્ટ છે. અત્યાર સુધી અમદાવાદ જેવાં શહેરોમાં જ એસીનું ચલણ વધુ હતું, પરંતુ હવે તે ગામડાઓ સુધી પહોંચી ગયું છે. છેલ્લા એક વર્ષમાં સૌર ઊર્જાને ઘણું પ્રોત્સાહન મળ્યું છે એટલે આંશિક રાહત મળી શકશે.

# ગુજરાતની જીએમઈઆરએસ સંલગ્ન સાત હૉસ્પિટલમાં અત્યાધુનિક હાઇ એન્ડ માઈક્રોસ્કોપ ઉપલબ્ધ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગની સેવાઓને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. રાજ્યની ૭ જીએમઈઆરએસ સંલગ્ન હૉસ્પિટલમાં અત્યાધુનિક નવીન હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

અંદાજિત રૂા. ૭ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવેલ આ હાઇ-એન્ડ માઇક્રોસ્કોપ દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. આ માઈક્રોસ્કોપના પ્રત્યેક યુનિટની કિંમત આશરે ૧ કરોડ રૂપિયા છે. અમદાવાદની સોલા, ગાંધીનગર, વડોદરાની ગોત્રી, પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની જીએમઈઆરએસ મેડિકલ હૉસ્પિટલને આ આધુનિક ઉપકરણ મળ્યું છે.

આ માઈક્રોસ્કોપ દ્વારા જીએમઈઆરએસ મેડિકલ હૉસ્પિટલને 'સેન્ટર ઑફ એક્સેલન્સ' તરીકે વિકસાવવાની દિશામાં પ્રેરણા મળશે. આ સુવિધાથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, છોટા ઉદેપુર, મહિસાગર, જૂનાગઢ, વલસાડ, નવસારી, ડાંગ, ગીર-સોમનાથ, અમરેલી જિલ્લાનાં આશરે ૪ હજારથી વધુ ગામોને આરોગ્યલાભ મળશે.

# ગોરધન ઝડફિયાની ટકોરને અલ્પેશ કથીરિયાનું સમર્થન: પીળું પીણું રખાતું હોય ત્યાં દીકરી ના આપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં એક પાટીદાર સમાજની મહિલા પોલીસકર્મીએ સમાજના લોકોને નશો છોડવા માટે અપીલ કરી હતી. ત્યાર બાદ પાટીદાર સમાજના આગેવાન અને ભાજપના દિગ્ગજ નેતા ગોરધન ઝડફિયાએ કહ્યું હતું કે, સમાજના લોકો પોતાના ઘરમાં પીળું પાણી રાખતા હોય તો તેને બંધ કરી દો. આ નિવેદન બાદ પાટીદાર સમાજના વિવિધ આગેવાનોએ તેને સમર્થન આપ્યું હતું. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અને પાટીદાર સમાજના યુવા આગેવાન અલ્પેશ કથીરિયાએ આ નિવેદનને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, નશો કરનાર લોકના ઘરે દીકરી ના આપવી જોઈએ. સુખ-દુઃખના પ્રસંગોમાં પણ આવા લોકોને આમંત્રણ નહીં પાઠવવું જોઈએ. છેલ્લા પાંચેક દિવસથી સમાજમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે અને ચિંતન પણ થઈ રહ્યું છે. આવા લોકોને સમાજમાંથી દૂર કરવા જોઈએ અને તેમને સ્થાન ન આપવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ગોરધનભાઈ જાહેર જીવનની વ્યક્તિ છે. તેમણે જે ટકોર કરી છે તે બાબતે સ્પષ્ટ માનવું જોઈએ કે જે પણ ઘરમાં પીળું પાણી વધી રહ્યું હોય ત્યાં માતા-બહેનો દુ:ખી હોય. ગોરધનભાઈની ટકોરને સમાજે ગંભીરતાથી લેવી જોઈએ. આવા પરિવારમાં જે કોઈ વ્યક્તિ વ્યસન કરે છે તેનો બહિષ્કાર થવો જોઈએ.

# અમદાવાદમાં શીલજ કેનાલ રોડ પર ભયંકર અકસ્માતમાં વધુ બેનાં મોત

અમદાવાદ: શહેરમાં વધી રહેલા તેજ રફ્તારના આતંકે વધુ બે યુવકોના જીવ લીધા હતા. શીલજ કેનાલ રોડ પર રવિવારે મોડી રાત્રે આર્ટિગા કાર અને મોટરસાઇકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે યુવકો મૃત્યુ પામ્યા હતા. ગાંધીનગરના કલોલના નાંદોલી ગામનો રહેવાસી વિશાલ દશરથજી ઠાકોર અને ડભોડા ગામના રહેવાસી ભગાજી કાળાજી ઠાકોર મોટરસાઇકલ પર નાંદોલીથી સાણંદ તાલુકાના સાયલા ગામ ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા. રવિવારે રાત્રે તેઓ પરત આવી રહ્યા હતા ત્યારે શીલજ કેનાલ રોડ પર એક કારચાલકે તેમની બાઇકને ટક્કર મારી હતી. જેના કારણે બંનેને શરીરના ભાગે ગંભીર ઇજા થઈ હતી.જેથી બંનેને સારવાર માટે નજીકની હેલ્થ વન હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે બંનેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવની જાણ થતાં બોપલ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને આરોપી કારચાલકને તાત્કાલિક ઝડપી લીધો હતો. જેનું નામ શૈલેષભાઈ ભીખાભાઈ પટેલ છે, જે સાણંદના મોડાસર ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

# છોટા ઉદેપુરમાં ડાંગરના કટ્ટાની આડમાં લઈ જવાતો ૧૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગર્સ ગેરકાયદેસર રીતે અવનવા કીમિયા કરીને રાજ્યમાં દારૂ ઘુસાડતા રહે છે, દારૂ ઝડપાવાના દરેક કેસમાં બુલટેગર અલગ પ્રકારની મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરતાં જોવા મળે છે. જેમ કે છોટાઉદેપુરમાંથી ૧૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો છે. એલસીબીએ ટ્રકમાં ડાંગરના કટ્ટાની આડમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો હતો. છોટા ઉદેપુર જિલ્લા એલસીબીએ એક ટ્રકમાં ડાંગરના કટ્ટાની આડમાં સંતાડીને લઈ જવાતો રૂા.૧૩,૭૭,૭૫૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જિલ્લા એલસીબીએ ટ્રકમાં ડાંગરના કટ્ટાની આડમાં સંતાડેલી વિદેશી દારૂની ૧૦૨૫૦ બોટલ ઝડપી પાડી હતી. વિદેશી દારૂ, ટ્રક અને ડાંગરના કટ્ટા સહિત કુલ રૂા. ૨૦,૮૩,૦૫૦ના મુદ્દામાલ સાથે એક શખસને ઝડપી પાડ્યો છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

૨૦૩ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 41 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 February 2025,Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




એક બાજુ બૅન્ક ફડચામાં જાય છે, ત્યારે...

# સહકારી બૅન્કોમાં ‘સબ સલામત’ હોવાનો નાણાં મંત્રાલયનો દાવો

## બૅન્કના ડિપોઝિટરની થાપણ સામેના વીમા કવચની મર્યાદા રૂપિયા પાંચ લાખથી વધારવા અંગે વિચારણા

નિલેશ વાઘેલા

મુંબઇઃ દેશની સહકારી બેન્કો સલામત છે અને રિઝર્વ બેન્કના નિયમન હેઠળ વ્યવસ્થિત કામ કરી રહી હોવા ઉપરાંત સરકાર બેન્કના ડિપોઝિટરની થાપણ સામેના વીમા કવચની મર્યાદા રૂપિયા પાંચ લાખથી વધારવા અંગે વિચારણા કરી રહ્યું હોવાની માહિતી નાણાં સચિવે આપી છે.

હાલમાં જ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેન્કમાં થયેલા રૂ. ૧૨૨ કરોડના ગોટાળા અને તેને કારણે બેન્ક પર આવી પડેલા પ્રતિબંધોને કારણે બેન્કના થાપણદારોને થઇ રહેલી નુકસાની સંદર્ભે પુછાયેલા પ્રશ્નના જવાબમાં ફાઇનાન્શિયલ સર્વિસિસ ડિપાર્ટમેન્ટના સચિવ એમ નાગરાજુએ કહ્યું કે એકાદ બેન્કના કિસ્સાથી સહકારી બેન્કના સમગ્ર સેકટર સામે સવાલ ઊભો કરવો યોગ્ય નથી. સહકારી બેન્કો પર બેશક ભરોસો કરી શકાય.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદ દરમિયાન તેમણે કહ્યું હતું કે સહકારી બેન્કો હવે રિઝર્વ બેન્કના નિયમન હેઠળ હોવાથી સલામત છે અને નિયમનભંગના મામલામાં રેગ્યુલેટર યથાયોગ્ય પગલાં લે છે. તેમણે એક મહત્ત્વની માહિતી આપતાં જણાવ્યું કે, સરકાર ડિપોઝિટ ઇન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (ડીઆઇસીજીસી) કવરને રૂ. પાંચ લાખથી વધુ વધારવા માટે સક્રિયપણે વિચારણા કરી રહી છે.

જોકે આ કવચની મર્યાદા કેટલી વધારવામાં આવશે અને તેનો નિર્ણય કે અમલ ક્યાં સુધી કરવામાં આવશે, તે અંગે માહિતી આપવાનું તેમણે ટાળ્યું હતું. નોંધવું રહ્યું કે અગાઉ આ વીમા કવચ માત્ર (જુઓ પાનું ૨) ▶▶







## બિહારના જમુઈમાં જૂથ અથડામણ

### ઈન્ટરનેટ સેવા બંધ

નવી દિલ્હી : બિહારના જમુઈમાં એક ધાર્મિક સરઘસ દરમિયાન બે કોમ વચ્ચે અથડામણ થતાં રાજ્ય સરકારે ૧૮મી ફેબ્રુઆરી સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરી હતી, એવી માહિતી એક અધિકારીએ આપી હતી. રવિવારે આ અથડામણમાં ત્રણ જણ ઘાયલ થયા હતા અને આ સંબંધમાં નવ જણની ધરપકડ કરવામાં આવી હતી, એવી માહિતી જમુઈ જિલ્લા મેજિસ્ટ્રેટ અભિલાષા શર્માએ આપી હતી.

તેમણે કહ્યું હતું કે ફરજમાં બેદરકારી દાખવવા બદલ એક પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

અધિકારીએ કહ્યું હતું કે પરિસ્થિતિ વધુ તંગ ન બને એ માટે જિલ્લા પોલીસે ઝાજામાં ફ્લેગ માર્ચ કરી હતી. ૫૦-૬૦ અજ્ઞાત ઈસમ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

અભિલાષાએ કહ્યું હતું કે રવિવાર જાઝામાં એક ધાર્મિક સરઘસ દરમિયાન બન્ને કોમના સભ્યો વચ્ચે અથડામણ થઈ હતી. બન્ને કોમના સભ્યોએ પથ્થરમારો કર્યો હતો અને આમાં ત્રણ જણને ઈજા થઈ હતી. પોલીસે તત્કાળ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. બધા ઈજાગ્રસ્તોને નજીકની સરકારી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમની સ્થિતિ ભયમુક્ત છે.પરિસ્થિતિ હવે સંપૂર્ણપણે કાબૂમાં છે. એક પોલીસને ફરજચૂક માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. કેસ નોંધવામાં આવ્યો છે. ■

મહારાષ્ટ્ર જેવું જ સસ્પેન્સ

# દિલ્હીમાં શપથગ્રહણની તારીખ નક્કી થઈ ગઈ, પણ શપથ કોણ લેશે તે મામલે મૌન

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો જંગી વિજય થયો છે. હાલ મુખ્ય પ્રધાનના નામ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, ટૂંક સમયમાં આ અંગે જાહેરાત કરવામાં આવી શકે છે, પરંતુ એ પહેલા નવા મુખ્ય પ્રધાનના શપથગ્રહણ સમારોહની તારીખ જાહેર કરવામાં આવી છે. અહેવાલ મુજબ શપથ ગ્રહણ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ વાગ્યે યોજાશે. આ સમારોહ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાશે.

અહેવાલમાં જણાવ્યા મુજબ, શપથ ગ્રહણ સમારોહ માટે ત્રણ સ્ટેજ બનાવવામાં આવશે. સમારોહમાં એક મોટું સ્ટેજ હશે જેની સાઈઝ ૪૦ બાય ૪ ફૂટ હશે, જ્યારે બે સ્ટેજ ૩૪ બાય ૪૦ ફૂટ હશે. સ્ટેજ પર લગભગ ૧૦૦ થી ૧૫૦ ખુરશીઓ લગાવવામાં આવશે, જ્યારે લોકોને બેસવા માટે લગભગ ૩૦ હજાર ખુરશીઓ લગાવવામાં આવશે.

તારીખ, સમય અને સ્થળ અંગેની માહિતી (જુઓ પાનું ૨) ▶▶

# દિલ્હીમાં સોમવારે સવારે હળવો ધરતીકંપ

નવી દિલ્હીઃ સોમવારે વહેલી સવારે દિલ્હીમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર ભૂકંપની તીવ્રતા ૪.૦ હતી. મળતી માહિતી અનુસાર આ ભૂકંપનું કેન્દ્ર ધૌલા કુઆ વિસ્તારમાં આવેલી દુર્ગાભાઇ દેશમુખ કૉલેજ ઑફ સ્પેશિયલ એજ્યુકેશન પાસે હતું. સવારે ૫ કલાક અને ૩૬ મિનિટે આવેલા આ ભૂકંપનું કેન્દ્ર પાંચ કિલોમીટરની ઊંડાઇએ હતું. સદ્‌નસીબે આ ભૂકંપમાં કોઈ જાનહાનિના સમાચાર જાણવા મળ્યા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂકંપનું (જુઓ પાનું ૨) ▶▶






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિલ્હીમાં ભાજપ માટે વૈકુંઠ નાનું ને ભગતડાં ઝાઝાં

**દિલ્હી** વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી એ વાતને ૧૦ દિવસ થઈ ગયા છતાં ભાજપ હજુ મુખ્ય પ્રધાનનું નામ નક્કી નથી કરી શક્યો. ભાજપે દિલ્હીના નવા મુખ્ય પ્રધાનનું નામ નક્કી કરવા માટે સોમવારે વિધાનસભા પક્ષની બેઠક બોલાવી હતી, પણ સોમવારે સવારે જાહેરાત કરાઈ કે, આ બેઠક મુલતવી રાખવામાં આવી છે. ભાજપે કરેલી જાહેરાત પ્રમાણે, હવે ધારાસભ્ય પક્ષની બેઠક ૧૯ ફેબ્રુઆરીએ યોજાશે અને નવા મુખ્ય પ્રધાનની શપથવિધિ ૨૦ ફેબ્રુઆરીએ થઈ શકે છે. ૨૦ ફેબ્રુઆરીએ જ શપથવિધિ થશે એ નક્કી નથી, પણ ૨૦મીએ શપથવિધિ થઈ શકે છે. આ વાત એટલા માટે કરી કે, ભાજપના નેતા પહેલાં એમ કહેતા હતા કે, નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને અમેરિકાની યાત્રાએથી પાછા ફરે એટલે તરત મુખ્ય પ્રધાનના નામની પસંદગી કરી દેવાશે. મોદી અમેરિકાથી પાછા ફર્યા એ વાતને પણ પાંચ દિવસ થઈ ગયા છતાં ભાજપ હજુ અટવાયા કરે છે.

ભાજપ ક્યારે મુખ્ય પ્રધાન નક્કી કરશે એ ખબર નથી, પણ જે રીતે વિલંબ થઈ રહ્યો છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપમાં હવે પહેલાં જેવી સ્થિતિ નથી અને ફટાફટ નિર્ણયો નથી લેવાતા. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી ધડાધડ નિર્ણયો લઈ લેવાતા હતા અને કોઈને પૂછ્યા વિના જ બારોબાર મુખ્ય પ્રધાનનાં નામ જાહેર કરી દેવાતાં હતાં. જેમનાં કોઈએ નામ પણ નહોતાં સાંભળ્યાં એવા મનોહરલાલ ખટ્ટર આ રીતે જ હરિયાણાના મુખ્ય પ્રધાન બની ગયેલા ને ગોવામાં પ્રમોદ સાવંતને પણ આ રીતે જ લોટરી લાગી ગઈ હતી.

છેલ્લાં કેટલાંક વરસોમાં સ્થિતિ બદલાઈ છે અને ભાજપ મુખ્ય પ્રધાનોનાં નામ નક્કી કરવા માટે મહિનો પણ કાઢી નાખે છે. ૨૦૨૩ના અંતમાં મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં મુખ્ય પ્રધાનની પસંદગી કરવાની હતી ત્યારે એવું જ થયેલું. આ વરસે મહારાષ્ટ્રમાં પણ એ જ સ્થિતિ સર્જાયેલી ને માંડ માંડ દેવેન્દ્ર ફડણવીસના નામ પર સર્વસંમતિ થઈ શકી હતી. દિલ્હીના મામલે પણ અત્યારે એ સ્થિતિ જ છે ને તેનો અર્થ સ્પષ્ટ છે કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહની ભાજપ પરની પકડ ઢીલી પડી છે.

પહેલાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ કોઈનું પણ સાંભળ્યા વિના ગમે તેના નામ પર આંગળી મૂકી દેતા, પણ હવે એવું કરી શકાય તેમ નથી. તેનું કારણ ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)નું દબાણ છે કે પછી પક્ષમાં જ નરેન્દ્ર મોદી અને અમિત શાહ સામે અવાજ ઊઠવા માંડ્યા છે તેની તેમને જ ખબર, પણ હવે એકતરફી નિર્ણયો નથી લઈ શકાતા એ સ્પષ્ટ છે. લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ના મળી તેથી નરેન્દ્ર મોદી અને અમિત શાહનો આત્મવિશ્વાસ ડગી ગયો હોય ને બંને ફૂંકી ફૂંકીને આગળ વધતાં હોય એવું પણ બને. બાકી દિલ્હીમાં તો સ્થિતિ બિલકુલ ભાજપની તરફેણમાં જ છે. ભાજપ ૭૦માંથી ૪૮ બેઠકો જીતીને ૨૬ વર્ષ પછી સત્તામાં પરત ફર્યો છે અને બે તૃતીયાંશ કરતાં વધારે બેઠકો જીત્યો છે. ભાજપે ૭૦ ટકા બેઠકો જીતીને સંપૂર્ણ બહુમતી હાંસલ કરી છે. આ સંજોગોમાં ભાજપ માટે કોઈને નહીં સાચવીશું તો નારાજ થઈ જશે એ પ્રકારનો ખતરો પણ નથી. એ છતાં ભાજપ ઝડપથી નિર્ણય નથી લઈ શકતો એ આશ્ચર્યજક કહેવાય.

દિલ્હીમાં ભાજપને એક સમસ્યા એ પણ નડી રહી છે કે, વૈકુંઠ નાનું છે ને ભગતડાં ઝાઝાં છે. દિલ્હી કેબિનેટમાં મુખ્ય પ્રધાન સહિત વધુમાં વધુ ૭ પ્રધાનોને સમાવી શકાય તેમ છે ત્યારે ભાજપમાં તો મુખ્ય પ્રધાનપદના દાવેદાર જ સાતથી વધારે તો છે. સુષ્મા સ્વરાજનાં પુત્રી બાંસુરી પહેલી વાર સાંસદ બન્યાં છે ને એ પણ મેદાનમાં છે તો જૂના જોગી મનોજ તિવારી પણ મેદાનમાં છે. આ બંનેનાં પત્તાં કાપવા માટે ભાજપપ્રમુખ જેપી નડ્ડાએ પહેલાંથી જ સ્પષ્ટતા કરી દેવી પડી કે, દિલ્હીના નવા મુખ્ય પ્રધાન ચૂંટાયેલા ધારાસભ્યોમાંથી જ કોઈ બનશે. નડ્ડાની સ્પષ્ટતા પછી પણ હાલત તો એ જ છે. મતલબ કે, વૈકુંઠ નાનું છે ને ભગતડાં ઝાઝાં છે.

ભાજપમાં અત્યારે બે પ્રબળ દાવેદારો પ્રવેશ વર્મા અને વિજેન્દર ગુપ્તા છે. પ્રવેશ વર્મા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સાહિબ સિંહ વર્માના પુત્ર છે. જાટ સમુદાયના પ્રવેશ વર્માએ નવી દિલ્હી બેઠક પરથી ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને ૪૦૯૯ મતોથી હરાવ્યા હતા. પ્રવેશ વર્મા બે વાર પશ્ચિમ દિલ્હીથી સાંસદ પણ રહી ચૂક્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રવેશ વર્માએ દિલ્હીના ઇતિહાસમાં સૌથી મોટી એવી ૫.૭૮ લાખ મતોના માર્જિનથી જીત મેળવી હતી. બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા પ્રવેશ વર્માને દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડાવવા માટે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટિકિટ નહોતી આપવામાં આવી એ જોતાં વર્મા પ્રબળ દાવેદાર છે. ગ્રામીણ દિલ્હી પર કબજો જાળવવામાં પ્રવેશ ચાવીરૂપ છે તેથી તેમની પ્રબળ શક્યતા છે.

બીજા પ્રબળ દાવેદાર વિજેન્દ્ર ગુપ્તા છે. વિદ્યાર્થી નેતા તરીકે પોતાની રાજકીય પોતાની કારકિર્દી શરૂ કરનાર વિજેન્દ્ર ગુપ્તા ત્રીજી વખત ધારાસભ્ય બન્યા છે. દિલ્હી યુનિવર્સિટીના ઉપપ્રમુખ રહેલા વિજેન્દ્ર મ્યુનિસિપલ કાઉન્સિલરથી માંડીને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુધીના હોદ્દા ભોગવ્યા છે. ત્રણ વખત રોહિણી વોર્ડના કાઉન્સિલર રહી ચૂકેલા ગુપ્તા ૨૦૧૫માં ભાજપ માત્ર ત્રણ બેઠકો જીતી શક્યું ત્યારે પણ રોહિણી બેઠક પરથી જીતીને ધારાસભ્ય બન્યા હતા. ૨૦૨૦માં ભાજપ માત્ર ૮ બેઠકો જીતી શક્યું ત્યારે પણ વિજેન્દ્ર જીત્યા હતા. વિજેન્દ્ર દિલ્હી ભાજપના પ્રમુખ પણ રહી ચૂક્યા છે અને ભાજપને દિલ્હીમાં મજબૂત બનાવવામાં તેમનું મોટું યોગદાન છે. વેપારીઓ પર પકડ ધરાવતા ગુપ્તાની ભાજપ સંગઠનની સાથે સંઘમાં પણ મજબૂત પકડ છે. આ કારણે વિજેન્દ્ર મુખ્ય પ્રધાનપદની રેસમાં સૌથી આગળ હોવાનું કહેવાય છે.

આ સિવાય બીજાં પણ નામો ચર્ચામાં છે. મહિલા નેતા શિખા રાયનું નામ પણ ચર્ચામાં છે. શિખા રાય ગ્રેટર કૈલાશ-૧ વોર્ડમાંથી બીજી વખત મ્યુનિસિપલ કાઉન્સિલર બન્યાં છે. આ ચૂંટણીમાં આપના દિગ્ગજ નેતા અને કેબિનેટ પ્રધાન સૌરભ ભારદ્વાજને લગભગ ૩ હજાર મતોથી હરાવનારાં શિખા વ્યવસાયે વકીલ છે. હાલમાં, ભાજપ કે એનડીએ શાસિત કોઈ પણ રાજ્યમાં કોઈ મહિલા મુખ્ય પ્રધાન નથી તેથી ભાજપ શિખા રાયને તક આપી શકે છે. દિલ્હી ભાજપના ઉપાધ્યક્ષ રાજકુમાર ભાટિયા પણ રેસમાં છે. સંઘ અને સંગઠનમાં પ્રભાવ ધરાવતા રાજકુમાર ઝૂંપડપટ્ટી અભિયાનમાં ખૂબ સક્રિય હતા ને તેનો ભાજપને ફાયદો મળ્યો છે. પંજાબી દલિત સમુદાયમાંથી આવતા રવિન્દ્ર ઈન્દ્રરાજ સિંહ પહેલીવાર ધારાસભ્ય બન્યા છે. હાલમાં દેશમાં એક પણ દલિત મુખ્ય પ્રધાન નથી. ભાજપે મધ્યપ્રદેશમાં એક ઓબીસીને, છત્તીસગઢ અને ઓડિશામાં એક આદિવાસી અને મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં બ્રાહ્મણને મુખ્ય પ્રધાન બનાવ્યા છે તેથી હવે દલિત નેતાને મુખ્ય પ્રધાન બનાવી શકે છે. ભાજપ પાસે વિકલ્પો ઘણા છે ને કોના પર કળશ ઢોળાય છે એ જોવાનું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ/ સૌર વસંતઋતુ પ્રારંભ, મંગળવાર, તા. ૧૮-૨-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૯, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૫ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૭, રાત્રે ક. ૨૧-૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર,માઘ કૃષ્ણ – ષષ્ઠી. ષષ્ઠી વૃદ્ધિતિથિ છે. સૂર્ય સાયન મીનમાં બપોરે ક. ૧૫-૩૮, સૌર વસંતઋતુ પ્રારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મહાવીર હનુમાનનું પૂજન, વાયુ દેવતાનું પૂજન, મંગળ-રાહુ ગ્રહ દેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મહેંદી લગાવવી, માલ લેવો, નિત્ય થતાં દુકાન, વેપાર, પશુ-લે વેચનાં કામ કાજ, વૃક્ષ રોપવાં, ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું,
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ચપળ મન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પીએમ મોદીના વડપણ હેઠળની પેનલે ભાવિ સીઈસીના નામની રાષ્ટ્રપતિને ભલામણ કરી

નવી દિલ્હીઃવડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી પેનલની બેઠકમાં ભાવિ ચીફ ઈલેક્શન કમિશનર (સીઈસી)નું નામ નક્કી કરવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર પેનલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને નવા સીઈસીના નામની ભલામણ કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહ, વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આ પેનલનો હિસ્સો હતા.

સરકારી અસૂત્રોના જણાવ્યાનુસાર નવા સીઈસીના નામની જાહેરાત કરતું જાહેરનામું આગામી થોડા કલાકમાં જ બહાર પાડવામાં આવશે. વિદાય લઈ રહેલા સીઈસી રાજીવકુમાર મંગળવારે ૬૫ વર્ષની ઉંમરે હોદ્દો છોડી દેશે. સુપ્રીમ કોર્ટ ૧૯ ફેબ્રુઆરીએ સિલેક્શન પેનલના બંધારણ અંગેની અરજીની સુનાવણી હાથ ધરે ત્યાં સુધી નવા સીઈસીની પસંદગી માટેની બેઠક મોકૂફ રાખવા કૉંગ્રેસે સોમવારે સરકારને જણાવ્યું હતું.

ત્રણ સભ્યની પસંદગીની સમિતિની બેઠક પૂરી થયાના તુરંત બાદ કૉંગ્રેસે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. (એજન્સી)

## પ્લેસિસ ઑફ વર્શિપ ઍક્ટ સંબંધિત અરજીઓની સુનાવણી એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં કરાશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ પ્લેસિસ ઑફ વર્શિપ ઍક્ટ (સ્પેશિયલ પ્રોવિઝન) સંબંધિત અરજીઓની સુનાવણી એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં કરાશે, એમ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમારની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠ આ અરજીઓની સુનાવણી કરશે.

અગાઉ કોર્ટે સોમવારે સવારે પ્લેસિસ ઑફ વર્શિપ ઍક્ટ ૧૯૯૧ની માન્ય અંગે દાખલ કરવામાં આવેલી નવી અરજીઓ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

પ્લેસિસ ઑફ વર્શિપ ઍક્ટ વર્ષ ૧૯૪૭ની ૧૫ ઑગસ્ટ અગાઉના ધાર્મિક સ્થળનું જે તે સ્ટેટસ જાળવી રાખવાનું ફરજીયાત બનાવે છે.

વરિષ્ઠ વકીલ ઈંદિરા જયસિંહે સોમવારે સુનાવણી દરમિયાન દાખલ કરેલી નવી અરજીઓ અંગે જણાવતાં મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે આ તમામ અરજીઓની સુનાવણી અમે આજે હાથ નહીં ધરી શકીએ.

અરજીઓ દાખલ કરવાની પણ કોઈ મર્યાદા હોય છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ તમામ અરજીઓની સુનાવણી અમે આજે હાથ નહીં ધરી શકીએ.

૧૨, ડિસેમ્બર ૨૦૨૪ના આપેલા આદેશમાં સુપ્રીમ કોર્ટે વારાણસીસ્થિત જ્ઞાનવાપી મસ્જિદ-વારાણસી, શાહી ઈદગાહ મસ્જિદ-મથુરા અને શાહી જામા મસ્જિદ-સંભલ સહિત વિવિધ ૧૦ ધાર્મિક સ્થળની મૂળ ઓળખની ખાતરી કરવાની વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા દાખલ કરવામાં આવેલા ૧૮ કેસની સુનાવણી અટકાવી દીધી હતી અને તમામ અરજીની સુનાવણી માટે ૧૭ ફેબ્રુઆરી મુકરર કરી હતી.

અગાઉ અખિલ ભારતીય સંત સમિતિએ ૧૯૯૧ના કાયદાની જોગવાઈને પડકારતી અરજી કરી આ મામલે દરમિયાનગીરી કરવાની સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી. (એજન્સી)

### ₹ ૫,૮૦૦ કરોડનું સૅન્ડ માઈન કૌભાંડ

## સીબીઆઈ તપાસનો મદ્રાસ હાઈ કોર્ટનો આદેશ

ચેન્નઈઃ તિરુનેલવેલી જિલ્લા, તૂતોકોરિન અને તમિળનાડુના દરિયા કિનારા વિસ્તારને લગતા રૂ. ૫,૮૦૦ કરોડના કથિત સૅન્ડ માઈન કૌભાંડને મામલે સીબીઆઈ તપાસ યોજવાનો મદ્રાસ હાઈ કોર્ટે સોમવારે આદેશ આપ્યો હતો. આ કૌભાંડમાં રાજકારણીઓની સંડોવણી નકારી શકાય એમ ન હોવાનું જણાવી કોર્ટે કૌભાંડને મામલે અધિકારીઓની ભૂમિકાની તપાસ કરવાનો પણ સીબીઆઈને આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ એસ. એમ. સુબ્રમણ્યિમ અને એમ. જ્યોતિરામને કૌભાંડને મામલે ફોજદારી કેસ દાખલ કરી તપાસ યોજવાનો પણ સીબીઆઈને આદેશ આપ્યો હતો. વી. વી. મિનરલ્સ અને અન્ય ૨૯ વિરુદ્ધ સહિતની દાખલ કરવામાં આવેલી જનહિતની અરજીને મામલે કોર્ટે ઉપરોક્ત આદેશ આપ્યો હતો. સમિતિના અહેવાલને ધ્યાન પર લેતાં આ કેસ સીબીઆઈ તપાસ માટે યોગ્ય હોવાનું જણાઈ આવ્યું છે એમ જણાવી કોર્ટે ઉપરોક્ત આદેશ આપ્યો હતો. (એજન્સી)

## મધ્ય પ્રદેશમાં પહેલી એપ્રિલથી શરૂ કરાશે નવા 'લૉ આલ્કોહોલિક બેવરેજ બાર'

ભોપાલઃ નવી એક્સાઈઝ પૉલિસી અંતર્ગત મધ્ય પ્રદેશમાં પહેલી એપ્રિલથી નવા 'લૉ આલ્કોહોલિક બિવરેજ બાર' શરૂ કરાશે અને ૧૭ પવિત્ર શહેર સહિત ૧૯ શહેરમાં 'કમ્પોઝિટ આલ્કોહોલ શૉપ'માં દારૂના વેચાણ પર અંકુશ મુકાશે.

નવા પ્રતિબંધને કારણે ૧૯ સ્થળે એકંદરે ૪૭ જેટલી દારૂની દુકાન બંધ થશે. 'કમ્પોઝિટ આલ્કોહોલ શૉપ'માં ભારતીય બનાવટના વિદેશી દારૂ અને દેશી દારૂનું વેચાણ કરવામાં આવે છે.

જે પવિત્ર સ્થળોએ દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવશે તેમાં ઉજ્જૈન, ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, મંડલેશ્વર, ઓરછા, મૈહર, ચિત્રકૂટ, જાતિયા, અમરકંટક, સાલકાનપુર વગેરેનો સમાવેશ થાય છે.

આ નવા 'બાર'માં 'વૉલ્યૂમ ઑન વૉલ્યૂમ' ધોરણે આલ્કોહોલનું વધુમાં વધુ ૧૦ ટકા પ્રમાણ ધરાવતા બિયર, વાઈન અને રેડી ટૂ ડ્રિન્ક આલ્કોહોલિક બિવરેજ વાપરવાની જ પરવાનગી આપવામાં આવશે.

આ બારમાં દારૂના વેચાણ પર કડક પ્રતિબંધ હશે, એમ સરકાર દ્વારા સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. વર્તમાનમાં મધ્ય પ્રદેશમાં ૪૬૦થી ૪૭૦ લિકર કમ બિયર બાર કાર્યરત છે.

એક્સાઈઝ ખાતાના અધિકારીઓના જણાવ્યાનુસાર સરકારના આ નિર્ણયને કારણે રાજ્યમાં બિયર બારની એકંદર સંખ્યામાં જબરજસ્ત ઉછાળો થશે.

નવી એક્સાઈઝ પૉલિસી જાહેર કરવામાં આવ્યા બાદ દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની મુખ્ય પ્રધાન મોહન યાદવે ૨૩ જાન્યુઆરીએ જાહેરાત કરી હતી. સરકારના આ નિર્ણયને કારણે સરકારની આવકમાં રૂ. ૪૫૦ કરોડનો ઘટાડો થશે.

નવા નિયમમાં લિકર શૉપની રિન્યુઅલ ફીમાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. (એજન્સી)

## ટ્રમ્પની જાહેરાત બાદ એક ઝાટકે ઓઈલની કિંમતોમાં ઘટાડો

વૉશિંગ્ટનઃ રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલું યુદ્ધ હવે પૂરું થઈ શકે છે. ડોનલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી ઈચ્છે છે અને આ માટે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'હું આ મામલે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ મળીશ.' આ મુલાકાત સાઉદી અરબમાં થશે. એવામાં હવે રશિયા અને યુક્રેન વચ્ચે સંભવિત શાંતિ સમજૂતીના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી રહી છે. ટ્રમ્પના ટેરિફની અસર ક્રૂડ ઓઈલની કિંમતો પર પણ પડી રહી છે.

સોમવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨૦ સેન્ટ્સ અથવા ૦.૨% ઘટીને ૭૪.૫૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટી અધિકારીઓએ યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે રશિયા સાથે વાતચીત શરૂ કરી ત્યારથી બ્રેન્ટ ક્રૂડના ભાવ ચાર સત્રોમાં ૩.૧% ઘટ્યા છે

તેમજ અમેરિકાનું વેસ્ટ ટેક્સાસ ક્રૂડ (WTI) સોમવારે ૨૩ સેન્ટ અથવા ૦.૩% ઘટીને ૭૦.૫૧ પ્રતિ બેરલ પર હતું. WTI છેલ્લા ચાર સત્રોમાં ૩.૮% ઘટ્યું છે અને સોમવારે ઘટીને ૭૦.૧૨ પ્રતિ બેરલ થઈ ગયું છે. ૩૦ ડિસેમ્બર પછી WTI માં આ સૌથી મોટો ઘટાડો છે.

૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, યુએસ અને યુરોપીય સંઘે યુક્રેન સાથે યુદ્ધ શરૂ કરવા બદલ રશિયા પર સખત પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં તેની ઓઈલની નિકાસને પણ અસર થઈ હતી. રશિયન ઓઈલ પરના પ્રતિબંધને કારણે, રશિયાના સમુદ્ર દ્વારા ઓઈલની સપ્લાય ઘણી ઓછી થઇ ગઈ હતી.

ભારત વિશ્વમાં ક્રૂડ ઓઈલનો ત્રીજો સૌથી મોટો ઉપભોક્તા છે અને તેની ૮૫%થી વધુ જરૂરિયાતો પૂરી કરવા માટે આયાત પર નિર્ભર છે. આથી રશિયા ભારતનું ટોચનું ક્રૂડ ઓઈલ સપ્લાયર હોવાથી રશિયા અને યુક્રેન વચ્ચેના શાંતિ કરારથી ભારતને ઘણો ફાયદો થવાનો છે.

ડિસેમ્બર ૨૦૨૪માં ભારતની કુલ ક્રૂડ ઓઈલની આયાતમાં રશિયન ઓઈલનો હિસ્સો ૩૧% હતો, જ્યારે નવેમ્બર ૨૦૨૪માં તે ૩૬% હતો. રશિયાના ઓઈલ પર અમેરિકી પ્રતિબંધોને કારણે ભારત રશિયા સાથે ઓઈલના વેપારમાં સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ખરીદેલ ઓઈલના પેમેન્ટની પણ સમસ્યા થતી. પરંતુ જો રશિયા પર લાગેલા પ્રતિબંધો હટાવવામાં આવશે તો ભારતને ફાયદો થશે.

તેમજ ભારતની વિકાસશીલ અર્થવ્યવસ્થા ક્રૂડ ઓઈલ આધારિત છે, જે ઓઈલના ભાવમાં ઘટાડા અને વધારાથી ભારે અસરગ્રસ્ત છે. ઓઈલના ભાવ વધે તો ભારતમાં ફુગાવો વધે છે અને જો ઘટે તો ફુગાવો પણ ઓછો થાય છે.

જ્યારે ઓઈલ સસ્તું થાય છે, ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ ઘટાડો થાય છે, જે માલનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટાડે છે. જેના કારણે માલના ભાવમાં ઘટાડો થાય છે.

## અમેરિકાથી ઇમિગ્રન્ટ્સની ત્રીજી બેચ અમૃતસર એરપોર્ટ પહોંચી

અમૃતસરઃ ગેરકાયદે ભારતીય ઇમિગ્રન્ટ્સની બેચને લઇને યુએસ આર્મીનું વિમાન રવિવારે રાત્રે પંજાબના અમૃતસરના શ્રી ગુરુ રામદાસ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. આ ફ્લાઇટમાં લગભગ ૧૧૨ ડિપોર્ટી સવાર હતા, જેમાં સૌથી વધુ લોકો હરિયાણાના હતા. યુએસ એરફોર્સનું એક ઈ-૧૭ ગ્લોબમાસ્ટર વિમાન રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ અમૃતસર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતર્યું હતું. છેલ્લા ૧૦ દિવસમાં અમેરિકાથી આવેલી ગેરકાયદે ઇમિગ્રન્ટ્સની આ ત્રીજી બેચ છે. અહેવાલ મુજબ ૪૪ લોકો હરિયાણાના, ૩૩ લોકો ગુજરાતના, ૩૧ લોકો પંજાબના, બે લોકો ઉત્તર પ્રદેશના અને એક-એક હિમાચલ અને ઉત્તરાખંડના છે.પરત ફરેલા કેટલાક ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સના પરિવારો અમૃતસરના શ્રી ગુરુ રામદાસ જી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યા હતાં.

ઇમિગ્રેશન, વેરિફિકેશન અને બેકગ્રાઉન્ડ ચેક સહિતની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી, ડિપોર્ટેડ લોકોને ઘરે પાછા ફરવાની પરવાનગી આપવામાં આવશે. અધિકારીઓએ તેમના સંબંધિત સ્થળોએ પરિવહનની પણ વ્યવસ્થા કરી છે.

શનિવારે મોડી રાત્રે, ૧૧૬ ગેરકાયદે ભારતીય ઇમિગ્રન્ટ્સની બીજી બેચ સાથે યુએસ સેનાનું વિમાન અમૃતસર એરપોર્ટ પર ઊતર્યું હતું, જેમાં દેશનિકાલ કરાયેલા પુરુષોએ દાવો કર્યો કે તેઓ સમગ્ર ફ્લાઇટ દરમિયાન બેડીઓમાં બંધાયેલા હતા અને શીખ યુવાનો પાઘડી આપવામાં આવી ન હતી.

જો કે ત્રીજી ફ્લાઈટ્સ અંગે હજુ સુધી આવી માહિતી બહાર આવી નથી.

## ઈજિપ્તમાં મકાન ધરાશાયી થતા ૧૦નાં મોત

કૈરો : ઈજિપ્તમાં સોમવારે સવારે એક રહેણાક મકાન તૂટી પડતાં દસ જણનાં મૃત્યુ થયાં હતાં અને બીજા ત્રણને ઈજા થઈ હતી. આરોગ્ય મંત્રાલયના અધિકારીઓએ કહ્યું હતું કે બૃહદ કૈરોના પશ્ચિમે આવેલા કરેદાસા શહેરમાં અમેબ્યુલન્સ અને બચાવકારોને મોકલવામાં આવ્યા છે. બચાવકારો કાટમાળ ખસેડી રહ્યા છે અને બનાવનો ભોગ બનેલાઓને શોધી રહ્યા છે. (એજન્સી)

## ઓડિશાની હોસ્ટેલમાં નેપાળી વિદ્યાર્થી મૃત મળી આવ્યો

ભુવનેશ્વર : ખાનગી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણતા બી-ટેકના ત્રીજા વર્ગના નેપાળી સ્ટુડન્ટે હોસ્ટેલમાં કથિત આત્મહત્યા કર્યા બાદ કેમ્પસમાં તંગદિલી ઊભી થઈ હતી.

નેપાળના વડા પ્રધાન કે. પી. શર્મા ઓલીની દરમિયાનગીરી પછી ઈન્સ્ટિટયૂટે નેપાળી સ્ટુડન્ટને કેમ્પસમાં પાછા ફરવાની અપીલ કરી હતી. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### સહકારી બૅન્કોમાં

એક લાખ રૂપિયા સુધીની થાપણો પૂરતું જ હતું, જે વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે. જોકે, આ કવચની મર્યાદા વધારવા ઉપરાંત પ્રત્યેક ડિપોઝિટ માટે પણ તે ઉપલબ્ધ કરાવવાની માગ થઇ રહી છે. દરમિયાન શેરબજારને લગતા સવાલના જવાબમાં કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને કહ્યું કે ભારતનું અર્થતંત્ર સાબૂત છે અને પ્રોફિટ બુકિંગ કરીને રોકાણકાર સારું વળતર મેળવી રહ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા વેચાણ અંગેના પ્રશ્નના જવાબમાં, સીતારમણે કહ્યું કે ભારતમાં એવું વાતાવરણ છે જ્યાં રોકાણ સારું વળતર આપી રહ્યું છે. વિદેશી ફંડો સામાન્ય રીતે વોલેટાલિટીના સમયમાં પોતાના દેશમાં મૂડી લઇ જતા હોય છે અને એ થઇ રહ્યું છે. નાણા સચિવ તુહિન કાંતા પાંડેએ ઉમેર્યું કે વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, એફઆઇઆઇ તેમના મૂળ દેશમાં પાછા ફરવાનું વલણ ધરાવે છે, જે મોટાભાગે અમેરિકા છે. તેમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મજબૂત અર્થતંત્ર છે અને આગળ પણ વિકાસયાત્રા ચાલુ રાખશે.

### દિલ્હીમાં શપથગ્રહણ


ભાજપના સૂત્રો દ્વારા આપવામાં આવી છે. જોકે, હજુ સુધી આ અંગે સત્તાવાર માહિતી આપી નથી. દિલ્હીના મુખ્ય પ્રધાનનું નામ જાહેર થાય તેની બધા રાહ જોઈ રહ્યા છે.આજે સાંજે દિલ્હી સરકારના શપથગ્રહણ સમારોહ અને સરકારની રચના અંગે એક બેઠક યોજાવાની છે. આ બેઠકમાં વિધાનસભ્ય પક્ષની બેઠકનો સમય અને તારીખ નક્કી કરવામાં આવશે. શપથગ્રહણ સમારોહના પ્રભારી વિનોદ તાવડે અને તરુણ ચુઘ પણ બેઠકમાં હાજર રહેશે. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવા અને દિલ્હી ભાજપ સંગઠનના આગેવાનો પણ આ બેઠકમાં હાજર રહેશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય પ્રધાનપદ માટે ૧૫ વિધાનસભ્યની યાદી બનાવવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા અને અન્ય ટોચના ભાજપ નેતાઓ વચ્ચે બેઠકમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

### દિલ્હીમાં સોમવારે

કેન્દ્રબિંદુ જ્યાં હતું તે વિસ્તારની નજીક એક તળાવ છે જ્યાં દર બે થી ત્રણ વર્ષે ભૂકંપ આવે છે. એક અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે ૨૦૧૫માં પણ આ વિસ્તારમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપના જોરદાર આંચકાને કારણે દિલ્હી, નોઇડા, ગ્રેટર નોઇડા અને ગાઝિયાબાદમાં ઘણી ઊંચી ઇમારતોના લોકો પોતાના ઘરની બહાર નીકળી આવ્યા હતા. દિલ્હી પોલીસે તેમની ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું કે બધા સુરક્ષિત હશે એવી આશા કરીએ છીએ. દિલ્હી પોલીસે નાગરિકોને કટોકટીની સ્થિતિમાં એક ૧૧૨ હેલ્પલાઇન પર કોલ કરવાની અપીલ કરી હતી. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર મુસાફરોએ જણાવ્યું હતું કે એવું લાગી રહ્યું હતું કે જાણે કોઈ ટ્રેન ભૂગર્ભમાં દોડી રહી હોય. બધું ધ્રુજી રહ્યું હતું. અન્ય એક મુસાફરે જણાવ્યું હતું કે ભૂકંપના આંચકા અનુભવવાની સાથે જ બધું હલવા માંડ્યું હતું. ઘણા ગ્રાહકો ચીસો પાડવા માંડ્યા હતા. આંચકા ખૂબ જ ઓછા સમય માટે અનુભવાયા હતા, પરંતુ તેની તીવ્રતા એટલી વધારે હતી કે એવું લાગ્યું કે જાણે કોઈ ટ્રેન ખૂબ ઝડપથી આવી રહી હોય.

શ્રી કચ્છી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિ

**શ્રદ્ધાંજલિ**




કચ્છ ભુજ નિવાસી હાલ ઘાટકોપર, મુંબઈ

**શ્રી કિરીટભાઈ શશીકાંત મહેતા** ઉં. વર્ષ ૭૪

તેઓ શનિવારે તા. ૧૫-૦૨-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે.

તમારું જીવન અમારી પ્રેરણા હતું,
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે તમારું સરળ જીવન, દયાળુ સ્વભાવ,
ભાવનાશીલતાને નહીં ભુલીએ.
સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક ટ્રસ્ટ
શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ
ચીંચપોકલી (મુંબઈ)



**સૂર્યકાંત હરિરામ શેઠીયા**
(7.11.1944 – 16.02.2025)

સ્વ વિદ્યાબેન હરિરામ શેઠીયા અંજારવાળા, હાલે ઘાટકોપરના સુપુત્ર શ્રી સૂર્યકાંતભાઈ નું નિર્ધન તારીખ 16.02.2025 ના થયેલ છે તે શ્રીમતી ઉષાબેન ના પતિ, તુષાર તથા અમી ના પિતા, ભાવેશ ના સસરા અને રૂહી ના નાના, સ્વ પાર્વતીબેન કરસનદાસ ઠક્કર ના જમાઈ

પ્રાર્થના સભા રાખેલ નથી
લૌકીક વ્યવહાર સદંતર બંધ છે

# વીડિયો કૉન્ફરન્સિંગથી હાજર રહેવાની સમય રાઈનાની વિનંતી પોલીસે નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોમેડી શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં પ્રસિદ્ધ પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ માતા-પિતાને ઉદ્દેશીની કરેલી બીભત્સ ટિપ્પણીને પગલે થયેલા વિવાદ બાદ એફઆઈઆર નોંધનારી સાયબર પોલીસે પૂછપરછ માટે વીડિયો કૉન્ફરન્સિંગથી હાજર રહેવાની યુટ્યૂબર સમય રાઈનાની વિનંતી ફગાવી દીધી હતી, જ્યારે અલાહાબાદિયાને ૨૪ ફેબ્રુઆરીએ નિવેદન નોંધાવવા હાજર રહેવાના સમન્સ મોકલાવ્યા હતા.

મહારાષ્ટ્ર સાયબર પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે એ વાતને સમર્થન આપ્યું હતું કે પોતાનું નિવેદન નોંધાવવા માટે સમય રાઈનાએ વીડિયો કૉન્ફરન્સિંગથી હાજર રહેવાની પરવાનગી માગી હતી. જોકે આ વિનંતી નકારી કાઢી મંગળવારે પોલીસ સમક્ષ હાજર થવાનું તેને કહેવામાં આવ્યું છે. આ કેસમાં સાયબર પોલીસે ૫૦થી વધુ લોકોને પૂછપરછ માટે પોલીસ સમક્ષ હાજર થવાના સમન્સ પાઠવ્યા હતા. જોકે અત્યાર સુધી એક માત્ર એમટીવી રૉડી'ઝ ક્રિયેટર રઘુ રામ સાયબર પોલીસ સમક્ષ હાજર થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સાયબર પોલીસે જેમને સમન્સ મોકલાવ્યા છે તેમાં રાઈના, અલાહાબાદિયા, ઈન્ફ્લુએન્સર અપૂર્વા મખિજા, અન્ય કલાકારો, કોમેડિયન્સ, ઈન્ફ્લુએન્સર્સ, કન્ટેન્ટ ક્રિયેટર્સ, યુટ્યૂબર્સ, ઍક્ટર્સ, સ્પર્ધકો અને રાઈનાના શોના આયોજકોનો સમાવેશ થાય છે.

સાયબર પોલીસે અગાઉ સમન્સ મોકલાવી રાઈનાને ૧૮ ફેબ્રુઆરીએ હાજર રહેવાનું કહ્યું હતું. રાઈના વિદેશમાં હોવાથી તે ૧૭ ફેબ્રુઆરીએ ભારત પાછો ફરશે, એવું રાઈનાની લીગલ ટીમે પોલીસને કહ્યું હતું. રાઈનાએ અગાઉ નિવેદન માટે હાજર થવા સાયબર પોલીસ પાસે વધુ સમય માગ્યો હતો. જોકે પોલીસે તેની આ વિનંતી પણ નકારી કાઢી હતી. શોમાં અલાહાબાદિયાએ વડીલોને ઉદ્દેશીને કરેલા અશ્લીલ પ્રશ્ન બાદ વિવાદ વકર્યો હતો. આ શોની ચારેકોરથી ટીકા થઈ હતી. આ મામલે સૌપ્રથમ આસામ પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો અને પછી મહારાષ્ટ્ર સાયબર પોલીસે. ■

TOSAA
Kitchenware & House hold
For Bulk / B2B Enquiry: 7777065380
Available on: amazon.com Flipkart
Available at All Ecommerce Shopping Site.

# નાશિકમાં અકસ્માત: બે જણનાં મોત

નાશિક : નાશિકમાં એક ટ્રક ક્રેન સાથે અથડાતા બે લોકોનાં મોત અને ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. રવિવારે રાત્રે મનમાડ-નંદગાંવ રોડ પર એક ઝડપી ગતિએ આવતી ટ્રકે ક્રેનને ટક્કર મારી, જે ઇલેક્ટ્રિક થાંભલા સાથે અથડાઈને પડી ગઈ. ચાર્લ્સ ઇન્દ્રી ફ્રાન્સિસ (૧૫) અને અજય બાલુ પવાર (૨૨) ને માથામાં ઈજા થવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ■




# ભિવંડીની પાવરલૂમ ફેક્ટરીમાં આગ

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડી શહેરમાં પાવરલૂમ યુનિટમાં આગ ફાટી નીકળી હતી, જેમાં પરિસરમાં સંગ્રહિત સાધનો અને માલસામાનનો નાશ થયો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે,રવિવારે સાંજે ૬ વાગ્યાની આસપાસ ફાતિમા નગર વિસ્તારમાં ભુસાવલ કમ્પાઉન્ડમાં ફાટી નીકળેલી આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. સ્થાનિક અગ્નિશામકો અને ડિઝાસ્ટર કંટ્રોલ ટીમના સભ્યો સાથેના બે ફાયર એન્જિનોએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આગને કાબૂમાં લીધી હતી. (પીટીઆઈ)■

# ધનંજય મુંડેને જ પૂછો કે રાજીનામું આપશે કે નહીં?: અજિત પવાર

નાશિક: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મોટા વિવાદમાં સંડોવાયેલા પ્રધાન અને એનસીપીના સાથી ધનંજય મુંડેના રાજીનામા અંગેના સવાલોનો જવાબ આપતી વખતે આ સવાલ સીધો તેમને જ પૂછવા જણાવ્યું હતું.

નવ ડિસેમ્બરે બીડના સરપંચ સંતોષ દેશમુખની ઘાતકી હત્યા સાથે સંકળાયેલા ખંડણીના કેસમાં મુંડેના નિકટના સહયોગી વાલ્મિક કરાડની ધરપકડ કરવામાં આવ્યા બાદ મુંડે વિપક્ષ અને શાસક જોડાણના નેતાઓની આકરી ટીકાનો સામનો કરી રહ્યા છે. પવારે કહ્યું હતું કે 'આ કેસ સાથે પોતાનો કોઈ સંબંધ નહીં હોવાનો મુંડેનો દાવો છે. જોકે, ૨૦૧૦માં જ્યારે મારા પર આક્ષેપો થયા ત્યારે મેં પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું. પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ ટ્રેન અકસ્માત બાદ રાજીનામું આપી દીધું હતું. જોકે, ઘણા લોકોએ આવી પરિસ્થિતિમાં પદ છોડવાનો ઇનકાર પણ કર્યો છે.' (પીટીઆઈ)■

# કોલાબા-બીકેસી મેટ્રો-૩ માર્ચના અંત સુધીમાં શરૂ થશે

મુંબઈ: મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં કોલાબાને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) સાથે જોડતી મેટ્રો લાઇન ૩ ના ફેઝ ૨એ ની સેવા શરૂ કરવા માટે તૈયાર છે.

હાલમાં, આ લાઇન પર કુલ કામનું ૯૩.૧ ટકા પૂર્ણ થઈ ગયુ છે અને સ્ટેશન સંબંધિત ૯૮.૯ ટકા બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. બાકીનું આર્કિટેક્ચરલ અને સિસ્ટમ ઇન્સ્ટોલેશન ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

મેટ્રો કોરિડોરના સરળ સંચાલનને સુનિશ્ચિત કરવા માટે એમએમઆરસી સક્રિયપણે કામ કરી રહ્યું છે, જેનાથી કોલાબા અને બીકેસી વચ્ચે મુસાફરીમાં નોંધપાત્ર રાહત થવાની અપેક્ષા છે. ઉપરાંત હાલની મેટ્રો લાઈનોમાં થતી ભીડ ઘટાડવામાં પણ મદદ થશે.

ઓક્ટોબર ૨૦૨૪માં, મુંબઈ અન્ડરગ્રાઉન્ડ મેટ્રોનું સંચાલન શરૂ થયું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરે કોલોની જેવીએલઆરને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) સાથે જોડતી મેટ્રો લાઇનનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું હતું.

બીકેસી અને આરે વચ્ચેની મેટ્રો લાઇન ૩, માં લાઇન પર ૧૦ સ્ટેશન છે, જેમાં બીકેસી, બાંદ્રા કોલોની, સાંતાક્રુઝ, છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ ટી૧, સહાર રોડ, સીએસએમઆઇએ ટીર, મરોલ નાકા, અંધેરી, સિપ્ઝ અને આરે કોલોની જેવીએલઆર નો સમાવેશ થાય છે. ■

# જીબીએસ: -તો મહારાષ્ટ્રમાં ટ્રાવેલ-પ્રતિબંધો

મુંબઈ: જીબીએસ રોગના વધી રહેલા ખતરાને ધ્યાનમાં રાખીને રાજ્યમાં મુસાફરી કરવા પર પ્રતિબંધો લાદવામાં આવી શકે છે. કેન્દ્રીય આરોગ્ય રાજ્યપ્રધાન પ્રતાપરાવ જાધવે અધિકારીઓ અને વહીવટીતંત્ર સાથે બેઠક હાથ ધરીને ટૂંક સમયમાં નિર્ણલ લેવામાં આવશે, એવી જાહેરાત કરી હતી. તેમણે એવું પણ સ્પષ્ટ કર્યું હતું કે જો આ રોગ ચેપી હશે તો કડક રીતે પગલાં લેવામાં આવશે. જો એવી માહિતી મળે કે જીબીએસ ભીડને કારણે થતો રોગ છે અથવા તો ચેપી છે તો ટૂંક સમયમાં તબીબી અધિકારીઓ અને વહીવટીતંત્રની બેઠક યોજાશે અને રાજ્યમાં યાત્રાધામો પર પ્રતિબંધો લાદવામાં આવશે. આ ઉપરાંત બુલઢાણા જિલ્લામાં સૌથી મોટા યાત્રાધામ પર પ્રતિબંધો લાદવા પર વિચારણા ચાલી રહી છે. દરમિયાન બુલઢાણામાં વાળ ખરવાના કેસના અહેવાલને પ્રતાપરાવ જાધવ કેમ દબાવી રહ્યા છે આવા પ્રશ્નના જવાબ આપતાં જાધવે કહ્યું હતું કે કોઇના આરોપોના જવાબ આપવા માટે મારે બેસી રહેવું યોગ્ય નથી. ■

# જૂહુમાં શ્વાનને ભગાવવા ખુરશી ઉપાડનારા યુવક પર છરીના ઘા ઝીંકાયા

મુંબઈ: જૂહુ ચોપાટી પર ભસતાં ભસતાં નજીક આવી ગયેલા શ્વાનને દૂર ભગાડવાના ઇરાદે ખુરશી ઉપાડનારા યુવક પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકવામાં આવ્યા હતા. આ હુમલામાં યુવકના હાથનો અંગૂઠો અડધો કપાઈ જતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

જૂહુ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ઓમકાર મુખિયા ઉર્ફે ઓમકાર શર્મા (૨૫) તરીકે થઈ હતી. આરોપી કોટરિંગ સંબંધી નાનાં-મોટાં કામ કરતો હોવાનું પોલીસનું કહેવું છે.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના રવિવારે જૂહુ ચોપાટી પર બની હતી. ફરિયાદી અર્જુન ગિરિ (૨૬) તેના મિત્ર સાથે ફરવા ગયો હતો. બન્ને જણ બિરલા લેન ખાતેના એક ફૂડ સ્ટૉલ પાસે પહોંચ્યા ત્યારે શ્વાન ભસતો ભસતો તેમની નજીક આવ્યો હતો. શ્વાન કરડશે એ ડરથી ગિરિએ સ્ટૉલ પાસેની પ્લાસ્ટિકની ખુરશી ઉપાડી હતી અને શ્વાનને દૂર ભગાવવા તેને ડરાવવા લાગ્યો હતો.

કહેવાય છે કે ગિરિ શ્વાનને ખુરશી મારવાનો પ્રયાસ કરતો હોવાનું માની આરોપીએ તેની સાથે ઝઘડો કર્યો હતો. ગાળાગાળી અને ધક્કામુક્કી કર્યા પછી આરોપીએ સ્ટૉલ પરની છરીથી ગિરિ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ગિરિના ડાબા હાથનો અંગૂઠો અડધો કપાયો હતો, જ્યારે તેના પેટ, ગરદન, બન્ને હાથ અને પીઠ પર છરીના ઘાથી ઇજા થઈ હતી. સારવાર માટે તેને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાંથી પોલીસને ઘટનાની જાણ કરાઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને પકડી પાડ્યો હતો. ■

**The Indian Newspaper Society (INS)**
Invites sealed Bids for Operating Canteen from reputed, experienced and Licensed agencies / individuals for operating the Canteen with adherence to all Regulatory food safety standards on contract basis at G-Block, BKC, Mumbai. The contract will be for Two years, extendable based on performance.
**Last date for submission of LOI is 28 February, 2025.**
Please mention 'LOI FOR CANTEEN' on the envelope addressed to: The Secretary General
The Indian Newspaper Society, INS Towers, B-Wing, G-Block, BKC, Bandra East, Mumbai-400051
For any queries contact Mob. No. 9833909849
Interested parties may visit the site between 11 am to 3 pm from 18 to 26 Feb., 2025



# ન્યૂ ઈન્ડિયા કો-ઓપ બૅન્ક કૌભાંડ ભાજપી નેતાઓનું કર્યું-કરાવેલું: ઉદ્ધવ સેનાનો આક્ષેપ

## કૉંગ્રેસી વિધાનસભ્યે હવે રામ કદમનું નામ પણ સંડોવ્યું

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે સોમવારે આરોપ લગાવ્યો હતો કે મુંબઈમાં ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેંકને લૂંટવામાં ભાજપના નેતાઓ સામેલ હતા, અને આ મુદ્દે મહારાષ્ટ્ર સરકારના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા.

ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેંકના જનરલ મેનેજર અને એકાઉન્ટ વિભાગના વડા હિતેશ મહેતા સહિત બે લોકોની બેંકની પ્રભાદેવી અને ગોરેગાંવ ઓફિસની તિજોરીમાંથી રૂ.૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

દરમ્યાન કૉંગ્રેસના નેતા યુવરાજ મોહિતેએ એવો આક્ષેપ કર્યો હતો કે ઘાટકોપરના ભાજપના વિધાનસભ્ય રામ કદમનો પણ ન્યુ ઈન્ડિયા કોઓપરેટિવ બૅન્કના મેગા ફ્રોડ હાથ છે અને બૅન્કની કામગીરી પર પડદા પાછળથી તેમનું નિયંત્રણ હતું આવું મીડિયાના એક અહેવાલમાં જણાવાયું હતું.

રાઉતે સવાલ કર્યો કે,''ભાજપના નેતા કિરીટ સોમૈયા અત્યારે ક્યાં છે? સોમૈયા અસરગ્રસ્ત થાપણદારોને કેમ સમર્થન નથી આપતા? ઈડીને કેમ જાણ કરવામાં આવી નથી?'' રાજ્યસભાના સાંસદે આ મુદ્દે મૌન રાખવા બદલ રાજ્ય સરકારની ટીકા કરી અને પ્રશ્ન કર્યો કે તેમણે પ્રેસ કોન્ફરન્સ કેમ ન યોજી.

તેમણે બીજેપી ધારાસભ્ય સુરેશ ધસની ટીકા કરી, તેમના પર રાજકીય લાભ માટે બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યા કેસનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

સેના (યુબીટી)ના નેતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતા આરોપ મૂક્યો હતો કે જો વડા પ્રધાને રશિયા-યુક્રેનને રોકી શકે છે, તો યુએસ જ્યારે ભારતીય દેશનિકાલોને સાંકળો બાંધીને મોકલી રહ્યું હતું ત્યારે તેઓ પગલાં લેવામાં કેમ નિષ્ફળ ગયા. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે યુએસ સત્તાવાળાઓ દ્વારા દેશનિકાલ કરેલા શીખોને તેમની પાઘડી ઉતારવાની ફરજ પાડવામાં આવી હતી.

રાઉતે પ્રયાગરાજ અને નવી દિલ્હી રેલવે સ્ટેશનમાં કુંભ મેળામાં થયેલી નાસભાગ અંગે પણ સરકારને સવાલ કર્યો હતો, જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યો હતો. (પીટીઆઈ) ■

## સંસ્થા સમાચાર

### રાજકોટમાં ધીરગુરુદેવના મંગલ પાઠે ઉદ્‌ઘાટન ઉત્સવ ઉજવાયો



શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભવનના ઉપક્રમે પૂ. શ્રી. ધીરગુરુદેવની અસીમ કૃપાથી ૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત શશીકાંત જી. બદાણી-જૈન બોર્ડિંગ અને ડો. સી.જે. દેસાઇ મહાવીર ભવન તથા સુશીલાબેન ઇન્દુભાઇ બદાણી-મહાવીર હોલના ઉદ્‌ઘાટન પૂર્વે રાષ્ટ્રીય શાળાના પટાંગણે અબતક પરિવાર પ્રેરિત નવકારશી બાદ શ્રી શશીકાંત બદાણીએ સતીશ મહેતાનું સન્માન કરેલ.

બેન્ડની સુરાવલીએ નયનરમ્ય બગીમાં દાતાઓ સહિત ભાવિકોની શોભાયાત્રા મહાવીર હોલમાં પહોંચતા માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું. ડુંગર દરબાર ડોમમાં ભાવિકોની વ્યવસ્થા કરાયેલ.

શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી. ધીરગુરુદેવ તથા આચાર્ય પૂ. જયશેખર વિજયજી મ. સા., પૂ. સુશાંતમુનિજી તથા પૂ. ગુણીબાઇ મ. સ., પૂ. કિરણબાઇ મ.સ., પૂ. હંસાબાઇ મ. સ., પૂ. સ્મિતાબાઇ મ. સ., પૂ. સોનલબાઇ મ. સ., આદિ તથા અમેરિકા, કેનેડા, મસ્કત, મુંબઇ, સુરત, અમદાવાદ, પોરબંદર, ભરૂચ, કોલકાતા, ઇન્દોર, ઇથોપીયા, મોરબી વગેરે ગામના ભાવિકોની હાજરી હતી. ટ્રસ્ટી મુકેશ કામદારે સહુને આવકાર્યા બાદ સમારોહ પ્રમુખ જયંતભાઇ કામદારનું સન્માન મહેન્દ્ર મહેતાએ કર્યું હતું.

સંકુલન દાતાઓનું મોમેન્ટોથી ટ્રસ્ટી મંડળના હસ્તે સન્માન કરાયું હતું. આર્કિટેક્ટ રીખવ અને શ્રીમતી હેમલ સંઘવી, નિર્માણ સંયોજક વિમલ પારેખ, વિપુલ પંચમીયા, બાંધકામ નિર્માતા પ્રણવ ઠકરાર અને જીવદયાના લાભાર્થી મીરા અનિલ ઓમાનવાલા, તનસુખ અને કિશોર દોશીનું સન્માન કરાયું હતું. રૂમ નામકરણમાં રંજના જયંત કામદાર, રીટા અભય શાહ, જશવંતીબેન સી. દેસાઇ વગેરે જલમંદિરમાં ઉન્નતી જુઠાણી, અશોક ભીમાણી વગેરે તથા વિવિધ યોજનામાં લાભુબેન મૂલચંદ કુંભાણી, શારદાબેન આર. દોશી વગેરેએ અનુદાન જાહેર કરેલ.

શશીકાંત બદાણી પ્રેરિત ગૌતમ પ્રસાદનો ૧૫૦૦ ભાવિકોએ લાભ લઇને યુગો સુધી ઝળહળશે ધીરગુરુવરના સંભારણાના મીઠા ગીતથી વિખરાયા હતા. ■

## બેકરી અને હૉટેલમાલિકોનો પાલિકાનો સ્પષ્ટ સંકેત

# આઠમી જુલાઈ સુધીમાં લાકડાં અને કોલસાના ઉપયોગને બંધ કરો

મુંબઈ: મુંબઈ મહાપાલિકાએ સોમવારે લાકડાં અને કોલસાનો ઉપયોગ કરતી બેકરીઓ, હોટેલો અને ખાણીપીણીની દુકાનો અને રસ્તાઓ પરના વિક્રેતાઓને આઠમી જુલાઈ સુધીમાં સ્વચ્છ વિકલ્પો તરફ વળવાનો નિર્દેશ કર્યો છે.

પાલિકાએ બહાર પાડેલી યાદીમાં જણાવ્યું હતું કે મુંબઈ હાઈ કોર્ટે ૯મી જાન્યુઆરીના તેના આદેશમાં વધતા વાયુપ્રદૂષણ અને જાહેર આરોગ્યના જોખમોને ટાંકીને વ્યવસાયોને સ્વચ્છ ઈંધણ તરફ વળવા માટે છ મહિનાનો સમય આપ્યો હતો.

નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને દંડ પણ વસૂલવામાં આવશે. તમામ વિક્રેતાઓએ સીએનજી કે પછી પીએનજી અપનાવવું એવું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

લાકડાં કે કોલસાને બાળવાથી જોખમી ઉત્સર્જન થાય છે અને તેને હવાની ગુણવત્તા પણ બગડે છે. જેને કારણે શ્વાસને લગતી બીમારીઓ થાય છે. જો વ્યવસાયિકો સ્વચ્છ ઈંધણનો વિકલ્પ નહીં અપનાવે તો તેઓએ કાર્યાવહીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે, એવું પાલિકાએ જણાવ્યું હતું. ■

# કલ્યાણ-ડોંબિવલીમાં ૫૧ ગેરકાયદે ઈમારતો તોડી પડાશે

થાણે: મહારાષ્ટ્રના થાણેમાં એક નાગરિક સંસ્થા બનાવટી અને નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બાંધવામાં આવેલી ૫૧ ઇમારતોને તોડી પાડશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ની હદમાં બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બાંધવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવાના કોર્ટના નિર્દેશ બાદ નાગરિક સંસ્થાએ આ કાર્યવાહી કરી છે.

કેડીએમસીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ડેવલપર્સ દ્વારા અનિયમિતતા અંગે ફરિયાદો મળ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી અને ચકાસણી અભિયાનમાં જાણવા હતું કે કલ્યાણ-ડોંબિવલીમાં નકલી અને બનાવટી દસ્તાવેજોના આધારે ૬૫ રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બાંધકામો બનાવવામાં આવ્યા હતા.

કેડીએમસીના અધિકારક્ષેત્રમાં ૫૭ અનધિકૃત બાંધકામો આવે છે અને તેમાંથી છ બાંધકામો નાગરિક સંસ્થા પહેલાથી પાડી ચૂકી છે. આ કાર્યવાહીને કારણે લગભગ ૯,૦૦૦ રહેવાસીઓને અસર થાય તેવી સંભાવના છે. ■

# પુત્રને મેડિકલ કૉલેજમાં પ્રવેશ અપાવવાને નામે પિતા પાસેથી લાખો રૂપિયા પડાવ્યા

થાણે: કલ્યાણમાં પુત્રને મેડિકલ કૉલેજમાં પ્રવેશ અપાવવાની ખાતરી આપીને પિતા પાસેથી ૪.૬ લાખ રૂપિયા પડાવવા બદલ પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદને આધારે કલ્યાણ શહેર પોલીસે ભાઈસાહેબ જાધવ અને તેના પર્સનલ આસિસ્ટન્ટ જયંત જાધવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ અને ૪૦૬ હેઠળ રવિવારે ગુનો નોંધ્યો હતો. ફરિયાદી સાથે ૨૦૦૩માં કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાથી પોલીસે ભારતીય દંડ સંહિતા હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે ફરિયાદીના પુત્રને અહિલ્યા નગરની પ્રતિષ્ઠિત મેડિકલ કૉલેજમાં એડ્‌મિશન અપાવવાની ખાતરી આરોપીઓએ આપી હતી. એડ્‌મિશનને બહાને પાંચ લાખ રૂપિયા લઈને આરોપીઓએ પ્રવેશ મળી ગયો હોવાનું જુઠ્ઠાણું ચલાવી ફરિયાદીને ગેરમાર્ગે દોર્યો હતો.

જોકે બાદમાં પુત્રને એડ્‌મિશન ન મળ્યું હોવાનું ફરિયાદીને જાણવા મળતાં તેણે રૂપિયા પાછા માગ્યા હતા. વારંવાર રૂપિયા માગવા પર આરોપીઓએ માત્ર ૪૦ હજાર રૂપિયા પરત કર્યા હતા. રૂપિયા માગ્યા તો જાનથી મારવાની ધમકી આરોપીએ આપી હોવાનો આક્ષેપ પણ ફરિયાદમાં કરાયો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# થાણે કોર્ટે બળાત્કાર, ધાકધમકી આપનાર આરોપીને નિર્દોષ જાહેર કર્યો

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક અદાલતે એક મહિલા પર બળાત્કાર કરી તેને ધમકી આપનાર ૩૬ વર્ષીય આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂક્યો છે.

એડિશનલ સેશન્સ જજ અમિત એમ. શેટ્ટેએ ઉત્તર પ્રદેશના વતનીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (બળાત્કાર) અને ૫૦૬ (ગુનાઈત ધાકધમકી) હેઠળના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો.

૭ ફેબ્રુઆરીના આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે આરોપી, જે પીડિતાનો સંબંધી છે, તેણે મે ૨૦૧૭ માં મીરા રોડ સ્થિત તેના નિવાસસ્થાને તેના પર બળાત્કાર કર્યો હતો અને કથિત રીતે વાંધાજનક સામગ્રી મૂકવાની ધમકી આપી હતી. આરોપીએ ૬ જૂન અને ૨૬ જૂન, ૨૦૧૭ વચ્ચે પણ ઘણી વખત મહિલા પર બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ન્યાયાધીશ શેટેએ નોંધ્યું હતું કે પીડિતા આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ રહી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેના તબીબી અહેવાલ મુજબ, ''શરીર પર કોઈ ઇજાના નિશાન નહોતા.''

કોર્ટે જણાવ્યું હતું કે કોર્ટના અવલોકન મુજબ ઇજાઓની ગેરહાજરી ''આરોપી સાથે સંમતિથી સંભોગનું સૂચન કરે છે.''

કોર્ટે એ પણ ધ્યાનમાં લીધું કે કથિત આરોપીએ પાછળથી પીડિતા સાથે લગ્ન કર્યા હતા. (પીટીઆઈ) ■

# મુંબ્રામાં સગીરા સાથે દુષ્કર્મ: મૃત્યુ પામેલા યુવક વિરુદ્ધ ગુનો

થાણે: થાણે નજીકના મુંબ્રામાં વારંવાર દુષ્કર્મનો ભોગ બનેલી ૧૭ વર્ષની સગીરાએ એક સંતાનને જન્મ આપ્યો હતો. જોકે મામલો પોલીસ સ્ટેશને પહોંચે તે પહેલાં કથિત આરોપીનું નિધન થતાં પોલીસે મૃત્યુ પામેલા યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ પ્રકરણે સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે શનિવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧) અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર મુંબ્રામાં રહેતી સગીરાની એ જ પરિસરમાં રહેતા યુવક સાથે મિત્રતા થઈ હતી. યુવકે પ્રેમનું નાટક કરી જૂનથી ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન યુવતી સાથે વારંવાર કથિત દુષ્કર્મ કર્યું હતું.

આ સંબંધનો પરિવારજનોએ વિરોધ કરતાં યુવકે બીજી યુવતી સાથે લગ્ન કરી લીધાં હતાં. દરમિયાન સગીરા ગર્ભવતી હોવાનું જણાયું હતું. ૧૪ ફેબ્રુઆરીએ સગીરાએ એક સંતાનને જન્મ આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ પોલીસ ફરિયાદ નોંધાઈ તે પહેલાં આરોપી યુવકનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે યુવકનું મૃત્યુ ક્યાં કારણોસર અને ક્યારે થયું તે અંગે એફઆઈઆરમાં કોઈ ચોખવટ કરાઈ નહોતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# દારૂ પીધા પછી દંગલ: ચાકુના ઘા ઝીંકી રીઢા આરોપીની હત્યા

નાગપુર: નાગપુરના સક્કરદરા વિસ્તારમાં દારૂ ઢીંચ્યા પછી થયેલા વિવાદમાં ચાકુના ઘા ઝીંકી રીઢા આરોપીની હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની મધરાતે શાહુ ગાર્ડન પરિસરમાં બની હતી. દારૂ પીધા પછી કાર્તિક ચૌબે (૨૮) અને આરોપીઓ વચ્ચે ઝઘડો થયો હતો. અનેક ગુનાઓમાં સંડોવાયેલો ચૌબે હાલમાં જ જામીન પર છૂટ્યો હતો. દારૂના નશામાં તેણે વિરોધી ટોળકીના રોશન ગાયકવાડ સાથે ઝઘડો કર્યો હતો. વાત વકરતાં ચૌબેએ ગાયકવાડના માથા પર બિયરની બૉટલ ફોડી હતી. વેર વાળવાને ઇરાદે ગાયકવાડ અને તેના સાથઈઓએ ચૌબે પર હુમલો કર્યો હતો. ગરદન અને પેટ પર ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકવામાં આવતાં ચૌબેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

### ન્યૂ ઈન્ડિયા

અધિકારીએ કર્યો હતો.

આ પ્રકરણના મુખ્ય આરોપી હિતેશ મહેતાએ કોરાના કાળમાં રોકાણકારોની મૂડી વ્યાજે આપી હોવાનું કહેવાય છે. કોરોના મહામારી દરમિયાન અનેક વેપારીઓના વ્યવસાય ઠપ પડ્યા હતા. વ્યવસાયમાં મોટું નુકસાન થયું હોવાથી વેપારીઓને નાણાંની જરૂર હતી. આ વાતનો લાભ ઉઠાવી મહેતાએ નુકસાન કરનારા વેપારીઓને વ્યાજે નાણાં પૂરાં પાડ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે આર્થિક ગુના શાખા વધુ તપાસ કરી રહી છે.

આ કેસમાં ધરપકડ કરાયેલા ડેવલપર ધર્મેશ પૌનનો કાંદિવલીના ચારકોપ પરિસરમાં ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. મહેતાએ વ્યવસાય માટે ૭૦ કરોડ રૂપિયા આપ્યાની કબૂલાત કરી છે. અમુક વર્ષ અગાઉ મહેતાએ પૌન પાસેથી એક ફ્લૅટ ખરીદ્યો હતો. તે સમયે બન્ને વચ્ચે મિત્રતા થઈ હતી. જોકે બાદમાં પૌન પાસેથી ખરીદેલો ફ્લૅટ મહેતાએ વેચી નાખ્યો હતો.

આ સિવાય સોલાર પૅનલનો વ્યવસાય ધરાવતા વેપારી ઉન્નનાથન અરુણાચલમ ઉર્ફે અરુણભાઈને ૪૦ કરોડ રૂપિયા મહેતાએ આપ્યા હોવાનું પૂછપરછમાં જણાયું હતું. અરુણભાઈને પોલીસ શોધી રહી છે. પોલીસની એક ટીમ તેના મલાડના નિવાસસ્થાને ગઈ હતી, પરંતુ તે ત્યાં મળ્યો નહોતો.

મહેતાએ પૂછપરછમાં ચોખવટ કરી હતી કે બૅન્કની અમુક રકમ તેણે પોતાના ખર્ચ માટે વાપરી હતી. મહેતાએ વ્યાજ પર રકમ આપીને પોતાની કેટલી કમાણી કરી તેની તપાસ કરવામાં આવી રહી છે.

મહેતા કોમર્સ ગ્રેજ્યુએટ છે અને ૧૯૮૭માં તે આ બૅન્ક સાથે જોડાયો હતો. તે આ વર્ષના ઑક્ટોબરમાં નિવૃત્ત થવાનો હતો. ૨૦૦૨માં તેને જનરલ મૅનેજર અને હેડ એકાઉન્ટન્ટ બનાવવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહેતાએ પ્રભાદેવી શાખામાંથી ૧૧૨ કરોડ અને ગોરેગામની શાખામાંથી ૧૦ કરોડ રૂપિયાની કથિત ઉચાપત કરી હોવાનું તપાસમાં જણાયું હતું. ■

### એકનાથ શિંદેનો વીટો

નહીં, પણ રાજ્યના આરોગ્ય મંત્રાલય સાથે સંકલન કરશે. શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ હું જ મુખ્ય પ્રધાન રાહત ભંડોળનો ઉપયોગ કરીને આ જ કામ કરતો હતો. આ યોજના હેઠળ અમે ઘણા લોકોને મદદ કરી હતી. આ સિવાય ભંડોળનું વિતરણ નહીં કરે, પણ જરૂરિયાતમંદ તમામ દર્દીઓને સહાય પૂરી પાડશે, એવુ ચીવટેએ વધુમાં જણાવ્યું હતું.

આ સેલ જાહેર આરોગ્ય વિભાગ સાથે સહયોગ કરશે, પરંતુ સીધી નાણાકીય સહાય પૂરી નહીં પાડે, તેને બદલે તેનો ઉદ્દેશ મહાત્મા ફૂલે જન આરોગ્ય યોજનાના અમલને વધારવાનો છે.

આ સેલ રાજ્યની વિવિધ આરોગ્ય સેવાઓ કેવી રીતે ઉપલબ્ધ થઇ શકે છે તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડશે. જરૂરિયાતમંદ દર્દીઓને નાણાકીય સહાયની જરૂર જણાય તો વિવિધ સામાજિક સંગઠનો દ્વારા સંકલિત કરશે, એવું કહીને ચીવટેએ વધુમાં ઉમેર્યું હતું કે ડીસીએમ તબીબી સહાય સેલ દર્દીઓને મફત આરોગ્ય સેવાઓ મળે એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વરંદા હાલ મુલુંડ સ્વ. ઠા. કેશવજી શામજી ચંદેના પુત્રવધૂ પૂર્ણિમાબેન (ઉં. વ. ૭૩) તા. ૧૫-૨-૨૫ના શ્રીકૃષ્ણશરણ પામેલ છે. તે સ્વ. નવીનભાઇના પત્ની. પ્રીતીબેન નવીનભાઇ ચંદેના, સ્વીટીબેન નીપેશકુમાર ચોથાણી તથા પારસના માતુશ્રી. સ્વ. સાવિત્રીબેન શામજીભાઇ તન્ના ગામ ઊગેડીવાળાના મોટા પુત્રી. તે ધવલ તથા હર્ષના નાનીમા. અનિલભાઇ, સ્વ. સુરેન્દ્રભાઇ, સતીષભાઇ, ભારતીબેન મહેશભાઇ ગણાત્રા, કલ્પનાબેન જયંતભાઇ ઠક્કરના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરબંદર દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાલ વસઇ શરદ ભગત જે સ્વ. ભગવાનદાસ ભગત તેમ જ ચંપાવતી ભગતના સુપુત્ર. અક્ષય, ચિંતનના પિતા. ચેતન, પરાગ, સ્વ. આશા શશીકાંત શાહ તથા કલ્પના નિપુણ શાહના મોટા ભાઇ. સ્વાતી, કપિલાના સસરા. ભારતી, ભૈરવીના જેઠ. પુરુષોતમદાસ વ્રજલાલ મહેતાના જમાઇ તા. ૧૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૮-૨-૨૫ના મંગળવારે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, માનવ મંદિર કોમ્પ્લેક્સ, અંબાડી રોડ, વસઇ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોટડા રોહાવાળા સ્વ. ગંગાબેન હીરજીભાઇ ગટ્ટા, હાલ મુલુંડના નાના પુત્ર ભરતભાઇ (ઉં.વ.૬૭) શનિવાર, તા. ૧૫-૨-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે હર્ષાબેનના પતિ. લક્ષ્મીદાસ, રણજીત, સ્વ. નિર્મળાબેન શરદ કેશરીયા, ગં. સ્વ. વિજયાલક્ષ્મીબેન ગોવિંદ દાવડાના ભાઇ. સરલાબેન તથા વિમળાબેનના દીયર. ઉર્વીબેન પ્રશાંત રતાડીયા, માનસીબેન ગૌરાંગ કારીયા, ઉન્નતીબેન જીગર ભેદાના પિતાશ્રી. સ્વ.કાશીબેન પરસોતમભાઇ નેણસોમૈયાના જમાઇ.બન્ને પક્ષની પ્રાર્થનાસભા, મંગળવાર તા. ૧૮-૨-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની પાસે, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ તે જ દિવસે આવી જવું. (ચક્ષુદાન કરેલ છે.)

**કપોળ**

અમરેલીવાળા હાલ મલાડ સ્વ. વિમળાબેન અમીદાસ મહેતાના સુપુત્ર ભૂપતરાય (ઉં. વ. ૮૭) તા. ૧૫-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઉષાબેન મહેતાના પતિ. મનીષ, મયૂર અને ઝરણાના પિતા. નીતા મહેતા અને કેતન સંઘવીના સસરા. સ્વ. મંગળદાસ હરજીવનદાસ ભુતાના ભાણેજ. સ્વ. ભવાનીદાસ કરસનદાસ વોરાના જમાઇ. તે રસિલાબેન અરવિંદભાઇ ગાંધી, સ્વ. નલિનીબેન મહેન્દ્રભાઇ ભુતા, પન્નાબેન નરેશભાઇ દેસાઇ, શેલાબેન અજય દોશીના ભાઇ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ ભાટીઆ**

ભગવાનદાસ માધવદાસ વેદ (ઉં.વ. ૮૮) તે પુષ્પાબેનના પતિ. સ્વ. નારાયણદાસ ચીખલ ગોવાવાળાના જમાઈ. મનીષ, પરેશ, પંકજ, હિના આશરના પિતા. અસ્મિતા, મોના, સુરેખા, ઉદય આશરના સસરા. અંકિત, સ્પર્શ, દર્શ, આયુષીના દાદા.૧૫/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૮/૨/૨૫ના મંગળવાર ૪ થી ૬. કોરાકેન્દ્ર હોલ, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કડવા પટેલ**

ગામ ખાનપર સ્વ. ચંપાબેન ભીમાણી (ઉં.વ. ૯૮) ૨/૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. ગંગારામ કુંવરજીભાઈ ભીમાણીના ધર્મપત્ની. ઈશ્વરભાઈ, જગદીશભાઈના માતુશ્રી. દીપ્તિ તથા જયશ્રીના સાસુ. હાર્દિક, સમર્થ, ભરત, જીતેન્દ્રના દાદી. યોગેશના નાની. પ્રાર્થનાસભા ૧૮/૨/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**નવગામ ભાટિયા**

ગોરધનભાઈ વેદ અમરેલીવાળા (ઉં.વ. ૮૮) તે સ્વ. કસ્તુરબેન દ્વારકાદાસ વેદના પુત્ર. સ્વ. રંજનબેનના પતિ. સ્વ. જયેશ, સંજયના પિતા. તરલા તથા નયનાના સસરા. સ્વ. કાનજી દામોદર આશરના જમાઈ. ૧૬/૨/૨૫ના વિરાર મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**૨૫ ગામ ભાટિયા**

રસીલાબેન (ઉં.વ. ૯૦) તે મૂળ જામ ખરજુઢ હાલ મુંબઈ સ્વ. પરમાનંદદાસ નાથાલાલ સરૈયાના ધર્મપત્ની. સ્વ. પાર્વતીબેન તથા સ્વ. ત્રિભોવનદાસ પ્રાણજીવનદાસ આશરના દીકરી. મુકેશભાઈના માતુશ્રી. ભાનુબેનના સાસુ. જીજ્ઞેશ તથા વિશાલના દાદી ૧૫/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૮/૨/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ ભાટિયા**

ચિ. અજય કાપડિયા (જેરાજાની) (ઉં.વ. ૫૬) સ્વ. સરોજ પ્રતાપના પુત્ર. સ્વ. ગોરધનદાસ લીલાધરના પૌત્ર. સ્વ. જમનાદાસ ગોકુલદાસ (બકુસોપ)ના દોહિત્ર. સ્વ. વાલીબેન જયરાજ, સ્વ. વિજયસિંહ, સ્વ. રણજીતસિંહ, મૃદુલા, પંકજ, અ.સૌ. ભગવતી (અલ્પા) અનીલ ભાટિયાના ભત્રીજા. તા. ૧૬.૨.૨૦૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોટડા હાલ મુલુન્ડ રોહાવાળા સ્વ. ગંગાબેન હીરજીભાઈ ગટ્ટાના, પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૭) શનિવાર, તા. ૧૫-૨-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે હર્ષાબેનના પતિ. લક્ષ્મીદાસ, રણજીત, સ્વ. નિર્મળાબેન શરદ કેશરીયા, ગં.સ્વ. વિજયાલક્ષ્મીબેન ગોવિંદ દાવડાના ભાઈ. સરલાબેન, વિમળાબેનના દીયર. ઉર્વીબેન પ્રશાંત રતાડીયા, માનસીબેન ગૌરાંગ કારીયા, ઉન્નતીબેન જીગર ભેદાના પિતા. સ્વ. કાશીબેન પરસોતભાઈ નેણ સોમૈયાના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૮-૨-૨૫ના ૫.૩૦થી ૭. ગોપુરમ હૉલ, જ્ઞાન સરિતા સ્કૂલની પાસે, ડૉ. આર.પી. રોડ, મુલુન્ડ (પ). લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું. ચક્ષુદાન કરેલ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર જ્ઞાતિ**

કલ્યાણ નિવાસી રોહિતભાઈ ચિત્રોડા (ઉં.વ. ૫૬) તા. ૧૬-૨-૨૫ના રવિવાર શ્રીરામચરણ પામ્યાં છે, તે પ્રીતિબેન ચિત્રોડાના પતિ. સ્વ. હેમાબેન, સ્વ. જગદીશભાઈ પિતાંબરભાઈ ચિત્રોડાના દીકરા. કામિનીબેન જીતેન્દ્ર રાઠોડ, નીતાબેન જયેશ છાયાના ભાઈ. હિતભાઈ, જીયાબેનના પિતાશ્રી. વસઈ નિવાસી ઉમાબેન તથા મંગલદાસભાઈ જાદવના જમાઈ. પ્રાર્થનાસભા (કસુંબો) મંગળવાર, તા. ૧૮-૨-૨૫ ૩થી ૫, ઠે. લોહાણા મહાજનવાડી, આગ્રારોડ, કલ્યાણ (વેસ્ટ).

## પારસી મરણ

હોમાઇ રુસી દાંડીવાલા, તે મરહુમ રુસી બી. દાંડીવાલાના પત્ની. તે તેહમીના અને દોરાબ દાદાચાન્જીના પુત્રી. તે આદિલ રુસી દાંડીવાલાના માતા. તે દિનુ, મરહુમ દારાયસ, મરહુમ રોહિન્ટનના બહેન. તે પિરોજા અને બરજોરજી દાંડીવાલાના વહુ (ઉં. વ. ૮૧) રે. ઠે. જી-૪૧, ખુશરો બાગ, ગ્રાઉન્ડ ફ્લોર, શહીદ ભગતસિંહ માર્ગ, કોલાબા કોઝવે, મુંબઇ-૪૦૦૦૦૧.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થા. વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ મલાડ સ્વ. ધીરજલાલ કસ્તુરચંદ વોરાના સુપુત્ર અરવિંદભાઇ વોરા (ઉં. વ. ૭૭) તે સર્યૂબેનના પતિ. સ્વ. ચંદ્રકાન્તભાઇ, દિનેશભાઇ, સ્વ. શારદાબેન રસીકલાલ દોશીના ભાઇ. તે છાયલબેન, વિરલભાઇ ગાંધી બોસ્કીબેન સચીનભાઇ ગોપાણીના પિતા. જીનેન, નિવાન અને કિયાનાના નાના. શ્વેતા, કૃતિના મોટા પપ્પા. નાથાભવનવાળા સ્વ. મંગળદાસ નાગરદાસ શાહના જમાઇ. સોમવાર, તા. ૧૭-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી શ્વેતામ્બર જૈન**

ઘોઘા નિવાસી હાલ દાદર કૈલાશબેન પરીખ (ઉં. વ. ૮૫) તા. ૧૫-૨-૨૫ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિમલભાઇ ખાંતિલાલ પરીખના ધર્મપત્ની. ધર્મેશ તથા અવનીના માતુશ્રી. પૂર્વીના સાસુ. ધ્રુવી તથા આશ્વીના દાદી. સ્વ. સુધીરભાઇ તથા રમેશભાઇના ભાભી. પિયર પક્ષે ધીરજલાલ વસા (ગોળવાળા)ના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦-૨-૨૫ના ૫થી ૬. ઠે. નારાયણ શામજી વાડી, માટુંગા (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયા હાલે પુનાના શાંતીલાલ ખીમજી નથુ રાંભીયા (ઉં.વ. ૭૭) ૧૫-૨ના અવસાન પામેલ છે. જેઠીબાઇ ખીમજીના પુત્ર. વિમળાના પતિ. જીની, ભવ્યાના પિતા. વસંત, દેશલપુર સુશીલા દેવજી, ભુજપુર મંજુલા જગશીના ભાઇ. ના. તુંબડી ગંગાબાઇ દેવજી ઉમરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતીલાલ રાંભીયા, એ-૧/૨૦૩, ગગન વિહાર, માર્કેટ યાર્ડ, પુના-૩૭.

કોટડા રોહાના ભક્તિબેન વેલજી વિકમાણી (ઉં.વ. ૯૦) તા. ૧૫-૨-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન ટોકરશીના પૌત્રી તુલ્ય. મકડાના દેવાબાઇ આશારીયાના દોહિત્રી તુલ્ય. નેણબાઇ વેલજીના પુત્રી તુલ્ય. ગોવિંદ, સુરેશ, પુષ્પા, વિમળાના બેન તુલ્ય. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગોવિંદ વિકમાણી, ૩૩૫/૨૬, ઝવેરી નિવાસ, તેલંગ રોડ, માટુંગા (ઇ.).

નાગલપુરના શાંતિલાલ હીરજી ગોગરી (ઉં.વ. ૭૮) તા. ૧૫.૨.૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ/લક્ષ્મીબેન હીરજી કેશવજીના સુપુત્ર. જ્યોત્સનાબેનના પતિ. અનીલ, રિતેશના પિતા. કલ્યાણજી, નેમચંદ, મણીલાલ, ગિરીશ, કોડાય નિર્મળાબેન ભવાનજી રવજી, પ્રતાપર સુશીલા રતીલાલ કરમશીના ભાઈ. બિદડા રાજબાઈ કાનજી આશારીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતિલાલ હીરજી : એ-૨૯, શ્રધ્ધા સોસા., અમૃતનગર, ઘાટકોપર-વે.

કોડાયના માતુશ્રી મણીબેન શાહ (ગડા) (ઉં.વ. ૯૭) તા. ૧૬-૨-૨૫ના સમાધિમરણ પૂર્વક અવસાન પામેલ છે. સ્વ. મઠુભાઇ (ખેતશી)ના ધર્મપત્ની. સ્વ. પાનબાઇ હીરજી પાસુ (ગડા)ના પુત્રવધુ. લક્ષ્મીબેન, સ્વ. નલીનીબેનના માતુશ્રી. ગોધરાના સ્વ. ભચીબાઇ હરગણ આસંગના પુત્રી. રામજી, ભવાનજી, રમેશ, ડોણના દેવકાબેન નરશી, રાયણના ઝવેરબેન પ્રેમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લક્ષ્મીબેન ગંગર, બી વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, અશોકકુંજ, તેજપાલ રોડ, વિલેપાર્લા (ઇસ્ટ).

વિઢના ખીમજી રતનશી નાગડા (ઉં.વ. ૮૬) તા. ૧૬-૨-૨૫ના અવસાન પામેલ છે. નાથબાઇ રતનશી રાયશીના પુત્ર. નવલબેનના પતિ. મુકેશ, સંજયના પિતા. ધનબાઇ લખમશી, દેવચંદ (વેલજી), સાભરાઇ મીઠીબાઇ રતનશીના ભાઇ. ભોજાયના ભચીબાઇ વિસનજી પાસડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ખીમજી રતનશી, રૂ.નં. ૧૧, ૨જે માળે, તેજસ્વી કો.ઓપ.હા. સો. બોરલા, ગોવંડી (પૂર્વ).

મોટા આસંબીયાના ધનજી વેલજી સાવલા (ઉં.વ. ૮૧) તા. ૧૬/૨/૨૫ના અરીહંત શરણ પામેલ છે. માતુશ્રી મમીબાઈ વેલજીના પુત્ર. વિમળાના પતિ. ભારતી, તુષાર, સ્વ. પ્રિતેશ, પારસના પિતાશ્રી. આણંદજી, રામાણીયા, લક્ષ્મીબેન ભવાનજી, પુનડી વેજબાઈ લધુ, પાનબાઈ પુનશી, નાગલપુર લીલાવંતી દેવજી, નિર્મળા શાંતીલાલના ભાઈ. બીદડા મણીબાઈ મોરારજી દેસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ.વિમળા ધનજી, ડી-૩૦૩, વીણા સરગમ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

મોટા આસંબિયાના બાલ બ્રહ્મચારી મુલબાઈ (ભચીબાઈ) વેલજી ગાલા (ઉં.વ. ૮૨) તા. ૧૫-૨-૨૫ના અવસાન પામ્યા છે. ખેતશી ચાપશીના પૌત્રી. જેઠીબાઈ વેલજીના પુત્રી. કુંવરબાઈ કાનજી છેડાના દોહીત્રી. જેઠાલાલ, જેવત, રાયસી, ડુંગરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ: દિનેશ રાયશી ગાલા - એ-૨૦૪, ગિરનાર ટાવર, જી.ડી. આંબેકર માર્ગ, આંબે વાડી, કાલાચોકી, મુંબઈ.

રાયણના લીલાવતી નાનજી છેડા (ઉં.વ. ૮૮) ૧૬/૨ના અરિહંત શરણ પામ્યા છે. નાનજીના પત્ની. મકાંબાઈ શીવજી વરજાંગના પુત્રવધૂ. ડો. નલિની, ડો. પ્રિતી, સીએ પારૂલ, ઈન્ટ. ડિઝા. જીતેનના માતા. હાલાપુરના ધનજી લધાભાઈ મારૂલી પુત્રી. ડુમરાના વિમળા જાદવજી નાગડા, નેમજી, જગદીશ, મુલરાજ, દિનેશ, ગૌતમ, યોગેશના બેન. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (સે.રે.), ૪.૩૦ થી ૬. નિ. જીતેન છેડા, ૧૬, વર્ધમાન, ઓઘડભાઈ લેન, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ).

### જનહિતનું

માટે કશુંક કરવાની ઈચ્છા ધરાવતા હતા અને દર્દીઓ માટે નાણાકીય સહાય સંબંધિત નિર્ણયો લેવાને પ્રાધાન્ય આપ્યું હતું. તેમની સામે ભ્રષ્ટાચારનો કોઈ આરોપ નથી મૂકવામાં આવ્યો. નાયબ મુખ્ય પ્રધાનના આરોગ્ય કેન્દ્રને ટેકો આપવો એ મારી ફરજ છે અને હું તે કરીશ. આવી પહેલને ટેકો આપવો એ દરેકની ફરજ છે. કોઈએ પણ તેનું રાજકારણ કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ.' આમેય સરકારની રચના થઈ ત્યારથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચે ખટપટ ચાલી રહી છે અને એમાં હવે આ કોષની રચનાને લીધે નવેસરથી વિવાદ થવાની શક્યતા છે. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

# સિસ્ટમેટિક - અનસિસ્ટમેટિક જોખમ એટલે શું?

## રોકાણનાં જોખમ




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

*'આપણે ઇતિહાસમાંથી એટલું જ શીખીએ છીએ કે આપણે ઇતિહાસમાંથી કંઈ જ શીખતા નથી.'*

*- બેન્જામિન ડિઝરાયેલી*

બાળક ચાલતાં શીખે ત્યારે હંમેશાં પડતું-આખડતું હોય છે. ગુલાબની સાથે કાંટા પણ હોય જ અને ડૉક્ટર દરદીને સાજો કરવા માટે ઓપરેશન કરે ત્યારે થોડું લોહી પણ વહી જતું હોય છે. અમુક વાત પરસ્પર વણાયેલી હોય છે. એકને બીજીથી છૂટી કરવાનું શક્ય નથી હોતું. આ જ રીતે ફુગાવો, કરવેરા, સરકારી નીતિઓ, ભૂ-રાજકીય સ્થિતિઓ અને આર્થિક ચક્રોની અસર રોકાણ પર થતી હોય છે.

આ જોખમો તંત્ર (સિસ્ટમ)માં પહેલેથી મોજૂદ હોય છે. તેમને ટાળી શકાતાં નથી. તમે ઈક્વિટીમાં રોકાણ કરો, બોન્ડમાં કરો કે પછી રિયલ એસ્ટેટમાં કરો.. ફુગાવાને કારણે તેના વળતરનો વાસ્તવિક દર ઘટી જતો હોય છે.

આ જ રીતે, વળતર જ્યારે રોકાણકારના હાથમાં આવે ત્યારે કરવેરાને કારણે તેમાં ઘટાડો થઈ જાય છે. સ્થાનિક ચલણનું અવમૂલ્યન કરવામાં આવે ત્યારે તે દેશના દરેક પ્રકારનાં રોકાણ પર અસર થતી હોય છે. તંત્રમાં પહેલેથી જ રહેલા એટલે કે અંતર્ભૂત જોખમો 'સિસ્ટમેટિક રિસ્ક' કહેવાય છે.

આવાં જોખમને લઈને તમે કંઈ જ કરી શકો નહીં. જોકે, ટાઇમ એવરેજિંગ (જેને સામાન્ય રીતે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન કહેવાય છે)ની પદ્ધતિ દ્વારા સિસ્ટમેટિક રિસ્કની અસરને ઓછી કરી શકાય છે. નિશ્ચિત સમયાંતરે નિશ્ચિત રકમનું રોકાણ કરવાથી જોખમની અસરને એટલા સમયગાળામાં વિભાજિત કરી શકાય છે. ભાવ ઓછા હોય ત્યારે વધારે યુનિટ અને ભાવ વધારે હોય ત્યારે ઓછાં યુનિટની ખરીદી કરવામાં આવતી હોવાથી લાંબા ગાળે મળતો સરેરાશ ભાવ એકંદરે રોકાણકારના લાભમાં હોય છે.

અહીં એ પણ જણાવવું રહ્યું કે ટાઇમ એવરેજિંગની પદ્ધતિથી કરાતું રોકાણ ડેટ, ઈક્વિટી કે પ્રોપર્ટી, કોઈ પણ ઍસેટ ક્લાસમાં હોઈ શકે છે.

બીજી એક પદ્ધતિ ટાઇમ એવરેજિંગ કરતાં ચડિયાતી છે. તેનું નામ છે 'વેલ્યુ એવરેજિંગ'. જોકે, વેલ્યુ એવરેજિંગની પદ્ધતિ થોડી જટિલ હોવાથી સામાન્ય સંજોગોમાં ઘણા ઓછા લોકો તેની ભલામણ કરે છે. બૅન્કની રિકરિંગ ડિપોઝિટ પણ સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાનનું જ ઉદાહરણ છે.

જોખમનો બીજો પ્રકાર એટલે અનસિસ્ટમેટિક રિસ્ક. સર્વસામાન્યપણે સમગ્ર તંત્રમાં નહીં, પરંતુ અમુક ઍસેટ ક્લાસમાં કે પછી રોકાણની કોઈ એક પ્રકારની પ્રોડક્ટમાં રહેલા જોખમને 'અનસિસ્ટમેટિક રિસ્ક' કહે છે. દાખલા તરીકે, અરબી સમુદ્રની નજીક કોઈ પણ રિયલ એસ્ટેટ ઊભી કરવા પર અદાલતે મૂકેલા પ્રતિબંધને લીધે મુંબઈમાં પ્રોપર્ટીના ભાવ તૂટે એ જોખમને 'અનસિસ્ટમેટિક રિસ્ક' કહી શકાય. અદાલતના આદેશને લીધે મુંબઈમાં ફક્ત પ્રોપર્ટીના ભાવ પર અસર થશે, અન્ય ઍસેટ ક્લાસ પર નહીં. વળી, આ અસર દરિયાકિનારે ન હોય એવાં શહેરોની પ્રોપર્ટી પર પણ નહીં થાય. આ જ રીતે, જો કોઈ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર રાજીનામું આપી દે અને એને લીધે એ કંપનીના સ્ટોકના ભાવ ઘટવાનું જોખમ ઊભું થાય તેને પણ અનસિસ્ટમેટિક રિસ્ક કહેવાય. સરકારે લાદેલાં નિયંત્રણોને લીધે સોનાના ભાવ ઘટે એ પણ આવું જ જોખમ છે.

અનસિસ્ટમેટિક રિસ્કને કાબૂમાં રાખવા માટે ડાઇવર્સિફિકેશન (વૈવિધ્યીકરણ) શ્રેષ્ઠ ઉપાય છે. દરેક રોકાણકાર માટે ડાઇવર્સિફિકેશનનો સૂચિતાર્થ અલગ હોય છે. અમુક લોકો અલગ અલગ મ્યુચ્યુઅલ ફંડ્સની એકસમાન સ્કીમમાં રોકાણ કરીને પોતે ડાઇવર્સિફિકેશન કર્યું હોવાનું માનતા હોય છે. બીજી બાજુ અમુક લોકો એક જ ઉદ્યોગની અલગ અલગ કંપનીઓમાં કરેલાં રોકાણને ડાઇવર્સિફિકેશન માની લેતા હોય છે, જેમ કે એમના પોર્ટફોલિયોમાં હિન્દુસ્તાન યુનિલિવર, મારિકો ઇન્ડસ્ટ્રીઝ, જિલેટ ઇન્ડિયા અને પ્રોક્ટર ઍન્ડ ગેમ્બલના શેર જોવા મળે. આપણે બારીકાઈથી જોઈએ તો આ બધી જ કંપની ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સની છે. બીજા એવા પણ લોકો હોય છે, જે એક જ પ્રકારની ઍસેટમાં અલગ અલગ સાધન દ્વારા રોકાણ કરતા હોય. દાખલા તરીકે, એ ઈક્વિટીમાં જ રોકાણ કરતી હોય એવી અલગ અલગ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં રોકાણ કરતા હોય.

ડાઇવર્સિફિકેશન એટલે પરસ્પર વ્યસ્ત સંબંધ ધરાવતા ઍસેટ ક્લાસમાં કરાયેલું રોકાણ. સામાન્ય ભાષામાં કહીએ તો એક ઍસેટના ભાવ વધી રહ્યા હોય ત્યારે બીજીના ભાવ ઘટતા હોય એવા પ્રકારની ઍસેટમાં કરાયેલું રોકાણ એટલે ડાઇવર્સિફિકેશન. આવા પોર્ટફોલિયોમાં વળતર સ્થિરપણે મળતું રહે છે.

કોઈ પણ રોકાણ સંપૂર્ણપણે જોખમમુક્ત હોતું નથી. જોખમ વગરનું વળતર હોય જ નહીં. આમ છતાં, જોખમને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી લેવાથી ઓછા જોખમે વધારે વળતર મેળવવાનું શક્ય બને છે. ■

# PPF વિશે આ વધુ જાણવા જેવું જરૂરી છે

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ) એકાઉન્ટ કેવી રીતે ખોલાવવુંથી લઈને એની ખાસિયતો તથા કરવેરા સંબંધિત જોગવાઈઓ વિશે આ કૉલમમાં આપણે અગાઉ વાત કરી છે..

આજે પીપીએફને લગતા બીજા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડીએ:

### પીપીએફ સામે લોન

ખાતું ખોલાવ્યાના ત્રીજાથી પાંચમા નાણાકીય વર્ષની વચ્ચે પીપીએફ ખાતાની સામે લોન લઈ શકાય છે. આ સમયગાળા બાદ પીપીએફ ખાતામાંથી માત્ર આંશિક ઉપાડની મંજૂરી છે. લોનની મહત્તમ મુદત છત્રીસ મહિના એટલે કે ત્રણ વર્ષની હોઈ શકે છે. જોકે, લોન માટે અરજી કર્યાનાં બે વર્ષ પહેલાં ખાતામાં જેટલી રકમ હોય એના મહત્તમ ૨૫ ટકાથી વધુની લોન હોઈ શકે નહીં. ઉદાહરણ તરીકે, જો તમે ૨૦૨૦-૨૧માં પીપીએફ ખાતું ખોલાવ્યું હોય અને ૨૦૨૫-૨૬માં લોન માટે અરજી કરો છો તો તમને વર્ષ ૨૦૨૩-૨૪માં તમારા પીપીએફ ખાતામાં રહેલી બેલેન્સના ૨૫ ટકા સુધીની લોન મળી શકે છે.

લોન પરના વ્યાજનો દર તમને પીપીએફના તમારા રોકાણ પર મળતા વ્યાજદર કરતાં ૧ ટકો વધુ હોય છે, જેમ કે હાલ તમને પીપીએફ પર ૭.૧૦ ટકાના દરે વ્યાજ મળે છે તેથી તમારી લોન પરનો વ્યાજદર ૮.૧ ટકા થાય. લોન ૩૬ મહિનામાં ચૂકવવાની રહે છે. જો ખાતાધારક આમ કરવામાં નિષ્ફળ જાય તો ખાતામાં મળતાં વ્યાજદર કરતાં ૬ ટકા વધુ વ્યાજદર લાગુ પડે છે. આમ, વધારે લાગતો વ્યાજદર ૧ ટકાથી વધીને ૬ ટકા થઈ જશે. લોન લેનારે પહેલાં મુદ્દલની ચુકવણી કરવાની હોય છે અને પછી વ્યાજની. આ વ્યાજ મહત્તમ બે માસિક હપ્તામાં ચૂકવવાનું હોય છે. જો મુદ્દલ ચૂકવાય, પણ વ્યાજ આંશિક રીતે કે પૂરેપૂરું ચૂકવાય નહીં તો ચૂકવવાપાત્ર રકમ પીપીએફ એકાઉન્ટની બેલેન્સમાંથી કાપી નાખવામાં આવે છે.

### પીપીએફ ખાતામાંથી આંશિક ઉપાડ

પીપીએફ એવા ખાતાધારકોને આંશિક ઉપાડની મંજૂરી આપે છે જેમને પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે ભંડોળની જરૂર હોય. જોકે, આવા ઉપાડ ખાતામાં રોકાણનાં ઓછામાં ઓછાં ૫ નાણાકીય વર્ષ પૂરાં થયાં પછી જ કરી શકાય છે. ઉપાડ પહેલાંના ચોથા વર્ષના અંતે જે રકમ હોય અને પાછલા વર્ષના અંતે જે રકમ હોય એમાંથી જે રકમ ઓછી હોય એના મહત્તમ ૫૦ ટકા જેટલી રકમ ઉપાડી શકાય છે. વળી, નાણાકીય વર્ષમાં માત્ર એક જ વાર ઉપાડ કરી શકાય છે.




### પીપીએફ ખાતામાંથી કુલ ઉપાડ

પબ્લિક પ્રોવિડન્ટ ફંડના નિયમો અનુસાર, ખાતાધારક ખાતાની પાકતી મુદતે, એટલે કે, ૧૫ વર્ષ પૂરાં થયાં પછી (જો તેઓ મુદત વધારવા માગતા ન હોય તો) પીપીએફ એકાઉન્ટમાં જમા થયેલી સંપૂર્ણ બેલેન્સ ઉપાડી શકે છે. મુદત પૂરી થયે ઉપાડ કરીને ખાતું બંધ કરી શકાય છે.

જ્યારે પણ કોઈ વ્યક્તિ પોતાના પીપીએફ ખાતામાંથી આંશિક કે સંપૂર્ણ ઉપાડ કરવા માગતી હોય ત્યારે તમામ સંબંધિત માહિતી સાથે યોગ્ય રીતે ભરેલું 'ફૉર્મ સી' સુપરત કરવું જરૂરી છે.

### પીપીએફ એકાઉન્ટ અકાળે બંધ કરાવવું...

જો આ મુજબ જણાવેલાં કારણોમાંથી કોઈ એક કારણ હોય તો પીપીએફ એકાઉન્ટને અકાળે બંધ કરવાની મંજૂરી ફક્ત પાંચ નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી જ આપવામાં આવે છે:

૧) જો ખાતાધારકને, એમના જીવનસાથીને અથવા બાળકોને ગંભીર રોગ થાય અથવા જીવલેણ બીમારીની સારવારની જરૂર હોય.

૨) જો ખાતાધારકનાં સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે નાણાંની જરૂર હોય. જોકે, શિક્ષણ અપાવવાનું છે એના પુરાવા તરીકે કૉલેજ અથવા યુનિવર્સિટીમાં બાળકના પ્રવેશની પુષ્ટિ કરતા દસ્તાવેજો સુપરત કરવાની જરૂર હોય છે.

પીપીએફ ખાતું અકાળે બંધ કરાવવામાં આવે ત્યારે ખાતામાં મળતા વ્યાજના વાસ્તવિક દરમાંથી ૧% જેટલો દંડ લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો ખાતાધારકને ૭.૧%ના દરે વ્યાજ મળતું હોય અને જો તેઓ અકાળે ખાતું બંધ કરાવે તો વ્યાજનો દર ઘટાડીને ૬.૧% કરવામાં આવે છે.

ખાતાધારકના મૃત્યુના કિસ્સામાં એમનું પીપીએફ ખાતું આપમેળે બંધ થઈ જાય છે અને જમા થયેલી રકમ એમના ખાતાના નોમિનીને ચૂકવવામાં આવે છે. ■

# ફેટ લોસ કે વેઈટ લોસ? જાણો, શું છે શ્રેષ્ઠ વિકલ્પ

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

**પહેલાના** જમાનામાં લોકો શારીરિક શ્રમ પડે તેવાં કાર્યમાં પરોવાયેલા હતા, પછી એ સ્ત્રી હોય કે પુરુષ. જોકે, હવે ખુરશીમાં બેસીને કામ કરવું એવી બેઠાડુ જીવનશૈલી થઇ ગઈ છે. અધૂરામાં પૂરું, ખાનપાનની આદતો પણ બદલાઈ ગઈ છે. દેશી અને ઘરમાં બનાવેલા ખોરાકને તિલાંજલિ આપીને લોકો બજારુ ખોરાક તરફ વધુ ઢળ્યા છે. સરવાળે જે રોગ બહુ વકર્યો છે, તે છે સ્થૂળતા.

સ્થૂળતા એ આધુનિક સમયમાં બહુ સામાન્ય થઇ ગયેલો રોગ છે. પરિણામે ડાયટિંગ કરીને વજન ઉતારવું પણ બહુ સામાન્ય થઇ ગયું છે.

બીજી બાજુ, ફેશનના કારણે પણ ડાયટિંગ અને જિમિંગ કરીને લોકો ફિટ દેખાવાનો પ્રયત્ન કરે છે. લોકો પોતાનું વજન અંકુશમાં લેવા જાતજાતના ઉપાય અજમાવતા રહે છે. આરોગ્યપ્રદ રીતે ફિટ હોવાની વ્યાખ્યાનો કોઈ વિચાર કરતું જ નથી. શરીરને સંપૂર્ણ રીતે સ્વસ્થ રાખવા માટે સ્વસ્થ વજન જાળવી રાખવું જરૂરી છે અને સાથે સાથે એ જાણવું પણ ખૂબ જ જરૂરી છે કે તમારે સ્વસ્થ વજન જાળવી રાખવા વેઈટ લોસ (વજન ઘટાડો) કરવાની જરૂર છે કે ફેટ લોસ (ચરબી ઘટાડો)?

### વેઈટ લોસ શું છે?

વેઈટ લોસનો સીધો અર્થ થાય છે કે શરીરનું વજન ઘટાડવું એટલે કે વજન ઘટાડવા માટે વ્યક્તિએ શરીરમાંથી સ્નાયુ, ચરબી અને પાણીનું વજન ઓછું કરવું પડે. આવી સ્થિતિમાં, તમે ક્રેશ ડાયટ અને ગ્લુટેન ફ્રી ડાયટ દ્વારા શરીરનું વજન ઘટાડી શકો છો, પરંતુ આમ કરવાથી માત્ર વજન જ નહીં, પરંતુ શરીર માટે જરૂરી સ્નાયુઓ પણ ઘટશે, જે શરીરને મજબૂત બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી જો તમારે સ્લિમ અને ટોન બોડી જોઈતું હોય, તો આ માટે તમારે વજન ઘટાડવું નહીં પણ ચરબી ઘટાડવી જોઈએ.

### ફેટ લોસ શું છે?

ફેટ એટલે કે ચરબી એ શરીરનો એક આવશ્યક ભાગ છે, જે શરીરના કાર્ય માટે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ શરીરમાં તેની માત્રા વધવા લાગે ત્યારે શરીરમાં સ્થૂળતા વધવા લાગે છે. શરીરમાં સંગ્રહિત આ ચરબીને બાળવાની પ્રક્રિયા 'ફેટ લોસ' તરીકે ઓળખાય છે.

શરીરની ચરબી ઘટાડવાનો સૌથી સહેલો રસ્તો છે કેલરીની ઊણપ અને સખત વર્કઆઉટ. જો તમે ટોન બોડી મેળવવા માંગતા હો તો આ માટે તમારે શરીરની વધારાની ચરબી ઓછી કરવી જોઈએ. આવી સ્થિતિમાં, તમે ક્રેશ ડાયટ અને ગ્લુટેન ફ્રી ડાયટ દ્વારા શરીરનું વજન ઘટાડી શકો છો, પરંતુ આમ કરવાથી માત્ર વજન જ નહીં પરંતુ શરીર માટે જરૂરી સ્નાયુઓ પણ ઘટશે, જે શરીરને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- તો પછી વજન ઘટાડવા અને ચરબી ઘટાડવા વચ્ચે શ્રેષ્ઠ વિકલ્પ કયો છે?


વજન ઘટાડવું એ સામાન્ય રીતે હાનિકારક માનવામાં આવે છે, કારણ કે આ પ્રક્રિયા દરમિયાન સમગ્ર શરીરના વજનમાંથી સ્નાયુઓ, પાણી, ગ્લાયકોજેન અને ચરબી નષ્ટ થાય છે. જ્યારે ચરબી ઘટાડવામાં શરીરમાં પહેલાથી જ સંગ્રહિત શરીરની ચરબી ઓછી થાય છે. તેથી તેને વધુ સારો વિકલ્પ માનવામાં આવે છે.

બીજી તરફ, તંદુરસ્ત વજન જાળવવા માટે ફક્ત તમારા વજનનું નિરીક્ષણ કરવું એ વિશ્વસનીય રીત નથી. તમે કેટલી ચરબી અથવા સ્નાયુ ગુમાવી રહ્યા છો તે જાણવું મહત્ત્વપૂર્ણ છે.

ચરબી ગુમાવીને પણ, સ્નાયુઓને જાળવી રાખીને તમે કેવી રીતે વજન ઘટાડી શકો છો?

### એ માટે પ્રોટીન લો...

તમારું ધ્યેય ચરબી ગુમાવવાનું અને સ્નાયુઓને બચાવવાનું છે તો તમારા આહારમાં પ્રોટીનની માત્રા વધારવી જોઈએ. પ્રોટીનના યોગ્ય સેવનથી વજન ઘટે છે, મસલ્સ રિપેર થાય છે અને ડેવલપ થાય છે. ઉપરાંત, કસરત કરો. વ્યાયામ સ્નાયુઓને મજબૂત બનાવે છે અને તમારું વજન ઘટાડે છે. જો તમે અઠવાડિયામાં બે થી ત્રણ વખત કાર્ડિયો અને વેઈટ ટ્રેઈનિંગ કરો છો, તો તે સ્નાયુઓ બનાવે છે અને કસરત ન કરતા લોકો કરતાં તમારી ચરબી સારી રીતે ઘટાડે છે.




### હેલ્ધી ડાયટ લો...

તમારે એવો આહાર લેવાની જરૂર છે, જેમાં શરીરમાં વધુ પોષણ અને ઓછી કેલરી હોય. તમે કેલરી ઘટાડીને અને કસરત કરીને વજન ઘટાડી શકો છો. તેથી તમારા આહારમાં વધુ ફળો, શાકભાજી, આખા અનાજ અને પ્રવાહીનો સમાવેશ કરો. આનાથી તમે વધુ ઝડપથી કેલરી ઓછી કરી શકશો.

શું તમે જલ્દી થાકી જાઓ છો?

શું તમે દરરોજ વર્કઆઉટ કરો છો અને કસરત કરતી વખતે વચ્ચે આરામની જરૂર છે? શું તમે ખૂબ જ ઝડપથી થાકી જાઓ છો અથવા કસરત કરતી વખતે હાંફવાનું શરૂ કરો છો? તો તમે જાણી લો કે તમે ચરબી નહીં, પણ સ્નાયુ ગુમાવી રહ્યા છો. તમને લાગશે કે તમે વધારે કામ કરવાને કારણે થાકી ગયા છો, પરંતુ આ એટલા માટે છે કારણ કે તમારા શરીરમાં સ્નાયુઓ ઓછા છે.

વર્કઆઉટ શરૂ કરતા પહેલા, દરેક વ્યક્તિના શરીરમાં ચરબીની ટકાવારી હોય છે. જો ઘણા દિવસો સુધી વર્કઆઉટ કર્યા પછી પણ તમારા શરીરની ચરબી એવી જ રહે છે તો તમારે સમજવું જોઈએ કે તમે સ્નાયુ ગુમાવી રહ્યા છો. તેનાં લક્ષણો પૈકી એક એ છે કે તમારા શરીર પર ચરબી તો એવી જ રહે છે પરંતુ તમારું શરીર થોડું સંકોચાય છે.

જો તમે ખૂબ જ કડક વર્કઆઉટ અને ડાયટ ફોલો નથી કરતા તો તમારું વજન સાધારણ ગતિએ ઓછું થાય છે, પરંતુ જો તમારું વજન ખૂબ જ ઝડપથી ઘટી રહ્યું છે અને તમે કોઈ ખાસ આહારનું પાલન નથી કરી રહ્યા તો તમારે સમજવું જોઈએ કે તમે ચરબીને બદલે સ્નાયુ ગુમાવી રહ્યા છો. ઝડપી વજન ઘટાડો લાંબો સમય ટકતો નથી. તે થોડા દિવસો પછી પાછો આવે છે અને તમે ફરીથી જાડા-સ્થૂળ થઈ જાઓ છો. તેથી ચરબીના નુકસાન પર ધ્યાન કેન્દ્રિત કરો અને સ્નાયુઓના નુકસાન પર નહીં. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# વિસ્મૃતિભ્રમણ સ્મૃતિભ્રંશની પરાકાષ્ઠા છે

(ગતાંકથી ચાલુ)

**(૨) ચેષ્ટાત્મક લક્ષણોઃ**

આ પ્રકારની પ્રતિક્રિયામાં દર્દી સ્નાયુઓ પરનું નિયંત્રણ ગુમાવે છે. હાથ કે પગનો લકવો, સ્નાયુઓની આંકડી, સ્નાયુઓની ધ્રુજારી વગેરે લક્ષણો જોવા મળે છે.

દર્દીમાં જે શારીરિક લક્ષણો જોવા મળે છે, તેનું કારણ શારીરિક દોષ નહીં, પરંતુ માનસિક સંઘર્ષ હોય છે. પગ બરાબર હોવા છતાં દર્દી માનસિક કારણસર પગથી અપંગ બની જાય છે.

**(૩) આંતરિક શારીરિક લક્ષણોઃ**

આ પ્રકારની વિકૃતિમાં શ્વાસોચ્છ્વાસની મુશ્કેલી, ગળું બંધ થઇ જવું, હાથ-પગ ઠંડા પડી જવા, ઊલટી થવી, ઓડકાર આવવા, વાયુની તકલીફ વગેરે લક્ષણો જોવા મળે છે પરિવર્તનની આ પ્રતિક્રિયામાં જૈવિક આધાર હોતો નથી. સંપૂર્ણ દાકતરી તપાસ દ્વારા પણ આ લક્ષણોનાં કારણો મળતાં નથી. આ શારીરિક લક્ષોણોના કારણમાં માનસિક સંઘર્ષ હોય છે.

કોલમેન નામના મનોવૈજ્ઞાનિક રૂપાંતરિત પ્રતિક્રિયાના વિકાસના ત્રણ તબક્કા ગણાવે છે.

(૧) દુઃખદ પરિસ્થિતિથી બચવાની ઇચ્છા.

(૨) આવી પરિસ્થિતિથી બચવા માટે બીમાર પડવાની ક્ષણિક ઇચ્છા.

(૩) વધારે પડતા સઘર્ષના ભારને કારણે શારીરિક લક્ષણોની અભિવ્યક્તિ.

### વિયોજિત પ્રતિક્રિયાઓ

વિયોજિત પ્રતિક્રિયાઓને પણ હિસ્ટીરિયાના એક પ્રકાર તરીકે ઓળખવામાં આવે છે. વિયોજિત પ્રતિક્રિયાઓમાં દર્દીના વ્યક્તિત્વના કેટલાક વિશિષ્ટ ગુણો વિચ્છિન્ન થાય છે- નાશ પામે છે. જેથી સમગ્ર વ્યકિતત્વનું વિઘટન થાય છે. વિચાર, લાગણી અને વર્તનમાં સંવાદિતા ખોરવાઇ જાય છે.

આ પ્રકારની વિકૃતિમાં દર્દી કોઇ શારીરિક બીમારીનો ભોગ બનતો નથી, પરંતુ તે મૂળ જીવન કરતાં તદ્દન વિપરીત- વિઘટિત થયેલા નવા જ વ્યાપારો સાથે અનુસંધાન બાં છે.

વિયોજિત પ્રતિક્રિયાઓના ચાર પ્રકાર પાડવામાં આવે છેઃ

**(૧) સ્મૃતિલોષઃ**

સ્મૃતિલોપમાં દર્દી પોતાનું નામ, રહેઠાણ, ગામ, કુટુંબ, ધંધો, સંબંધીઓ, મિત્રો, પૂર્વજીવન, ભૂતકાળની ઘટનાઓ આદિ ભૂલી જાય છે. આમ છતાં તેનો સ્મૃતિલોપ સંપૂર્ણ હોતો નથી, તેને તેની ભાષા યાદ રહે છે.

જ્યારે વ્યક્તિના જીવનમાં પ્રિયપાત્રનું મૃત્યુ, પ્રેમમાં નિષ્ફળતા, ધંધાકીય નુકસાન



કે આવી કોઇ તીવ્ર આઘાતજનક ઘટના બને છે ત્યારે તેને ભૂલવા પ્રયત્ન કરે છે તેને પરિણામે સ્મૃતિલોપ થાય છે. આમ સ્મૃતિલોપ તીવ્ર વેદનાને ભૂલી જવાના પ્રયત્નને પરિણામે આવે છે.

આ સ્મૃતિલોપ કાયમી હોતો નથી. દર્દી જો આંતરિક વેદનામાંથી મુક્ત થાય તો પછી સ્મૃતિ પાછી આવે છે.

**(૨) નિદ્રાભ્રમણઃ**

નિદ્રાભ્રમણ સ્મૃતિલોપનું તીવ્ર સ્વરૂપ છે. આ વિકૃતિમાં દર્દી નિદ્રાવસ્થામાં ભ્રમણ કરવાની ચેષ્ટા કરે છે. નિદ્રાવસ્થાની ચેષ્ટાઓ દર્દીનું જાગ્રત મન કરવું નથી, પરંતુ આ ચેષ્ટાઓ અજાગ્રત મન દ્વારા થાય છે.

દર્દી ઊંઘમાં હોય અને જાગ્રત થયા વિના ઊંઘમાં જ પથારીમાંથી ઊભા થઇને અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, પછી ફરી સૂઇ જાય છે અને સવારે જાગ્રત થાય ત્યારે તેને કોઇ યાદ હોતું નથી. ઊંઘમાં જ નિદ્રાભ્રમણ દરમિયાન કોઇની હત્યા કરવાના દાખલા પણ નોંધાયા છે.

કોઇ પણ પ્રકારના સંઘર્ષને ભૂલવાનો પ્રયત્ન થાય છે ત્યારે દમન પામેલી જે ઇચ્છાઓ બહાર આવવા પ્રયત્ન કરે છે તે ઇચ્છાઓ નિદ્રાભ્રમણ દરમિયાન બહાર આવે છે.

**(૩) વિવિધ વ્યકિતત્વઃ**

આ વિકૃતિનો ભોગ બનનાર રોગીને દ્વિવ્યક્તિત્વશીલ કે બહુવ્યક્તિત્વશીલ કહેવામાં આવે છે. કારણકે અહીં એક જ વ્યક્તિ બે અથવા વધુ પ્રકારનું વ્યકિતત્વ ધરાવે છે. જેમાં દરેક વ્યક્તિત્વ પાસે વિશિષ્ટ લાગણીઓ, વિચારો, ઇચ્છાઓ, વર્તન આદિ હોય છે. દ્વિવ્યક્તિત્વ કે બહુવ્યકિતત્વ હિસ્ટીરિયાનું નાટ્યાત્મક સ્વરૂપ છે. જેકિલ અને હાઉડનું દૃષ્ટાંત દ્વિવ્યક્તિત્વનું બહુ પ્રસિદ્ધ અને સચોટ દૃષ્ટાંત છે.

આ વિકૃતિમાં વ્યકિતત્વ વારાફરતી બદલાય છે અને આ પરિવર્તન વિશે દર્દી સભાન હોતો નથી. એક જ વ્યક્તિમાં રહેલાં આ એકાધિક વ્યકિતત્વ પરસ્પર વિરોધી કે વિપરીત હોય છે અને વિરોધી કે વિપરીત જીવનવ્યવહાર ચલાવે છે.

**(૪) વિસ્મૃતિભ્રમણઃ**

વિસ્મૃતિભ્રમણ સ્મૃતિભ્રંશની પરાકાષ્ઠા છે.

આ વિકૃતિ જન્મવાનું કારણ આંતરિક સંઘર્ષનું દમન છે. દમન પામેલી ચિંતા કે વેદના ભૂલવા માટે વ્યકિતનું અચેતન મન સતત કાર્યશીલ બની જઇ વ્યક્તિના વ્યક્તિત્વમાં વિઘટનની પ્રક્રિયા જન્માવે છે. કઠોર અને અસહ્ય વાસ્તવિકતાથી ભાગી છૂટવાની અચેતન ઇચ્છા અત્યંત સાહસપૂર્ણ છલાંગ ભરે છે અને વ્યક્તિને આશ્ચર્યકારણ સ્મૃતિભ્રંશ થાય છે.

નિદ્રાભ્રમણમાં વ્યક્તિ ઊંઘમાં ભ્રમણ કરે છે. વિસ્મૃતિભ્રમણમાં વ્યક્તિ જાગ્રત અવસ્થામાં જ બધું ભૂલીને નવેસર વ્યવહાર કરે છે.

વિસ્મૃતિભ્રમણમાં આત્મવિસ્મૃતિ થાય છે. વ્યકિત અસહ્ય સંવેગાત્મક અનુભવ, વ્યક્તિગત મુશ્કેલીઓ, પોતાનું નામ, સરનામું, વ્યવસાય વગેરે બધું જ ભૂલી જાય છે અને નવેસર જીવન શરૂ કરે છે.

સ્મૃતિલોપ દૂર થાય ત્યારે દર્દીને પોતાને બહુ નવાઇ લાગે છે કે પોતે આ નવી અવસ્થામાં કેવી રીતે આવી ગયો.

### આંકડી

હિસ્ટીરિયાનો આ તૃતીય પ્રકાર છે. આ પ્રકાર પ્રથમ બે પ્રકાર કરતાં વધારે ભયજનક છે. જ્યારે હિસ્ટીરિયા ચરમસીમાએ પહોંચે છે, ત્યારે આ પ્રકારની વિકૃતિ જન્મે છે.

બાહ્ય સ્વરૂપની દષ્ટિએ જોઇએ આંકડીનાં લક્ષણો અપસમલાણ-આંચકી ને મળતાં આવે છે, પરંતુ ઊંડાણથી જોઇએ તો બંને ભિન્ન જણાઇ આવે છે. અપસ્મારનો દર્દી ગમે ત્યાં પડી જશે. તે પોતાના શરીરને સંભાળી શકશે નહીં. તે બેભાનાવસ્થામાં પડી જાય તો શરીરને નુકસાન પણ થઇ શકે છે. પરંતુ આંકડીમાં આવું બનતું નથી. દર્દી શરીર પરનો કાબૂ જાળવી રાખે છે. શરીરને બચાવી શકે છે.

આ વિકૃતિ અર્થાત્ આંકડીનો ભોગ બનનાર દર્દી રોગના હુમલા દરમિયાન આવેગો પર કાબૂ ધરાવી શકતો નથી. પરિણામે તે આવેગોની અભિવ્યક્તિ અસ્તવ્યસ્ત રીતે કરે છે. બૂમો પાડે છે, રડે છે કે અકારણ જોરજોરથી હસે છે.

આંકડી હિસ્ટીરિયાનું એક સ્વરૂપ છે. અપસ્માર (ફેફરું) હિસ્ટીરિયાનું સ્વરૂપ નથી.

### હિસ્ટીરિયાની ચિકિત્સા

હિસ્ટીરિયાના અનેક પ્રકારો છે. હિસ્ટીરિયાનાં કારણોમાં પણ વૈવિધ્ય છે. હિસ્ટીરિયાના દર્દીમાં વ્યક્તિગત ભિન્નતા પણ હોવાની જ આમ હોવાથી હિસ્ટીરિયાનાં બધાં જ દરદીઓ માટે કોઇ એક જ પ્રકારની ચિકિત્સા ન હોઇ શકે. ડાહ્યો ચિકિત્સક આ બધાં પરિબળોને લક્ષમાં રાખીને દર્દી માટે ચિકિત્સા નિશ્ચિત કરે છે અને સતત નિરીક્ષણ કરીને નિશ્ચિત કરેલી ચિકિત્સામાં આવશ્યક સુધારા પણ કરતો રહે છે.

અપસ્મારની યૌગિક ચિકિત્સા નામના પ્રકરણમાં આપણે અપસ્મારની યૌગિક કારણમીમાંસા અને યૌગિક ચિકિત્સા વિશે વિગતે વિચારણા કરી છે. હિસ્ટીરિયા અને અપસ્માર - બંને અલગઅલગ રોગ છે. છતાં તેમની કારણમીમાંસા અને ચિકિત્સામાં ઘણી સમાનતા પણ છે. આમ હોવાથી અહીં તે બાબતોનું પુનરાવર્તન ન કરતાં આપણે અહીં સંક્ષિપ્ત ઉલ્લેખ જ કરીશું.

યૌગિક ચિકિત્સાના સિદ્ધાંનત પ્રમાણે હિસ્ટીરિયાનાં મૂળ પ્રાણમય શરીરમાં છે. ત્યાંથી શરીર અને મન પર તેમનો પ્રભાવ જોવા મળે છે. હિસ્ટીરિયાનાં દર્દી જો યૌગિક ક્રિયાઓનો અભ્યાસ કરી શકે તેમ હોય તો તેમની નીચે આપેલ યોગાભ્યાસ કરાવી શકાયઃ ૧. બસ્તિ અને ગણેશક્રિયા

૨. યોગાસનઃ

(i) શવાસન
(ii) વિપરીતકરણી અથવા સર્વાંગાસન
(iii) વક્રાસન અથવા અર્ધમત્સ્યેન્દ્રસન
(iv) યોગમુદ્રા
(v) પવનમુક્તાસન
(vi) સુપ્તવજાસન
(vi) નૌકાસન


(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# લો, આ વેલેન્ટાઈન્સ તો વેલ-ઈન-ટાઈમમાં પલટાઈ ગયો!



'તમે ઊંધાં લાલના એક્કા જેવા આકારના 'આઈ લવ યુ ઓન્લી ડાર્લિંગ' છાપેલા કાર્ડ રાખો છો? ને રાખતા હો તો એક ડઝન આપો'

હમણાં વીતેલી ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન્સ-ડે ના દિવસે ચંબુએ દુકાનદારને પૂછ્યું હતુંઃ

દુકાનદાર બોલ્યો : 'સોરી, વીસ હતા, પણ હમણાં દસ મિનિટ પહેલાં એક લલ્લી બાર લઈ ગઈ. આઠ બચ્યા છે. આપુ?'

'ઠીક છે, આઠ તો આપો' કાર્ડ લઈ નક્કી કર્યા મુજબ ચંબુ ચંપાને બગીચામાં મળ્યો. ત્યાં અચાનક બોમ્બ ફૂટ્યો. બન્યું એવું કે ચંબુના બાપુ બગીચા બાજુથી પસાર થતા હતા ત્યારે ચંબુના ખભા ઉપર ચંપાની ડોકી ઝૂકેલી જોઇ ભડકીને બરાડ્યા :

'ચંબુડાઆઆઆ....આ આપણી સંસ્કૃતિ છે?'

'શું બાપુ, તમે પણ?' ચંબુ ઠંડે કલેજે બોલ્યો :

'અરે, આ તો ચંપાની ચંપા છે?'

'વોટ ચંપાની ચંપા? ટોપા સમજાય એવું બોલ' બાપુ થોડા વધુ ઉકળ્યા

'અરે, પાડોશી ચંપકલાલ પારેખ(ચં.પા.)ની દીકરી ચંપા.. સમજાયું?'

'અચ્છા,એમ?' બાપુની વધુ છટકી :

'તમે બંને અહિયાં શું કરો છો?'

'અમે પત્તા રમીએ છીએ, લંગડી રમીએ છીએ, ઝાડ ગણીએ છીએ, નીચે મંકોડા ગણવાની તૈયારી.. અરે બાપુ, અમે બે એકલા અહી શું કરીએ છીએ એટલી સમજ આ ઉંમરે પણ ન હોય તો મારા પિતા ને બાના પતિ તરીકે રાજીનામું આપી દેવું જોઈએ...!'

'અરે ટોપા, મગજની જ નઇ તારી તો આખા શરીરની નસો ખેંચી લેવી જોઈએ'

બાપુની નસ નસમાં ખુન્નસ ભરાયું ને પગ પછાડતા નીકળી ગયા. પછી એક કાર્ડ આપી ચંબુ બોલ્યોઃ

'ચંપા બકા, આ મારા તરફથી ભેટ, હવે તું મને ભેટ...'

'ડિયર' ચંપા ચંબુને ગળે વળગતા બોલી :

'લગ્ન પછી તું મને આટલો જ પ્રેમ કરીશને?'

'યસ,પણ તારા વરને વાંધો ન હોય તો'

ચંપા જરાય ચમક્યા વગર ઠંડે કલેજે બોલી :

'સાલુ, તમે બધા પુરુષોનો એક જ જવાબ 'તારા વરને વાંધો ન હોય તો..'

'એટલે આ પહેલાં ..' ચંબુ ચમક્યો.

'યસ વ્હાલા, તારો પાંચમો નંબર છે, પણ પ્રોમિસ. મારો વર વાંધો નઇ ઉઠાવે, કારણકે ગયા વર્ષે મારા વરે જગત છોડ્યું, પણ લગ્ન પછી પતિ તરીકે તો માત્ર અભિનય જ કર્યો. જિંદગીનું અદ્ભુત નાટક. એને બીજી સાથે પ્રેમ હતો એટલે મેં તેને પકડ્યો.'

'ચંપા હવે હદ થાય છે' ચંબુ ઉગ્ર બન્યો.

'તો તું કયો મોટો સરહદમાં છે' બંને જણા કેજરીવાલ ને રાહુલની જેમ સામસામે આવી ગયા.

'ચંપા,તે મારુ દિલ તોડ્યું છે'

'અરે વાહ, મે તારું દિલ તોડ્યું? સાલું તારા વરને વાંધો નઇ હોય ને? એવું પૂછી મારા દિલને તોડવાની શરૂઆત તો તે કરી છે. કોઈ પ્રેમી પોતાની પ્રેમિકાને આવું કહેતો હશે?'

'જો, તું નહીં તો ઓર સહી. મને તો ઘણી મળશે, સમજી?' પછી કાર્ડ બતાવતાં બોલ્યોઃ

'મારી પાસેના આ આઠમાંથી એક તને આપ્યું છે. હજી સાત બાકી છે. તારા પર કઇ સિક્કો નથી માર્યો, સમજી?'

'હું તો સમજી, હવે તું સમજ. આ જો, જોઈ લે અગિયાર કાર્ડ. ડઝનમાંથી એક જ તને આપ્યું અને તે જ્યાંથી આઠ ખરીદ્યા હતા એ જ દુકાનમાંથી મેં ડઝન ખરીદેલા. તું સાતને શોધીશ તો હું બીજા અગિયારને...'

'છી.. વેરી બેડ. શરમ આવવી જોઈએ? મારી સાથે જે કર્યું એ પણ હવે મને ભૂલી જજે ને બીજા કોઈપણ સાથે..' ચંબુ તો રડવા જેવો થઈ ગયો.

'અરે વાહ, તને રડતા આવડે છે? અરે, રડવાનું ને ગાવાનુ તો મારે હોય તને મેળવવા મે પાછા પગે અંબાજી જવાની બાધા રાખેલી ખોટું બોલતી હોઉ તો મારી બાને પૂછી જો. તારા માટે હું બધુંજ છોડવા તૈયાર થઈ ને તું મને જ છોડવા તૈયાર થયો. એક તરફ આખી દુનિયા ને એક તરફ એકલો તું એવું હું માનતી. હવે મારે શું કરવાનું? મારે તો સમાજમાં દેખાડવા પૂરતો પણ વર નથી.' ચંપાની આંખમાં પણ આંસુએ ડોકિયું કર્યું.

'તો મેં પણ તને મેળવવા કુંભમેળામાં ત્રિવેણી સંગમમાં ૧૦૮ ડૂબકી મારવાની બાધા રાખેલી પણ બીજા ચારે તને પૂછ્યું તારા વરને વાંધો ના હોય તો ..'

'અરે છોડ, ચારને માર ગોળી. હું કોઈની પાસે ગઈ જ ન્હોતી પણ તું મને કહે કે તારા વરને વાંધો ન હોય તો.... તો અંદરથી સળગી ન જઉ?. અરે, તું જ મારો શ્વાસ ને તું જ મારો વિશ્વાસ, તું જ મિત્ર ને તું જ મારુ ચિત્ર ..આ ડઝન કાર્ડ જો બધામાં અલગ અલગ સંબોધન. ડિયર ચંબુડા, ચંબુપ્રસાદ, વ્હાલા ચંબુ'

'અરે તો તું પણ આ આઠ જોઈ લે વાંચ ડાર્લિંગ ચંપા, ચંપલી.' એટલું બોલી ચંપાને બાહોમાં લઈ પૂછ્યું :

'લગ્ન પછી તું આટલો જ પ્રેમ કરીશને?'

'આનાથી વધારે જો તારી વહુને વાંધો ન હોય તો ..'

'જરાય નઇ છતાં એકવાર પૂછી જોઉ 'હે ચંપાવહુ, હું આ ચંપાને પ્રેમ કરી શકુંને?' એટલું બોલી ચંપાને વધુ ભીસ ભરી.

-ને આમ વેલેન્ટાઈન્સ - ડે વેલ-ઇન ટાઈમમાં પલટાયો ..

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી


ડૉ. હર્ષા છાડવા

# અસહનીય ગૅસ્ટ્રોએન્ટેરાઈટિસ

**પ્રાચીન** સમયથી આજના આધુનિક સમય સુધી પેટમાં ગૅસ થવાની સમસ્યા હંમેશાં રહી છે. લગભગ દરેક વ્યક્તિ માટે પેટમાં ગૅસ થવાની સમસ્યા હોય છે, જે સામાન્ય બની ગઇ છે. સાંજના સમયમાં આ વધુ જણાય છે. જીવનશૈલી ખૂબ જ મોટા પાયે બદલાઇ ગઇ છે. આધુનિક સાધનોના વપરાશને કારણે શારીરિક વ્યાયામ થતો નથી. તેમ જ વર્ક ટુ હોમનું ચલણ વધી ગયું છે. બેઠાડું જીવન લગભગ બધાનું થઇ ગયું છે. જેથી શરીરની કેલરી ખર્ચ થતી નથી. કબજિયાત કે ઓછું પાચન થવાને કારણે પેટમાં ગૅસ વધુ બને છે. ગૅસની સમસ્યા વધતા એસિડિટી થાય છે અને વધુ કબજિયાત પણ રહેવા લાગે છે. આ ગૅસ અને એસિડિટીના ઉપચાર માટે દવાઓના ઉપયોગ થાય છે જેથી તે ગૅસ્ટ્રોએન્ટેરાઇટિસની સમસ્યાઓ થઇ જાય છે.

ગૅસ્ટ્રોએન્ટેરાઇટીસની સમસ્યાઓના કારણ છે. ડાયરિયાની દવા, ઊલટીની દવાઓ, કબજિયાતની દવાઓ, એસિડિટીની જે દવા જેમાં મેગ્નેશિયમ યુક્ત એન્ટાસિડ દવા, વધુ પડતી એન્ટિ બાયોટીક દવાઓ, લેકસેટિવ દવાઓનો ઉપયોગ તેમ જ અન્ય બીમારીઓની દવાઓના ઉપયોગને કારણે આ સમસ્યા વધુ પડતી થાય છે.

જીવનશૈલી અસ્તવ્યસ્તના કારણે વધુ પડતાં કેમિકલ યુક્ત ખોરાકના કારણે, ઝેરીલા મશરૂમ, સીફૂડ, પેકેટવાળાં ફળોનાં જ્યૂસ, કાર્બોનેટ યુક્ત સોફ્ટ ડ્રિન્ક, કેફેનવાળા પદાર્થો, વારંવાર તળેલા પદાર્થો, સોડા યુક્ત પદાર્થો, તળેલા પદાર્થને કુરકુરા રાખવા માટે પદાર્થ, બજારુ તૈયાર સલાડ, બ્રેડ, બજારુ દૂધની મીઠાઇઓ કે અન્ય ખાદ્ય પદાર્થ જે પાચન થતા નથી આંતરડામાં સડે છે. તેના કારણે ગૅસ્ટ્રોની સમસ્યા રહે છે. રાસાયણિક વિષાકતામાં આર્સેનિક યુક્ત દવાઓ, ભારી ધાતુ નાખેલી દવાઓ, તેમ જ ભારી ધાતુઓમાં બનતા ખાદ્ય-પદાર્થનો વપરાશ ગૅસ્ટ્રોએન્ટેરાઇટિસને સાજો થવા દેતો નથી. અને અન્ય બીમારીઓને જન્મ આપે છે. જેવી કે કમરમાં તીવ્ર દુઃખાવો જેને કારણે મણકાની ગાદી ખસી જવી. કરોડરજ્જુ વળવા લાગે, શરીર કમાન જેમ વળી જવું. ભયંકર ગૅસ થવો, મોઢામાં વાસ આવવી, અન્નનળીમાં સખત બળતરા થવી. આંતરડામાં અને પેટ ઉપર ભારી સોજા આવવા. તેમ જ પેપ્ટિક અલ્સર થવા. ગૅસ્ટ્રોઇન્ટેસ્ટાઇન કેન્સર અલ્સરેટીવ કોલાટીસ થવું. જોરદાર ક્રેમ્પસ આવવા માથુ ભારેથી અતિભારે થવું. ઓડકાર બંધ ન થવા જેવી શારીરિક નિષ્ક્રિયતાનો વ્યક્તિ ભોગ બને છે.



**આધુનિક સાધનોના વપરાશને કારણે શારીરિક વ્યાયામ થતો નથી તેમ જ વર્ક ટુ હોમનું ચલણ વધી ગયું છે, જેથી શરીરની કેલરી ખર્ચ થતી નથી. કબજિયાત કે ઓછું પાચન થવાને કારણે પેટમાં ગૅસ વધુ બને છે.**

આ ગૅસ્ટ્રોરાઇટીસ હજુ આગળ વધતાં ઇ-કોલાઇગેસ્ટ્રો અન્ટેરાઇટિસ, નોરો વાયરસ ગૅસ્ટ્રોઅન્ટેરાઇટિસ, રોટાવાયરસ ગૅસ્ટ્રોએન્ટેરાઇટિસ જેવી બીમારીઓ થઇ જાય છે. ઇ-કોલાઇગેસ્ટ્રો અન્ટેરાઇટિસ જેવા લક્ષણ જે ટ્રેવલર્સ ડાયરિયાને કારણે થાય છે તેમાં પેટ ફૂલવું, ડિહાઈડ્રેશન થવું, લોહીવાળા ઝાડા થવા વગેરે થાય છે. નોરોવાયરસ ગૅસ્ટ્રોઅન્ટેરાઇટિસ જે દૂષિત પાણી, દૂષિત ભોજનના કારણે વધુ જોવા મળે છે. રોટાવાયરસમાં ઝાડા, ઊલટી, ઝાડા રોકવાની દવાઓને કારણે આંતરડા અને પેટ પર ગંભીર સોજા આવે છે. બધી જાતના ગેસ્ટ્રોરાઇટીસ બીમારીમાં આંતરડા અને પેટ પર સોજા આવે છે. પછી ઝાડા, કમરનો દુખાવો, કરોડરજ્જુનો દુખાવો અને અલ્સર થાય છે. ગૅસની સમસ્યા થતાં જ જાગૃત થવાની વધુ જરૂર છે. ગમે ત્યારે અને ગમે ત્યાં ખાવું તેમ જ હોટેલો, ધાબાઓ અને રેકડીના દૂષિત અને કેમિકલ યુક્ત આહાર આજની મોટી સમસ્યા છે.

ગૅસની બીમારી તરફ લોકો નજરઅંદાજ કરે છે. અથવા તો દવાઓ લેવા માંડે છે. આ નાની સમસ્યા આગળ જતાં મોટું સ્વરૂપ લે છે. મારી પાસે આવતા દર્દીઓ આવી ઘણી સમસ્યાઓ લઇને આવે છે. આના ઉપચાર તો છે પણ દર્દીઓ આની સમર્થ થતાં નથી. જેથી હંમેશાં આ સમસ્યા સાથે જીવવું પડે છે.

ગૅસ થતાં કુદરતી ઉપચાર અપનાવા જોઇએ જેથી દવાઓની સાઇડ ઇફેકટને કારણે બીજી સમસ્યાનો ઉદ્ભવ ન થાય. એસિડિટી અને ગૅસ થતા દાડમનો ઉપયોગ વધારે લેવો. લીંબુ પાણી દિવસમાં એકવાર જરૂરથી લેવું. મુખવાસમાં અજમો, સૂવા, વરિયાળીનો ઉપયોગ જરૂરથી કરવો. ઓર્ગેનિક તેલ પીવું. જેવા નારિયેળ કે બદામ તેલ એક ચમચી જેટલું લેવું. કબજિયાત રહેતી હોય તો અઠવાડિયામાં બેવાર ગરમાળાનો ઉપયોગ કરવો. ડીકામારીનો ઘસારો લેવો, હીંગનો ઉપયોગ કરવો. નાની સમસ્યાને જડમૂળથી કાઢવા પ્રયત્ન કરવા.

ગૅસનો રામબાણ ઇલાજ પેટ ઉપર ઠંડા પાણીનો નેપકીન રાખવો જે થોડીવારમાં જ ગેસ અને એસિડિટી પર કાબૂ મેળવે છે. ગંભીર બીમારી થયા પછી જાગવું એ કોઇ સમસ્યાનો અંત નથી. સમય રહેતા જ આનો ઉપચાર કરવો. કમરના ઓપરેશન કરાવવા મણકાની ગાદીના ઓપરેશન કરાવવા પડે છે. અલ્સરના કારણે આંતરડાનું ઓપરેશન કરાવવા પડે છે. જેને કારણે શરીર નકામા જેવું બની જાય છે. શારીરિક નિષ્ક્રિયતા થઇ જાય છે. બીજા પર રહેવું નિર્ભર પડે છે. હંમેશાં દવાઓ ખાવી પડે છે. ખોરાક પેટમાં જતો નથી. જીવવું અસહનીય થઇ જાય છે.

ગૅસની સમસ્યા માટે શારીરિક વ્યાયામ ખૂબ જરૂરી છે. ■

feedback@bombaysamachar.com

આજની ટૂંકી વાર્તા

અતુલકુમાર વ્યાસ

# રસવન્તી

અનિકેત, મને મનમાં બહું ચિંતા રહે છે' અરવિંદે કહેલું. 'તું અમારાથી ક્યારેય છૂટો નથી પડ્યો. મુંબઈ જેવું મોટું શહેર છે, સાચવીને રહેજે...!' મોટા ભાઈએ કહેલા આ શબ્દો અનિકેત ભૂલ્યો ન હતો. એ પહેલી વાર મુંબઈ આવ્યો હતો એ પણ ખોટું નહોતું. પણ માણસે રોજીરોટી માટે તો દેશ અને પરદેશેય ક્યાં નથી જવું પડતું? જ્યારે એની તો ટ્રાન્સફર થઈ હતી, જે કંપનીનો અનિકેત કર્મચારી હતો એ કંપનીની કોર્પોરેટ ઓફિસ મુંબઈમાં હતી એટલે એ ટ્રાન્સફર અસ્વાભાવિક પણ નહોતી. પણ, મોટા ભાઈને બિચારાને એ ક્યાં ખબર હતી કે અનિકેતે આ ટ્રાન્સફર સામે ચાલીને માગેલી હતી...!

આસ્થા સાથેના સંબંધોની કરુણાન્તિકા પછી એનું મન પણ ત્યાં લાગતું નહોતું... ને એમાં પાછું બાનું અવસાન થઈ ગયું... એટલે એ શહેર સાથેના વતન તરીકેના સંબંધનો એક વધુ તંતુ પણ તૂટ્યો, ભાઈ તો બિચારો એનું માંડ પૂરું કરતો એટલે એની પાસે નાના ભાઈ માટે પ્રેમ, ચિંતા અને એક કર્કશા પત્ની સિવાય કશુંય ન હોતું. ભાઈ અને ભાભી વચ્ચે સતત ચાલતા ઝઘડા અને વિવાદોમાં હંમેશાં ચક્રવર્તી વિજેતા રહેતી ભાભી ભાઈનું પાંચ પૈસા ભારનું ઘરમાં ચાલવા દેતી નહોતી. બા ગુજરી ગઈ પછી તો ભાભીનુ એકમાત્ર અનુશાસન ઘરમાં ચાલતું. એ વખતે અનિકેત વિચારતો હતો કે બાના અવસાનનો થોડો સમય થયા પછી એ આસ્થા સાથે લગ્ન કરીને આ નરકમાંથી નીકળી જશે પણ આસ્થા જ એને છોડીને ચાલી ગઈ..! ચાલી ગઈ એટલે આસ્થા મરી નહોતી ગઈ. ક્યારેક અનિકેતને લાગતું કે દગાબાજ છોકરી એને છોડીને રાતોરાત શહેર છોડી કોઈની સાથે નાસી ગઈ એના કરતાં તો એ મરી ગઈ હોત તો સારું હતું.

આસ્થા એને છોડી ગઈ હતી પણ અનિકેતનું મન એને છોડી શકતું નહોતું. ઓફિસે અને ઘેર આવીને પણ સતત અનિકેતની સ્મૃતિઓમાં આસ્થાની સતત અને અવિરત હાજરી એને પીડતી રહી હતી. ઘર તો ભાઈભાભીની લડાઈનું કુરુક્ષેત્ર હતું જ...! ને આખરે અનિકેતને લાગ્યું કે એ વધુ સમય અહીંને અહીં રહેશે તો ગાંડો થઈ જશે. આ માહોલથી દૂર રહેવું અનિવાર્ય થઈ પડ્યું હતું એટલે મુંબઈ ટ્રાન્સફર માગીને એ આવ્યો હતો. મુંબઈ આવવાનું બીજું કારણ હતું વિનેશ...! એ વિનેશ જેનાથી અનિકેતના જીવનની એકેય વાત અળગી નહોતી. બંને એક બીજાની અંગત અંગત વાતો પણ પરસ્પરને કરતા, વિનેશ એનો બાળમિત્ર તો હતો જ અને એકસાથે જ કંપનીની નોકરીમાં જોડાયા... વિનેશ વર્ષોથી મુંબઈ હતો. જ્યારે અનિકેતને પોતે આસ્થા સાથે લગ્ન કરવા ઈચ્છે છે એ વાત વિનેશને ફોન કરીને કહી ત્યારે વિનેશે એને ફોનમાંય કહ્યું હતું, 'અનિકેતના બચ્ચા, ખબરદાર જો છોકરી મને બતાવ્યા સિવાય લગ્ન કર્યાં છે તો...'

'યાર, તું આસ્થાને જોઈને તારી ભાભી તરીકે પસંદ કરે પછી હું લગ્ન કરીશ બસ?' અનિકેતે પણ એને હસીને કહ્યું હતુંઃ પણ તું ક્યારે આવે છે...?

'કેમ બેટમજી,' વિનેશે કહ્યુંઃ 'પરણવાની બહુ ઉતાવળ છે...?

'ના યાર–' અનિકેતે નિસાસાથી કહેલુંઃ 'વીનુ હજુ તો બાના અવસાનને ત્રણેક મહિના પણ નથી થયા...'

–પણ વિનેશ આસ્થાને જોવા આવે એ પહેલાં જ આસ્થા અચાનક ગુમ થઈ ગઈ. એના પડોશીઓ કહેતા હતા કે એ કોઈની સાથે નાસી ગઈ છે એ જાણીને અનિકેતના હૃદયને જબ્બર આંચકો લાગ્યો હતો. આસ્થા દગો કરે એવી છોકરી નહોતી. એની સાથે આસ્થાએ દગો કર્યો કે એના નસીબે એને છેતર્યો એ જ અનિકેત સમજી શકતો ન હતો. આસ્થાના પપ્પા અને બીજાં સગાંઓ દિવસો સુધી આસ્થાને શોધી રહ્યાં હતાં, પણ આસ્થા પાછી આવી જ નહીં...! સાચા હૃદયથી જેને પ્રેમ કર્યો એ આસ્થા જેવી સાવ સીધીસાદી અને પ્રેમાળ લાગતી છોકરી આવો દગો કરશે એવું તો વિચાર્યુંય નહોતું. આ આઘાત જીરવવાની ત્રેવડ અનિકેતે માંડ માંડ ઝુટાવી હતી!

એકાએક રૂમમાં વિનેશનો પ્રવેશ થયો ને અનિકેતની ભાવતંદ્રા તૂટી. વિનેશે આવતાં વેંત જ પૂછ્યુંઃ 'મિ. દેવદાસ, ક્યાં ખોવાઈ ગયા હતા?'

'દેવદાસ?' અનિકેતે ફિક્કું હસતાં કહ્યુંઃ 'હવે તો હું આસ્થાને યાદ પણ નથી કરતો.'

'યાર અહીં મુંબઈમાં એક કરતાં એક હજાર આસ્થા મળી રહેશે...' વિનેશે કહ્યુંઃ 'અને હજી તને મુંબઈની ફૂલઝડીઓની તો મુલાકાત જ ક્યાં થઈ છે?'

'મુંબઈની ફૂલઝડીઓ?' અનિકેતે પ્રશ્ન કર્યો ને પછી જાતે જ કહ્યુંઃ 'ના યાર, એ પાપ કરવાની તો મારી તૈયારી નથી.'

'એ પાપ નથી મૂરખ–' વિનેશે એની ચા ઠરતાં કહ્યુંઃ 'ઈટ્સ અ હ્યુમન નીડ.'

'મતલબ તું જાય છે... ત્યાં...?' અનિકેતે સાશંક પૂછ્યું...ઃ 'એચ.આઈ.વી. થઈ જશે બુદ્ધુ.'

'આજે તો તમે પણ મારી સાથે એ સ્વર્ગની સૈર કરવા માટે પધારશો.' વિનેશ ચાની ડિશ નીચે મૂકતાં બોલ્યોઃ 'મહાત્મા સ્વામી અનિકેતજી...' એકાદ ક્ષણ રોકાઈને વિનેશે કહ્યુંઃ 'બંને દોસ્તો બે પરીઓની પૂજા કરીને બે-બે પેગ લગાવી મોડી રાત્રે પાછા આવી જઈશું. ચાલને યાર...'

'હું તો નહીં જ આવું ને તું પણ ન જાય એમ કહું છું...' અનિકેતે કહ્યું.

–પણ એ પછી ન તો અનિકેતની સમજાવટ જીતી કે ન તો વિનેશનો અનિકેતને લઈ જવાનો આગ્રહ જીત્યો. આખરે વિનેશ એકલો જ ગયો. ને અનિકેત ઘરમાં એકલો જ રહ્યો.

કિંમત ચૂકવીને પ્રેમ નહીં ભોગ ખરીદાય છે...! અનિકેત બબડ્યોય ખરો. કેટલીય વાર સુધી એકલો સેટીમાં આમતેમ આળોટતો રહેલો અનિકેત જાગતો પડ્યો રહ્યો. ચારથી પાંચ સિગારેટ ફૂંકી મારી પણ મજા પડતી નહોતી. સાંજે વિનેશ સાથે હોટેલમાં જમ્યો તે પછી પેટમાં ગોળો ઊપડતો હતો. અનિકેતને લાગ્યું કે થોડું વોકિંગ કરવાથી પેટમાં હળવાશ લાગશે, એટલે એણે ફ્લેટ લોક કર્યો ને લિફ્ટથી નીચે ઊતર્યો. વિનેશે કહ્યું હતું કે એ ખૂબ મોડો આવશે, એટલે અનિકેત સડક પર ટહેલવા નીકળ્યો. મુંબઈ આવ્યાને આમ તો એકાદ મહિનો થયો પણ ઓફિસથી વિનાયક ચોક સુધી બેસ્ટની બસમાં બેસીને બંને મિત્રો આવતા ત્યાંથી થોડું ચાલીને વિનેશનો ફ્લેટ આવતો એટલું જ મુંબઈ અનિકેતે જોયું હતું. આમ પણ સવારના નવથી સાંજના સાડાછની નોકરીમાં મુંબઈ જોવાનું એના નસીબે નહોતું બન્યું.

કહેવાય છે કે મુંબઈમાં રાત્રે દિવસ ઊગે છે એ સાચું હતું. લોકો સડકો પર છલકાતા હતા. ખાણીપીણીના ઠેલાઓ પર લોકો કીડિયારાની જેમ ઊભરાયા હતા. દૂર ફણશીકર માર્ગ હતો ત્યાં એક તરફ ફૂટપાથ પર રિમઝિમના શરબતની લારી હતી. અનિકેતે ત્યાં જઈને શરબત પીધું. પછી પાછળના સિમેન્ટના બાંકડે બેઠો. એ ફણશીકર માર્ગનું નાકું હતું. આમ તો એ કોઈ મોટો રોડ ન હતો. એક નાની ગલી હતી પણ ગલીના નાકે ફણશીકર માર્ગનું બોર્ડ લગાડેલું હતું. અનિકેતે એ શેરીમાં નજર કરી. એના ગામની અંધારી શેરી જેવી જ શેરી હતી...! શેરી જૂની મુમ્બઈયા ઢબની અને વિચિત્ર હતી. બંને તરફનાં મકાનોના પાછળના દરવાજા એ શેરીમાં પડતા હતા ને દૂર એ શેરીની પેલે પાર કોઈ નિર્જન રસ્તો હતો.

'અલી એય રસવન્તી...!' એકાએક અનિકેતના કાને આ સ્વર અથડાયો ને એણે અવાજની દિશામાં જોયું. ફણશીકર માર્ગ લખેલી ગલી જેવી સાંકડી શેરીના ઝાંખા અંજવાળામાં ત્રણેક સ્ત્રીઓ પરસ્પર મજાકમસ્તી કરવા સાવ ધીમા ડગલે આ તરફ આવી રહી હતી. એ સ્ત્રીઓ નજીકમાં આવેલા કોઈ બંધ દુકાનના ઓટલા પર આવીને બેસી ગઈ. અનિકેત એ સ્ત્રીઓની વાતો સાંભળતો હતો. એમાંની એકનું નામ રસવન્તી હતું, બીજી રોઝા હતી અને ત્રીજીને પેલી બંને ખેમી કહેતી હતી. અનિકેતને લાગ્યું કે આ પેલી પ્રકારની સ્ત્રીઓ છે, મનમાં એક પ્રકારની સૂગ લઈને અનિકેત ચાલતો થવા ઊઠ્યો, પણ એ જ વખતે એ છોકરીઓમાંથી કોઈએ કહ્યુંઃ 'ભૈયાજી, માજી ગોષ્ટ એક મિન્ટ આઈકા...'

અનિકેતે પાછળ ફરીને જોયું તો એ ત્રણ પૈકીની એક શરબતના ઠેલા તરફ આવી રહી હતી. એણે શરબતવાળા ભૈયાને કહ્યુંઃ 'તીન સ્ટ્રોંગ લીમ્બુપાની દેના. નશા ઉતારના હૈ...'

'તુમ સબ કા યે રોઝકા લફડા હૈ...' લારીવાળા ભૈયાએ પેલીને ધુત્કારતાં કહ્યુંઃ 'સાલી હજમ નહીં કર પાતી તો પીતી ક્યૂં હૈ...?'

દૂર બેઠેલી પૈકી એકે ત્યાંથી જ બૂમ પાડી કહ્યુંઃ 'અરે ભૈયે તેરે બાપને જબરજસ્તી પિલાઈ હૈ...!'

'ગિરાક જબરજસ્તી પિલાતા હૈ...ભાઉ...' પેલીએ એની સખીઓ પાસે પાછા જતાં કહ્યુંઃ 'ફટાફટ તીન ખટ્ટે બનાદે...' પેલીએ ભૈયાજી તરફ ફરીને એક સોની નોટ એની સામે ફેંકી. યહ લે ઈસ મેં સે તેરે પૈસે કાટ લેના...'

અનિકેતને આ દુનિયા અજીબ લાગતી હતી. ત્રણેય પૈકી એક જેને સ્ત્રીઓ ખેમી કહેતી હતી એણે અનિકેત તરફ વેધક દૃષ્ટિએ જોયું ને પછી અનિકેતની આંખોમાં નજર ખૂંચાડી દીધી જાણે... પછી સાડીનો છેડો ખભેથી સરકવા દઈને બેય હાથ ઊંચા કરી આળસ મરડી... આમ તો આવી સ્ત્રીઓની પાસે ઘણી અદાઓ હોય છે પણ એ ખેમી તો અનિકેતને અજીબ લાગી. એ પાછો શરબતવાળાએ મૂકેલી પાઈપની ખુરશીમાં બેસી ગયો. એમાંની એક જેને એ સખીઓ રસવન્તી કહેતી હતી એ ઓટલા પર સામેની તરફ ફરીને બેઠી હતી. એણે ચણિયાચોળી જેવું કશુંક પહેર્યું હતું જેમાંથી તેની સાવ ખુલ્લી કમર દેખાતી હતી, ને પીઠમાંય સાવ નાની પટ્ટી સિવાય જોનારની નજર અને સ્ત્રીની પીઠ વચ્ચે કશીય આડશ નહોતી. એને આ સ્ત્રીઓની વાત સાંભળવામાં રસ પડતો હતો. વારંવાર પેલી ખેમી એના તરફ જોઈ લેતી હતી.

> **અનિકેત વિચારતો હતો કે બાના અવસાનને થોડો સમય થયા પછી એ આસ્થા સાથે લગ્ન કરીને આ નરકમાંથી નીકળી જશે, પણ આસ્થા જ એને છોડીને ચાલી ગઈ..!**

મનમાં અનેક સંકલ્પો અને વિકલ્પોના ઘમાસાણા વચ્ચે પણ અનિકેત અહીંથી ઊઠી શકતો ન હતો. એણે બીજી વાર શરબત પીધું. ભૈયાજી ત્રણ ગ્લાસ લીંબુ શરબત એ ત્રણેયને દઈ આવ્યો, ને ખેમીના લાલઘૂમ હોઠ લીંબુ શરબતની ભીનાશથી ચમકતા હતા. ખેમીએ ફરી એની સામે એક તીરકસ નજરે જોયું. ને અનિકેતના લોહીમાં એક ઉછાળો આવી ગયો...! કશુંક અજુગતું કહેવાય એવા અહેસાસ સાથે પણ અનિકેત ત્યાંથી ઊઠી નહોતો શકતો. અનિમેષ નજરે એ સ્ત્રીઓની તમામ હરકતોને એ તાકી રહ્યો હતો. એણે વર્ષોથી સાંભળ્યું હતું કે મુંબઈમાં આવી સ્ત્રીઓ અને એનું ખાસ બજાર હોય છે પણ અહીં જે બની રહ્યું હતું એ બજાર ન હતું. આ તો શરીફ લોકોને રહેવાનો વિસ્તાર હતો. જોકે એણે કોઈ પુસ્તકમાં વાંચ્યું હતું કે દરેક શરીફ માણસમાં એક શેતાન તો રહેતો જ હોય છે... કદાચ શરીફ માણસમાં રહેતા શેતાનની શેતાનિયતને પોષવા માટે જ આવી સ્ત્રીઓ અહીં ભટકતી હશે...!

એકાએક! પચીસેક વર્ષનો એક યુવાન કીમતી બાઈક પર ત્યાં આવ્યો. પેલી ત્રણેયની સાથે ધીમા સ્વરે કશીક વાતચીત કરવા માંડ્યો. કેટલીક વાતચીતના અંતે એ પૈકી એક છોકરી જેને એ સ્ત્રીઓ રોઝા કહેતી હતી જે અહીં ભૈયાને ખટ્ટા શરબતનો ઓર્ડર આપવા આવી હતી એણે શરબતનો છેલ્લો ઘૂંટ ઝડપભેર પી લીધો અને ત્વરાથી ઊઠી પેલા બાઈકસવારની સાથે બેક સીટ પર બેસી ગઈ. પેલો યુવાન તેને લઈને ઝડપભેર શેરીમાં ચાલ્યો ગયો. ક્ષણમાં જ અંધાર ગલીના અંધકારમાં એ બાઈક અદૃશ્ય થઈ ગયું પણ કોઈ એક ઘરનું બારણું ખૂલ્યું. તેમાં કોઈ દાખલ થતાં જ બારણું ફરી ભિડાઈ ગયું. શેરીના અંધકારમાં અનિકેતની આંખો ખૂંપી ગઈ એને કશુંય દેખાતું ન હતું. પેલી બંને સખીઓ હજીય ધીમા ઘૂંટે ખટ્ટા લીમ્બુનો સ્વાદ માણી રહી હતી. તે બંનેની વાતો હવે સંભળાતી ન હતી.

અનિકેત કંટાળીને ઊઠ્યો.

આખરે આ અંધેર ગલીમાં શું ચાલી રહ્યું હતું એ અનિકેત ન સમજી શકે એવો મૂર્ખ નહોતો. શરબતવાળા ભૈયાને પર્સમાંથી પૈસા ચૂકવી એ ચાલતો થયો. ખેમી હજુંય એને અકળામણથી જોઈ રહી હતી. અનિકેતને પણ એક વાર પાછળ ફરીને પેલી બંને સ્ત્રીઓને જોઈ લેવાનું મન થયું. અનિકેતે જોયું કે સફેદ શર્ટ પહેરેલો એક યુવાન ખેમી સામે ઊભો હતો. કદાચ એ તેને જાણતો હતો એટલે લાંબી વાતચીતની જરૂર નહીં હોય... ખેમી બંધ દુકાનના ઓટલા પરથી નીચે ઊતરી અને બંને નિર્ધારિત ગતિએ ગલીના અંધકારમાં ઓગળવા માંડ્યાં... ગલીના સાવ ઝાંખા અંધકારમાં અનિકેત જોઈ શકતો હતો કે દીવાલ તરફ પીઠ કરીને ઉભેલી ખેમી સાથે પેલો યુવાન અધર ચાંપી રહ્યો હતો. પછી એ બંને પણ અંધકારમાં અદૃશ્ય થઈ ગયા. ઓટલા પર અવળી ફરી બેઠેલી રસવન્તી ખટ્ટા લીમ્બુ ક્યારનીય પી ચૂકી હતી.

વાળને સાવ છૂટ્ટા કરી આંગળીઓ ફેરવીને ગોઠવ્યા પછી મધમાખીનું બક્કલ લગાડી દીધું. રસવન્તીએ હાથમાં મહેંદી મૂકી હતી છેક કોણી સુધી...! કાનમાં સરસ ઝુમ્મર લટકતાં હતાં. એકાદ વાર તો અનિકેતમાં સળવળીને બેઠા થયેલા યુવાન પુરુષનેય વિચાર આવી ગયો કે દોડીને રસવન્તીની સાવ અડોઅડ પહોંચી જાઉં! પણ એક કંપનીનો એક્ઝિક્યુટિવ અને આવી સાવ હલકી સ્ત્રી સાથે...? એની આબરૂ ને તો અહીં કોઈ ઓળખતું નહોતું પણ વ્યભિચારનું પાપ કરવા એનું મન તૈયાર નહોતું. હજી તો હમણાં જ એ વિનેશને સૂફિયાણી સલાહ આપતો હતો. ને પોતે જ કદાચ લપસી રહ્યો હતો. એમ વિચારી અનિકેતને રસવન્તીથી ધ્યાન હટાવી ચાલતી પકડી પણ અનિકેત નાકું વટાવે ત્યાં જ મોબાઈલ રણક્યો. એ મોટા ભાઈનો ફોન હતો.

'ભાઈ નાનકા, ક્યાં છે તું...?' ભાઈએ પહેલો સવાલ કર્યો, ને અનિકેતથી અનાયાસે જ બોલાઈ ગયુંઃ 'બહાર નીકળ્યો છું ભાઈ, મંદિરે આવ્યો છું.' પછી ભાઈ સામે ખોટું બોલ્યાના અહેસાસથી મન ભરાઈ આવ્યું પણ એ જ્યાં ઊભો હતો એ કહેવાનું એને મન નહોતું...!

'તું જમ્યો કે નહીં?' ભાઈએ સવાલો વરસાવ્યાઃ 'દિવાળી પર આવે છને? આપણે તારા માટે છોકરીઓ જોવાની છે... ત્રણ ઠેકાણેથી વાત આવી છે. તને કંપનીનું ક્વોર્ટર મળી ગયું...?'

'હું દિવાળીએ ઘેર આવીશ ભાઈ...' અનિકેતે કહ્યુંઃ 'હજુ મને કંપની તરફથી ફ્લેટ નથી મળ્યો. અત્યારે તો હું વિનુના ફ્લેટમાં એની સાથે જ રહું છુ.'

–ભાઈએ કેટલીય વાતો કરી શિખામણો આપી એમાં ભાઈની અનેક ચિંતાઓ સમાયેલી હતી બિચારા મોટા ભાઈ...!

આખી જિંદગી વતનમાં રહીને સીધીસાદી નોકરી કરી. એને મુંબઈની રોનકની જાણ નહોતી. પણ મુંબઈનાં દૂષણોને કદાચ બરાબર જાણતા હતા એટલે જ એને શિખામણો આપી આપીને સાવધાન કર્યા કરતા હતા. અનિકેત ચાલતો થયો. ભાઈ કહેતા હતા કે એના માટે ત્રણ છોકરીઓની વાત આવી હતી. દિવાળીની રજાઓમાં ઘેર જાય ત્યારે એ છોકરીઓ જોવાની હતી. જેને જોઈને પસંદ કરી એ છોકરી તો એના નસીબમાં નહોતી. ચાલી ગઈ દગો દઈને...! વિનેશ કદાચ સાચું જ કહેતો હતોઃ છોકરીઓની જાત જ સાલી કમબખ્ત... પ્રેમનો ડોળ કરીને દગો દેવો એ એની ફિતરત છે! ભાભી ભલે કર્કશા હતી પણ એણેય અનિકેતને સમજાવેલોઃ 'અનિકેતભાઈ, આવી છોકરીના પ્રેમમાં પડ્યા એ તમારાં બદ્નસીબ હશે. સારું થયું કે એ નાસી ગઈ, પણ એની પાછળ જીવન બરબાદ ન કરશો. સારી છોકરી શોધીને લગ્ન કરી લેજો.'

એ વાત સાચી હતી.

'ઓ... રસવન્તી...' એકાએક અનિકેતને સાદ સંભળાયો. એની સામે આવી ઊભેલી કારમાંથી ડ્રાઈવર એને બોલાવી રહ્યો હતો. અનિકેતે પાછળ જોયું. પેલી બંધ દુકાનના ઓટલે બેઠેલી યુવતી એ સાદ સાથે એની સામે આવી ઊભેલી કાર તરફ ધીમા લથડતાં ડગલે આગળ વધી. એ યુવતીની આંખોમાંય હજીય નશો તગતગતો હતો. ખટાશથી એનો નશો ઊતર્યો નહોતો. અનિકેતે નજીક આવતી જતી રસવન્તીનો ચહેરો જોયો. ને એ પથ્થરનું પ્રાચીન શિલ્પ બની ગયો...!

એની સાવ લગોલગ આવી ગયેલી રસવન્તીને અનિકેતે પૂછ્યુંઃ 'આસ્થા, તું અહીં...?'

–ને એની સામે સહેજ મલકાઈને એ ચાલતી થઈ અને સામે ઊભેલી કારમાં ઝડપભેર બેસી ગઈ! (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ભોટ | SNAKE |
| ભોંય | VAULT |
| ભોંયરું | FOOLISH |
| ભોરિંગ | GUIDE |
| ભોમિયો | GROUND |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે યુએસ, કેનેડા અને ચીનમાં ઉગતા આ ફળની ઓળખાણ પડી? કાચા હોય ત્યારે લીલા રંગના હોય અને પાક્યા પછી લાલ થાય.

અ) Berry Berry  બ) Plum  ક) Cranberry  ડ) Apricot

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ૨ પ | ૩ લ | બ્ધ | ■ | ૪ પ્રો | ત્સા | ૫ હ | ન | ■ |
| ૬ ક | ર | ણ | ■ | ૭ ગ | મો | ■ | સા | ■ | ૮ પ્ર |
| ૯ ર | મ | ણી | ૧૦ ચ | તા | ■ | ૧૧ અ | વ | ૧૨ ન | તિ |
| ડો | ■ | ■ | ૧૩ સ | ગ | ૧૪ વ | ડ | ■ | ૧૫ વ | ક્રિ |
| ■ | ૧૬ કા | ૧૭ ચ | ■ | ૧૮ મ | ર | વું | ■ | ૧૯ કા | યા |
| ૨૦ ઉ | પ | હા | ર | ■ | ખ | ■ | ૨૧ આ | ર | ■ |
| ૨૨ પ | ડ | ■ | ■ | ૨૩ દ | ■ | ૨૪ ભા | વ | ■ | ૨૫ સ |
| ન | ■ | ૨૬ અ | વ | ર | જ | વ | ર | ■ | મા |
| ય | ■ | ન | ■ | રો | ■ | ■ | ૨૭ દા | ૨૮ ય | રો |
| ૨૯ ન | વ | લ | ■ | ૩૦ જ | ણ | સ | ■ | ૩૧ દા | હ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ■ | ■ | | ■ | ૭ | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ | | ■ | | ■ | |
| ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | | | ■ | | ■ | ૧૮ | | |
| ૧૯ | ■ | | ■ | ■ | ૨૦ | | ■ | | ■ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ■ | ૨૬ |
| ૨૭ | | | ■ | | ■ | ૨૮ | | | |
| ૨૯ | | ■ | ૩૦ | | | | | ■ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | ■ |

**આડી ચાવી**

૧. જેનું નિર્માણ ચાલી રહ્યું છે તે (૫)
૩. કમાન આકારનું ચણતર (૪)
૮. જલેબી---માં તળાય (૩)
૯. એક ડઝનમાં બાર --- હોય (૨)
૧૧. રબારણનો વર (૩)
૧૩. સમુદ્ર (૩)
૧૫. નાની છોકરી માથામાં બાંધે (૩)
૧૬. ગરબડ, સમસ્યા, ગોટાળો (૨)
૧૭. છીંકણી (૩)
૧૮. અંક, આંકડો, ક્રમાંક (૩)
૨૦. શાબાશીજનક ઉદ્ગાર (૨)
૨૧. પાણી જવાનો રસ્તો (જો. છૂ.) (૨)
૨૩. કમળ (૩)
૨૭. માગણી (૩)
૨૮. આવવું તે (૪)
૨૯. --- એટલે ભભકતું હોય એમ (૨)
૩૦. અમૂઝણ, કંટાળો, ચીડ (૫)
૩૧. રચનાઓનો સંગ્રહ (૫)
૩૨. પ્રવાહી (અં.) (૩)

**ઊભી ચાવી**

૧. પોતાનો આનંદ (૪)
૨. નફરત, ઘૃણા (જો.છૂ.) (૩)
૪. પ્રેમાળ (૩)
૫. ફરિયાદ (૨)
૬. બણગાં ફૂંકનાર (૫)
૭. ગરીબનો ઉદ્ધારક (૬)
૧૦. નિર્ધન, દુઃખી, સાલસ (૩)
૧૨. --- ઉપર પરદા લગાવો (૨)
૧૪. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૧૬. બમણું (અં.) (૩)
૧૯. આખી દુનિયા (૫)
૨૨. નકામી માથાફોડ, કજિયો (૪)
૨૪. ભારતીય નૃત્યનો પ્રકાર (૪)
૨૫. કોમ્પ્યુટર (૪)
૨૬. જંગલ (૩)
૨૮. એક વૃક્ષ (૩)
૩૦. હવે (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ભલા માણસનું ફરજંદ છે' વાક્યમાં 'ફરજંદ' શબ્દનો અર્થ જણાવો.

અ) ફણસ  બ) દયા  ક) સંતાન  ડ) સ્વભાવ

### માતૃભાષાની મહેક

પેય, લેહ્ય, ભોજ્ય અને ભક્ષ્ય એમ આહારના મુખ્ય ચાર પ્રકાર છે. ચૂસ્ય અને ચર્વ્ય તથા ખાદ્ય અને નિષ્પેય ઉમેરીએ તો કુલ આઠ પ્રકાર થાય. મધુર (ગળ્યો), અમ્લ (ખાટો), લવણ (ખારો), કટુ (તીખો), તિક્ત (કડવો) અને કષાય (તૂરો) એમ છ મુખ્ય રસો અને અનુરસોમાં બધાં જ આહાર – દ્રવ્યોનો સમાવેશ થઈ જાય છે.

### સુડોકુ-૮૦૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૫ | ૧ | | | ૩ |
| | | ૫ | | ૬ | | | | |
| ૬ | ૪ | | | | | | | ૨ |
| ૯ | | | ૬ | ૧ | | ૮ | | ૫ |
| | | | | | | | | |
| ૪ | | ૨ | | ૭ | ૫ | | | ૬ |
| ૨ | | | | | | | ૬ | ૭ |
| | | | | ૩ | | ૧ | | |
| ૧ | | | ૯ | ૨ | | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૭ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૧ | ૭ | ૮ | ૩ | ૯ | ૫ | ૨ |
| ૯ | ૩ | ૭ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૭ | ૫ | ૩ | ૯ | ૬ |
| ૨ | ૯ | ૩ | ૧ | ૪ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૭ | ૪ | ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૧ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૪ | ૩ | ૮ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PSEPHOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સ્વભાવ  બ) સમય  ક) ચૂંટણી  ડ) ચમત્કાર

### ઈર્શાદ

એમના મહેલને રોશની આપવા,
ઝૂંપડી પણ અમારી જલાવી દીધી.

-- બરકત વિરાણી 'બેફામ'

### માઈન્ડ ગેમ

પૃથ્વીના પટ પર મોટાભાગના જીવ બહુકોષી હોય છે પણ એક અત્યંત સૂક્ષ્મ એકકોષી જીવનું પણ અસ્તિત્વ છે. એ કયા નામથી ઓળખાય છે?

અ) હાઈડ્રા  બ) સી એનીમોન  ક) અમીબા  ડ) શ્રિમ્પ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કોશ | TREASURE |
| કોસ | LEATHER BUCKET |
| કોષ | CELL |
| કોલ | PROMISE |
| કોલું | FOX |

માઈન્ડ ગેમ: નેધરલેન્ડ્સ

ઓળખાણ પડી?: હરિમન શર્મા

ગુજરાત મોરી મોરી રે: ભાષા

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: સુખ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) ગીતા ઉદેશી (૯) પ્રતીમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) નુતન વિપીન

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# કાજુ-બદામથી અધિક શક્તિશાળી ગણાય છે કાશ્મીરી લસણ



**સાધારણ** સફેદ લસણની તુલનામાં કાશ્મીરનું એક કળીનું લસણ આરોગ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કાશ્મીરી લોકોનું માનવું છે કે કાજુ-બદામ-અખરોટ જેવા વિવિધ સૂકામેવાનો ઉપયોગ આરોગ્ય માટે જેટલો ગુણકારી છે, તેવું જ કાશ્મીરી લસણ સ્વાસ્થ્યપ્રદ છે. સામાન્ય લસણની તુલનામાં કાશ્મીરી એક કળીનું લસણ સાતગણું વધુ ફાયદાકારક ગણાય છે. આ પહાડી લસણ દેખાવમાં અત્યંત આકર્ષક હોય છે. અત્યંત નાનું, સફેદ મોતી જેવું ગોળ દાણેદાર હોય છે. કાશ્મીરમાં તેને ‘કહસુન’ કહેવામાં આવે છે. તેનો સ્વાદ તીખો તેમજ સુગંધ તીવ્ર હોય છે. તેથી તેનો ઉપયોગ ખાસ મસાલા તેમજ ઔષધી બનાવવામાં થાય છે. એક કળીના લસણ તરીકે ઓળખાતા કાશ્મીરી લસણમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ, વિટામિન સી તથા ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં છે. જેને કારણે આરોગ્યને જાળવવામાં મદદરૂપ ગણાય છે. શિયાળામાં તેનો ઉપયોગ ખાસ થતો હોય છે. ફક્ત એક કળીનું સેવન કરવાથી શરીરમાં ગરમાવો અનુભવાય છે. આ લસણની ખેતી કાશ્મીરમાં ખાસ કરવામાં આવે છે તેની પાછળ ત્યાંનું ઠંડું વાતાવરણ અત્યંત ઉપયોગી ગણાય છે. ત્યાંની માટી તેમજ ઠંડી હવા પર્યાવરણની દૃષ્ટિએ વિશિષ્ટ ગુણો ધરાવતી ગણાય છે. સ્નૉ લસણ, હિમાલયન લસણ કે પોથી લસણના નામે ઓળખાતાં એક કળીના કાશ્મીરી લસણમાં પોષક તત્ત્વોની માત્રા ભરપૂર સમાયેલી છે. જેવાં કે મેંગેનિઝ, વિટામિન બી-૬, વિટામિન-સી, સેલેનિયમ, ફોસ્ફરસ, કૅલ્શિયમ, વિટામિન-બી-૧. જેને કારણે કૅન્સર, થાઈરોઈડ, અસ્થમા, કૉલેસ્ટ્રોલ જેવી ગંભીર બીમારીના પ્રકોપને ઘટાડવામાં મદદ મળે છે.

કાશ્મીરી લસણને વિવિધ ભાષામાં અલગ-અલગ નામથી ઓળખવામાં આવે છે.

હિન્દીમાં કાશ્મીરી લહસુન, કાશ્મીરમાં રોહંજ, બંગાળીમાં કાશ્મીરી રોશુન, તેલુગુમાં કાશ્મીરી વેલ્લુલી, કન્નડમાં કાશ્મીરી બેલ્લુલી, મલયાલમમાં કાશ્મીરી વેલુથુલ્લી કહેવામાં આવે છે.



### કાશ્મીરી લસણની ચટણી

સામગ્રી : ૧૦૦ ગ્રામ પહાડી લસણ, ૧૦ નંગ કાશ્મીરી લાલ આખા મરચાં, ૧ ચમચી શેકેલાં સૂકા ધાણા, સ્વાદાનુસાર મીઠું, ચપટી હિંગ, ૧ ચમચી તેલ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ લસણને છોલી લેવું. મરચાંને હૂંફાળા પાણીમાં પલાળીને ૧૫ મિનિટ રાખવાં. હવે મિક્સર જારમાં મરચાં, લસણ, આખા ધાણા, હિંગ સ્વાદાનુસાર મીઠું લઈને વાટવું. હવે કડાઈમાં તેલ ગરમ કરીને તેમાં મિશ્રણ ઉમેરવું. ૨-૩ મિનિટ પકાવી લેવું. ઠંડું થાય ત્યારબાદ કાચની નાની બરણીમાં ભરીને રાખવું. સ્વાદિષ્ટ ચટણીનો ઉપયોગ ગરમાગરમ પરાઠા, ખીચડી કે દાળભાત સાથે કરવો. એક સપ્તાહ સુધી ચટણી શિયાળામાં બહાર પણ સારી રહેશે. વધુ સમય માટે રાખવી હોય તો ફ્રિજમાં રાખવી.

## કાશ્મીરી લસણના સ્વાસ્થ્યવર્ધક લાભ

**લાંબા સમયથી સતાવતી શરદી-ખાંસી જેવી વ્યાધિને દૂર કરવામાં ગુણકારી :**
વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલાં સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે કાશ્મીરી લસણનું સેવન નિયમિત કરવાથી લાંબા સમયથી સતાવતી શરદી-ખાંસી જેવી વ્યાધિમાં ૫૦ ટકા જેટલી રાહત મેળવી શકાય છે. વળી આ લસણનું સેવન અન્ય બીમારીને શરીરમાં પ્રવેશતાં રોકવામાં મદદ કરે છે. તેનું મુખ્ય કારણ છે કાશ્મીરી લસણમાં સમાયેલું ખાસ સત્ત્વ ‘એલિસિન’. નરણાં કોઠે ૨-૩ કળી લસણને છોલીને થોડું કચરી લેવું. ૨-૩ મિનિટ તેને રહેવાં દેવું. ત્યારબાદ તેને ચાવી જવું. ઉપર હૂંફાળું પાણી પી લેવું. આ નુસખો આરોગ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે.

**હૃદયની તંદુરસ્તી માટે લાભકારી :** ભારતીયો તેમજ વિદેશમાં વસતાં ભારતીયોમાં કાશ્મીરી લસણ અત્યંત લોકપ્રિય છે. તેનું મુખ્ય કારણ હૃદયના સ્વાસ્થ્ય માટે તેનો ઉપયોગ ઘણો જ લાભકારક ગણાય છે. એલિસિન રક્ત કોશિકાને પહોળી બનાવવામાં મદદ કરે છે. જેને કારણે શરીરમાં લોહીનું પરિભ્રમણ સુધરે છે.

બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. કાશ્મીરી લસણ લોહીમાં રહેલાં ખરાબ કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** કાશ્મીરી લસણને વહેલી સવારે નરણાં કોઠે ચાવીને ખાઈ લેવું. જેને કારણે શરીરમાં થોડી જ વારમાં ગરમાવો આવી જશે. બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે છે. એવું કહેવાય છે કે લોહીને પાતળું કરવામાં તથા તેની ડેન્સિટી ઘટાડવામાં મદદ કરે છે. સ્નાયુઓને આરામ મળે છે. કાશ્મીરી લસણમાં સમાયેલું કેમિકલ ‘હાઈડ્રોજન સલ્ફાઈડ’ બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**ચેપ તથા વાઈરસના સંક્રમણથી બચાવે છે :** કાશ્મીરી લસણમાં પ્રાકૃતિક ઍન્ટિ-બાયોટિક હોય છે. જે શરીરમાં ઝડપથી ફેલાઈને ચેપ લગાવતાં જીવાણુને મારી નાંખે છે. કાશ્મીરી લસણમાં એલિસિન નામક ખાસ તત્ત્વ હોય છે. જે કૉલેસ્ટ્રોલ લેવલને ઘટાડવામાં મદદ કરે છે. જેને કારણે હૃદયની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે.

**કૅન્સરને ટક્કર આપવામાં ઉપયોગી :** આ પહાડી લસણનો આહારમાં ઉપયોગ કૅન્સર જેવી બીમારીમાં ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં રહેલું ડાયલિલ ટ્રાઈસલ્ફાઈડ નામક એક સત્ત્વ ઑર્ગેનોસલ્ફર યોગિક હોય છે. શરીરમાં કૅન્સરની કોશિકાનો નાશ કરવામાં લાભકારક ગણાય છે. યુનિવર્સિટી ઑફ નૉર્થ કૅરોલિના દ્વારા કરવામાં આવેલાં સંશોધન દ્વારા જાણવા મળ્યું હતું કે હિમાલયન કે કાશ્મીરી લસણનું સેવન કરવાથી શરીરમાં કૅન્સર હોવાની કે થવાની શક્યતા ઘટી જાય છે, સામાન્ય લસણ પણ કૅન્સર સામે લડવામાં લાભદાયક ગણાય છે.

**ડાયાબિટીસમાં લાભકારક :** ડાયાબિટીસનો વ્યાધિ આજકાલ નાના-મોટા પ્રત્યેક વયના લોકોમાં ફેલાતો જોવા મળે છે. હિમાલયન લસણનું સેવન કરવાથી ડાયાબિટીસના દર્દીઓમાં બ્લડ શુગરનું સ્તર નિયંત્રણમાં રહેતું જોવા મળે છે.

**કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં ગુણકારીઃ** હિમાલયન એક કળીનું લસણ શરીરમાં હાઈકૉલેસ્ટ્રોલની માત્રા ઘટાડવામાં ગુણકારી ગણાય છે. વિવિધ શોધ તેમજ સ્થાનિક લોકોના અનુભવ દ્વારા જાણવા મળે છે કે ‘સ્નૉ લસણ’ તરીકે ઓળખાતા કાશ્મીરી લસણનો ઉપયોગ નિયમિત કરવાથી માનવ શરીરમાં ૨૦ મિલિગ્રામ ડીએલ કૉલેસ્ટ્રોલ તથા ટ્રાઈગ્લિસરાઈડની માત્રા ઘટેલી જોવા મળી હતી. લસણની ૩-૪ કળીને વહેલી સવારે છોલીને ખાલી પેટ ખાઈ લેવાથી વધેલું કૉલેસ્ટ્રોલનું પ્રમાણ થોડા સમયમાં ધીમે ધીમે આપોઆપ ઘટતું જોવા મળ્યું હતું.

**સાંધાના કે હાડકાંના દુખાવામાં લાભકારીઃ** આજકાલ બેઠાડુ દિનચર્યાને કારણે નાની વયમાં સાંધામાં તેમજ હાડકાંમાં દુખાવાની તકલીફ થતી જોવા મળે છે. અનેક વખત શરીર જકડાઈ જતું હોય છે. તેમાં પણ શિયાળાની ઠંડીમાં સમસ્યા વધી જતી હોય છે. દુખાવાથી રાહત મેળવવા માટે આયુર્વેદિક રામબાણ ઈલાજ કાશ્મીરી લસણનો ઉપયોગ ગણાય છે. વહેલી સવારે નરણાં કોઠે લસણની છાલને કાઢી લેવી. ત્યારબાદ લસણને ચાવી જવું. વાસથી રાહત મેળવવા માટે તેની ઉપર હૂંફાળું પાણી પી જવું. થોડો સમય લસણને વહેલી સવારે ખાવાનું હોવાથી ઊબકા આવશે. નિયમિત સેવન કરવાથી આદત કેળવાઈ જશે. નાના અમથાં એક કળીના લસણના વિવિધ સ્વાસ્થ્યવર્ધક લાભ શરીરને મળવા લાગશે.

કિંમતની વાત કરીએ તો કાશ્મીરી લસણનો ભાવ કિલોના રૂપિયા ૨૪૦૦ જોવા મળે છે. કાશ્મીરી લસણની ખાસ વાત છે કે તેને એક વખત મંગાવ્યા બાદ ૫-૬ મહિના માટે સાચવી શકાય છે. ઝડપથી બગડતું નથી. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ડેન્ગ્યુ

### ડેન્ગ્યુનાં લક્ષણઃ



* માથામાં દુઃખાવો, શરીરમાં કળતર બેચેની તથા અશક્તિ થવી, સ્નાયુ અ સાંધાઓમાં દુઃખાવો થવો, આંખો દુઃખવી ઊલટી, ઊબકા આવવા.
* પેટમાં દુઃખાવો થવો અને ઝાડા થવા
* ચામડી ઉપર લાલાશપડતા ટપકાંવાળ રેસા થવા.

### ડેન્ગ્યુ થવાનાં કારણઃ

ડેન્ગ્યુના વાઈરસનો ચેપ લાગેલું મચ્છ જ્યારે વ્યક્તિને કરડે ત્યારે ડેન્ગ્યુનો તા આવે છે.

### ડેન્ગ્યુમાં આહારઃ

* સાતથી દસ દિવસ સુધી અનાજ બંધ કરી માત્ર ફ્રૂટ જ્યૂસ, લીંબુ અને નાળિયેરનું પાણી વગેરે પ્રવાહી પર જ રહેવું.
* પપૈયું અને પપૈયાનાં પાનનો જ્યૂસ આ રોગનો અકસીર ઈલાજ છે.
* બાફેલી વસ્તુ, લીલાં શાકભાજી અને ફ્રૂટ લેવાં.
* ગળ્યાં, તળેલાં, ખાટાં અને તીખા પદાર્થો ન લેવા.

### ડેન્ગ્યુના ઉપચારઃ

૧) અડધો કપ પપૈયાનાં પાનનો રસ કાઢી કપડાથી ગાળીને પીવો.

૨) ૧ કપ પાણીમાં અડધી ચમચી મેથીના દાણા નાખીને અડધો કપ પાણી રહે ત્યાં સુધી ઉકાળીને ગાળી લેવું. આવું પાણી દિવસમાં ૩ વાર પીવું.

૩) લીમડાનાં પાનના રસમાં ૧ ગ્રામ મરીનું ચૂર્ણ મેળવી સવાર-સાંજ પીવું.

૪) ૨ કપ પાણીમાં તુલસીનાં ૨૦ પાન તથા ૫ નંગ મરી ૫ મિનિટ સુધી ઉકાળી, તેને ગાળી દિવસમાં બે વાર પીવું અથવા તુલસીના પાનને ચાવવાથી પણ ડેન્ગ્યુની ગરમી ઘટે છે.


૫) ૨૦ ગ્રામ કડુ, ૨૦ ગ્રામ કરિયાતું અને ૧ ચમચી ખાંડેલા મરી ૧ કપ પાણીમાં ઉકાળીને ગાળીને દિવસમાં ૨ વાર સવાર-સાંજ પીવું.

### સાવધાની

ડેન્ગ્યુનો ફેલાવો કરતા મચ્છરો વધુ પ્રમાણમાં સ્વચ્છ પાણીમાં જ રહેતા હોય છે. માટે પાણી ભરેલાં વાસણો, ટાંકી, કૂંડાં વગેરે ખુલ્લાં ન રાખવાં.

* ડેન્ગ્યુના દર્દીએ સંપૂર્ણપણે પથારીમાં આરામ કરવો, જેથી બીમારી વધુ ગંભીર થતી અટકાવી શકાય.
* ડેન્ગ્યુના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો.
* દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું. જેથી ડેન્ગ્યુનો ચેપ બીજાને ન લાગે.
*શક્ય હોય તેટલું ઠંડા વાતાવરણમાં રહેવું. કેમ કે એવા વાતાવરણમાં મચ્છરો ઓછા હોય છે.
* ડેન્ગ્યુના મચ્છરો રાત્રિ કરતાં દિવસે, પરોઢિયે તથા સંધ્યા સમયે વધારે હોય છે. તેથી તે સમયે બહાર ઓછું રહેવું.

# કમળોનો કોપ



આયુર્વેદની દૃષ્ટિએ કમળો એ પિત્તદોષની વિકૃતિ છે. સામાન્ય રીતે લિવર જ બિલિરૂબિન (એક પ્રકારનું પિત્ત)ને લોહીમાંથી મળ કે પેશાબ દ્વારે બહાર કાઢી નાખે છે, પરંતુ કમળા દરમ્યાન બિલિરૂબિન લોહીની અંદર જ રહે છે, તેથી ચામડીનો રંગ પીળાશવાળો થઈ જાય છે.

### લક્ષણ

* આંખો તથા શરીરની ચામડીનો રંગ પીળાશ પડતો થવો.
* જમ્યા પછી ઊલટી-ઊબકા થવા, પેટમાં દુઃખાવો થવો.
* પેશાબ ઘાટો પીળો થવો અને ઝાડો આછા સફેદ રંગનો થવો.
* અશક્તિ-કમજોરી રહેવી.
*તાવ આવવો, શરીર તૂટવું તથા શરીર પર ખંજવાળ આવવી.

### કમળો થવાનાં કારણઃ

હીપેટાઈટીસ- A-B-C-D અથવા E - વાઈરસના ચેપથી.
*દારૂના વ્યસનથી, યકૃત પર સોજો આવવાથી.
* પિત્તાશયની પથરી થવાથી અથવા પિત્તવર્ધક આહાર-વિહારથી.

### કમળામાં આહારઃ

* શરૂઆતમાં હળવો ખોરાક લેવો. તેમાં પણ શક્ય હોય તેટલાં પ્રવાહી ખોરાક વધુ લેવાં. જેથી આંતરડાંને આરામ મળે.
* મેંદાની વાનગીઓ, ગળ્યા તથા તેલ-ઘીયુક્ત પદાર્થોનો સદંતર ત્યાગ રાખવો.
* ફ્રૂટ જ્યૂસ (ગાજર, બીટ વગેરે), મગનું ઓસામણ, સૂપ, નાળિયેરનું પાણી વગેરે લઈ શકાય. વધુ પ્રમાણમાં લીલાં શાકભાજી અને તાંદળજાની ભાજી આહારમાં લેવી. જેથી લોહી શુદ્ધ થાય.
* રોજ સવારે થોડું મીઠું અને મરી નાખીને ૧ કપ ટમેટાનો જ્યૂસ પીવો.
* શેકેલા દાળિયા રોજ ગોળ સાથે કે એકલા જમવા.
* દહીં અને છાશ લઈ શકાય, પરંતુ દૂધનો બને ત્યાં સુધી ત્યાગ રાખવો.
* તાવમાંથી રાહત થયા બાદ ધીરે-ધીરે દહીં-ભાત જેવો હળવો ખોરાક લેવાનું શરૂ કરવું.

### કમળાના ઉપચારઃ

૧) સૂર્યોદય પહેલાં પાકેલાં ૨ કેળાં ૨ ચમચી મધ સાથે લેવાથી કમળામાં ખૂબ જ રાહત થાય છે.

૨) શેરડીને ઝાકળમાં રાખી સવારે તેને ચૂસીને ખાવી.

૩) રોજ સવારે લીંબુની ચીર ઉપર ખાવાનો સોડા નાખીને ચૂસવી.

૪) આદુનો રસ ને ગોળ ભેગાં કરીને ખાવાં.

૫) મધ સાથે ગાજરનો રસ પીવો.

૬) સૂંઠ અને ગોળ ભેગાં કરીને ખાવાથી કમળામાં રાહત થાય છે.

૭) ૧૦૦થી ૨૦૦ ગ્રામ દહીંમાં ૨થી ૪ ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળામાં રાહત થાય છે.

૮) અડધો કપ તાંદળજાની ભાજીના રસમાં ૧ ચમચી સાકર નાખીને સવાર-સાંજ પીવો.

૯) ૫૦ ગ્રામ દહીંમાં ૫ ગ્રામ હળદરનું ચૂર્ણ મેળવીને ખાવું.

૧૦) સવારમાં નરણે કોઠે ૨ ચમચી મધ તથા લીમડાનાં પાનનો રસ પીવો.

૧૧) દોઢ ગ્રામ સાજીખારની ભૂક્કી, ૧૦ ગ્રામ ગોળમાં મેળવીને રોજ સવાર-સાંજ ખાવી.

૧૨) ૫-૭ પીપળાના પાનને વાટીને રસ કાઢીને તેમાં ૧ ગ્લાસ પાણી અને સાકર ઉમેરી સવાર-સાંજ પીવું.

### સાવધાની

* દર્દીએ ખાસ સંપૂર્ણ આરામ કરવો. ભૂલેય કોઈ પણ શારીરિક કે માનસિક શ્રમ કરવો નહિ. થોડોઘણો શ્રમ કરવાથી પણ દવાની કાંઈ અસર થતી નથી. ■

feedback@bombaysamachar.com
વિશેષ
દિક્ષિતા મકવાણા

# પપૈયાનાં બીજ કચરો છે એમ સમજીને ફેંકશો નહીં...

## તે ડાયાબિટીસથી કોલેસ્ટ્રોલ સુધી સંતુલન રાખે છે

*પોષક તત્વોથી ભરપૂર પપૈયું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. પરંતુ તમને જણાવી દઈએ કે, પપૈયાની જેમ તેના બીજ પણ પોષક તત્વો અને ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. પપૈયાના બીજમાં એન્ટીઑક્સિડન્ટ, બળતરા વિરોધી, એન્ટિબેક્ટેરિયલ અને એન્ટિવાયરલ ગુણધર્મો હોય છે, જે ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરી શકે છે. પપૈયાના બીજ ખાવાથી માત્ર પાચનક્રિયા સુધરે છે જ, પરંતુ તે શરીરને ડિટોક્સિફાઇ કરવામાં અને ઘણી બીમારીઓથી બચાવવામાં પણ મદદરૂપ થાય છે.*

*પપૈયાના બીજ સ્વાસ્થ્ય માટે એક ઉત્તમ કુદરતી ઉપાય છે. તેને ખાવાથી પાચન, લીવર, કિડની અને હૃદયનું સ્વાસ્થ્ય સુધરે છે. આ ઉપરાંત તે વજન ઘટાડવા, ચેપથી બચવા અને ત્વચાના સ્વાસ્થ્યમાં પણ મદદ કરે છે. ચાલો સવિસ્તારથી જાણીએ આ બીજના ફાયદા...*



### મહત્વપૂર્ણ બાબત

પપૈયાના બીજનું વધુ પડતું સેવન કરવાનું ટાળો. વધુ પડતા સેવનથી પેટ ખરાબ થઈ શકે છે. દરરોજ એક ચમચી બીજ પાવડર લેવાની સલાહ આપવામાં આવે છે. બીજી બાજુ સગર્ભા સ્ત્રીઓએ પપૈયાના બીજનું સેવન ન કરવું જોઈએ. આનાથી ગર્ભપાતમાં સમસ્યાઓ થઈ શકે છે. બાળકોએ પપૈયાના બીજ ઓછી માત્રામાં ખાવા જોઈએ.

### પપૈયાનાં બીજના ફાયદા

પપૈયાના બીજ ખાવાથી પાચનક્રિયા સુધરે છે. પપૈયાના બીજમાં પપેન નામનું એન્ઝાઇમ હોય છે, જે પાચનમાં સુધારો કરે છે. તે ખોરાકને સરળતાથી પચાવવામાં મદદ કરે છે અને કબજિયાતની સમસ્યામાં રાહત આપે છે. પપૈયાના બીજ લીવર માટે પણ ફાયદાકારક છે. આ લીવરમાંથી ઝેરી તત્વો દૂર કરવામાં અને લીવરની કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે. પપૈયાના બીજમાં ફાઇબર હોય છે, જે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. તેનું સેવન વજન ઘટાડવામાં મદદ કરી શકે છે, કારણ કે તે ચયાપચયમાં સુધારો કરે છે.

પપૈયાના બીજ કિડની માટે પણ સારા છે. તે કિડનીના કાર્યમાં સુધારો કરે છે અને કિડનીમાં સંચિત ઝેરી તત્વોને દૂર કરવામાં મદદ કરે છે. પપૈયાના બીજમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિવાયરલ ગુણધર્મો હોય છે, જે શરીરને બેક્ટેરિયા અને વાયરલ ચેપ સામે લડવામાં મદદ કરે છે. ઉપરાંત પપૈયાના બીજમાં એન્ટીઑક્સિડન્ટ અને ફ્લેવોનોઇડ્સ જોવા મળે છે, જે ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. પપૈયું કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં પણ ફાયદાકારક છે. પપૈયાના બીજમાં ઓલિક એસિડ જોવા મળે છે, જે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડીને વધેલા કોલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરી શકે છે.

### પપૈયાનાં બીજનું સેવન કેવી રીતે કરવું

તમે પપૈયાના બીજ ઘણી રીતે ખાઈ શકો છો. તમે તેને કાચું પણ ખાઈ શકો છો. કાચા પપૈયાના બીજ ખાવાથી વધુ પોષણ મળે છે. પપૈયાના બીજનો પાવડર બનાવીને પણ ખાઈ શકાય છે.

આ ઉપરાંત તેના બીજને મિક્સરમાં નાખીને તેનો રસ કાઢીને પણ તેનો તાજો રસ પી શકાય છે. કેટલાક લોકો પપૈયાના બીજને પાણીમાં ઉકાળીને પણ ખાય છે. તમે તમારા મનપસંદ સ્મૂધીમાં પપૈયાના બીજ પણ ઉમેરી શકો છો. ■

# મુંબઈ-પુણે વચ્ચે આવ-જા વધુ સરળ બનશેઃ બે એલિવેટેડ કોરિડોર બે વર્ષમાં થશે પૂરા

મુંબઈઃ ઘરની રોજગારી સરળ રીતે ચાલે એ માટે ઘણાં લોકો મુંબઈ અને પુણે એમ બંને શહેરો વચ્ચે નિયમિત આવ-જા કરતા જોવા મળતા હોય છે. જોકે આ બંને શહેરો વચ્ચેની મુસાફરીમાં પીસાતા જતા આ વર્ગ માટે હવે પરિવહન માટે સરકાર વધુ સરળ ઉપાય શોધી રહી છે. એમએમઆરડીએના કમિશનર સંજય મુખર્જીએ ૧૧૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ અંગે માહિતી આપી હતી જે આ બંને શહેરો વચ્ચેની પરિવહન સેવા વધુ સરળ બનાવશે.

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે અને નવા બનેલા મુંબઈ ટ્રાન્સ હાર્બર સી-લિન્ક (એમટીએચએલ)ને જોડતા બે એલિવેટેડ કોરિડોરના નિર્માણ માટે પહેલું પગલું લેવામાં આવ્યું છે અને જમીન હસ્તાંતરણ અને અન્ય બાબતો પણ પૂરી થવાને આરે છે. અંદાજે બે વર્ષમાં એટલે કે ફેબ્રુઆરી, ૨૦૨૭માં આ બંને એલિવેટેડ કોરિડોર પુણે-મુંબઈના કામદાર વર્ગ માટે લાભદાયી નીવડશે, એવું મુખર્જીએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ એમએમઆરડીએનો છે. પ્રોજેક્ટનો ચોક્કસ ખર્ચ ૧૧૦૨.૭૫ કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ બે એલિવેટેડ કોરિડોર એક બાજુ ટ્રાન્સ હાર્બર સી-લિંક પર ચિરાલેથી ગવ્હાણ ફાટા સુધીના ભાગને જોડશે. જેની લંબાઈ ૪૯૫૮ની હશે. બીજી તરફ, પળસ્પે ફાટાથી મુંબઈ-પુણે એક્સપ્રેસ વેને જોડવામાં આવશે. આ કોરિડોરની લંબાઈ ૧૭૦૦ મીટર હશે. આ બંને કોરિડોરમાં ૬-૬ લેન હશે.

જેએનપીટી-પનવેલ નેશનલ હાઈવે નંબર ૩૪૮ પર ચિરાલે અને ગવ્હાણ ફાટા વચ્ચે બાંધવામાં આવી રહેલા કોરિડોર પ્રોજેક્ટમાં સર્વિસ રોડના પુનર્નિર્માણનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાયગડ જિલ્લામાં જૂના પુણે-મુંબઈ નેશનલ હાઈવે ૪૮ પર બાંધવામાં આવનારા બીજા કોરિડોર પ્રોજેક્ટમાં આ હાઈવેને પહોળો કરવાનો પણ સમાવેશ થાય છે, આને કારણે ટ્રાફિક હળવો થશે. અટલ સેતુને સીધા મુંબઇ-પુણે એક્સપ્રેસવે સાથે જોડવાથી આ વિસ્તારના મુખ્ય સ્થળોએ ટ્રાફિક જામ ટાળવામાં મદદ મળશે, એવું મુખર્જીએ જણાવ્યું હતું. ■

# તારાપુર અણુ ઊર્જા મથકની મુલાકાત લીધી ગૌતમ અદાણીએ

પાલઘરઃ અદાણી જૂથના અધ્યક્ષ ગૌતમ અદાણી અને વરિષ્ઠ અધિકારીઓએ અણુ ઊર્જા ટેક્નોલોજી અને એ કેવી રીતે કાર્યરત રહેશે એની જાણકારી મેળવવા માટે તારાપુર મહારાષ્ટ્ર સાઇટ (ટીએમએસ)ની મુલાકાત લીધી હતી.

ટીએમએસમાં બે અણુ વિદ્યુત મથકોનો સમાવેશ થાય છે. આ પ્રતિનિધિમંડળમાં અદાણી એનર્જી, અદાણી ગ્રીન અને અદાણી જૂથના ઊર્જા વ્યૂહરચના વિભાગના વરિષ્ઠ અધિકારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. તારાપુર અણુ વિદ્યુત મથક (ટીએપીએસ)ના સત્તાવાર સંદેશાવ્યવહાર અનુસાર મુલાકાતે આવેલા અધિકારીઓને ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમ વિશે રવિવારે માહિતગાર કરવામાં આવ્યા હતા. અદાણી ગ્રુપના અધિકારીઓને પ્લાન્ટની કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નિષ્ણાતોએ મુખ્ય ટેકનિકલ પાસાઓ, સલામતીનાં પગલાં અને પરમાણુ ઊર્જાની ભૂમિકા વિશે સમજાવ્યું હતું.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫-૨૬ માં પ્રાઈવેટ કંપનીઓ માટે પરમાણુ ઊર્જા ક્ષેત્રને સહભાગી કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને આ ક્ષેત્રમાં સંશોધન માટે ૨૦ હજાર કરોડ રૂપિયાના અણુ ઊર્જા મિશનની જાહેરાત કરી હતી. (પીટીઆઈ)■

# ૨૦૨૮માં બોરીવલીથી સીધા સીએસએમટી પહોંચાશે

## ▸ હાર્બર લાઈનને બોરીવલી સુધી વિસ્તારવાનું કામ ૨૦૨૮માં થશે પૂરું ▸ ગોરેગાંવ-બોરીવલી વચ્ચેના ૫૨૦ અસરગ્રસ્તોનો સર્વે એમએમઆરડીએને સુપરત કરાયો ▸ વિસ્તરણ માટે ૮૯૪.૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે

મુંબઈઃ પશ્ચિમ રેલવે હાર્બર લાઈન દ્વારા મુંબઈ ઉપનગરો સુધી પહોંચવાનું સરળ બને એ માટે એક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. પશ્ચિમ રેલવેના હાર્બર લાઈનના વિસ્તરણ માટે જમીન સંપાદનની કામગીરી ચાલી રહી છે. જેમાંથી ગોરેગાંવ-બોરવલી વચ્ચેના ૫૨૦ અસરગ્રસ્તોનો સર્વે એમએમઆરડીએને સુપરત કરી દેવામાં આવ્યો છે. હાર્બર લાઈનને બોરીવલી સુધી વિસ્તારવાનું કામ ૨૦૨૮માં થશે પૂરું થશે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું.

ગોરેગાંવ અને બોરીવલી વચ્ચે પશ્ચિમ રેલવેની લાઈનના વિસ્તરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે બોરીવલીમાં ૩૦૯૪ ચો.મી.ની રેલવેને જરૂર છે. તેની જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ગોરેગાંવ અને બોરીવલી વચ્ચેના રૂટના વિસ્તરણ માટે ૮૯૪.૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પ્રોજેક્ટનું કામ મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી) ૩-એ હેઠળ કરવામાં આવી રહ્યું છે. પ્રોજેક્ટ માટે જમીન સંપાદનમાં ઘણા પડકારો છે, જેમાં ૭૬૮ પ્રોજેક્ટ અસરગ્રસ્ત લોકોના પુનર્વસનનો મુદ્દો સમાયેલો છે. દરમિયાન ગોરેગાંવ અને બોરીવલી વચ્ચેના ૫૨૦ અસરગ્રસ્તોનો સર્વે પૂરો થઇ ગયો છે. લાયક અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ પૂરા પાડવા માટે સર્વે રિપોર્ટ એમએમઆરડીએને સુપરત કરવામાં આવ્યો છે. આ સમગ્ર જમીન ખાનગી છે અને તેનું સંપાદન જિલ્લા કલેક્ટર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

### બે તબક્કામાં કામ થશે

ગોરેગાંવથી બોરીવલી વચ્ચેના વિસ્તરણના કામને બે તબક્કામાં વહેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં આ લાઈન ગોરેગાંવ સુધી વિસ્તૃત છે. આ જ રૂટને બોરીવલી સુધી લઈ જવામાં આવશે. પહેલા તબક્કામાં ગોરેગાંવથી મલાડ સુધી અને બીજા તબક્કામાં મલાડથી બોરીવલી. આ રૂટ સીએસએમટીથી ગોરેગાંવ અને પનવેલથી ગોરેગાંવ સુધી ચાલે છે. પહેલા તબક્કાનું કામ ૨૦૨૬-૨૭માં અને બીજા તબક્કાનું કામ ૨૦૨૭-૨૮ સુધીમાં પૂરું થશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. ■

# ખેડૂતોને સિંચાઈ પ્રોજેક્ટ માટે આપેલી જમીનનું અપૂરતું વળતરઃ કલેક્ટરની કાર જપ્તીનો આદેશ

છત્રપતિ સંભાજીનગરઃ બીડમાં આવેલા માજલગાંવની અદાલતે જિલ્લા કલેક્ટરનો ગઈ કાલે બરાબરનો વારો કાઢ્યો હતો. કેસની વિગત એવી છે કે ત્રણ ખેડૂતોને સિંચાઈ પ્રોજેક્ટ માટે જમીન આપી હતી પણ તેમણે તેનું અપૂરતું વળતર મળતા કોર્ટની શરણ લીધી હતી. અદાલતે વળતરની વસૂલી માટે કલેક્ટરની કાર જ જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

૧૯૯૮માં વડવાણી તાલુકામાં ખેડૂતો શિવાજી ટોગે, સંતોષ ટોગે અને બાબુ મોગે પાસેથી સિંચાઈ પ્રોજેક્ટ માટે જમીન સંપાદિત કરવામાં આવી હતી, એમ તેમના વકીલ બાબુરાવ તિડકેએ જણાવ્યું હતું.

તેઓએ માજલગાંવ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેમને આપવામાં આવેલ વળતર અપૂરતું છે. કોર્ટે ૨૯ ઓક્ટોબર, ૨૦૧૫ના આદેશમાં વળતરમાં વધારો કર્યો હતો. રકમ ફક્ત આંશિક રીતે વિતરિત કરવામાં આવી હતી, વહીવટીતંત્રે હજુ સુધી ૨૯.૫૦ લાખ રૂપિયાની રકમ ચૂકવવાની બાકી છે, તિડકેએ જણાવ્યું હતું.

''આજે કોર્ટે આ રકમ વસૂલવા માટે કલેક્ટરની કાર જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. કાર જપ્ત થયા પછી તેની હરાજી માટે વોરંટ જારી કરવામાં આવ્યું છે. જ્યારે અમે વોરંટ સાથે ત્યાં ગયા ત્યારે કલેક્ટરે અમને કારની ચાવીઓ આપી હતી,'' તેમણે કહ્યું.

બીડના નિવાસી નાયબ કલેક્ટર શિવકુમાર સ્વામીનો સંપર્ક કરવામાં આવતા તેમણે કહ્યું, ''હું આ મુદ્દા પર વાત કરી શકું એમ નથી કારણ કે આ મુદ્દો મારી પાસે નથી.'' (પીટીઆઈ)■



**તૈયારી પૂરજોશમાંઃ** ભાયખલા પૂર્વ અને પશ્ચિમને જોડતા આધુનિક કેબલ-સ્ટેય્ડ બ્રિજનું કામ ૬૦ ટકા પૂરું થઈ ગયું છે. અત્યારના આરઓબીનું સ્થાન લેનાર આ પુલ ટ્રાફિકની સમસ્યા ઘણી હદે હળવી કરશે. (અમય ખરાડે)

# ઉદ્ધવ-સેનાના ગઢનો કાંગરો ખર્યોઃ બાંદ્રાના નેતા જાનાવળેના રામ-રામ

મુંબઈઃ શિવસેના ઠાકરે ગ્રુપને એક આંચકાની કળ હજી વળે ન વળે ત્યાં બીજો તૈયાર હોય એવી અવસ્થા છે. ઠાકરે જૂથના ઘણા પદાધિકારીઓ પક્ષ છોડી શિવસેના શિંદે ગ્રુપમાં સામેલ થઈ ગયા છે. તાજેતરમાં પૂર્વ વિધાનસભ્ય રાજન સાળવી ઠાકરે જૂથને રામરામ કરી શિંદે જૂથમાં જોડાયા હતા. એમના પછી મુંબઈમાં બાંદ્રા વેસ્ટ વિધાનસભા મતવિસ્તારના સબ-ડિવિઝનલ હેડ જિતેન્દ્ર જાનાવળેએ ઠાકરે જૂથમાંથી રાજીનામું આપી દીધું છે. ઠાકરેની શિવસેનાને 'મશાલ'નું ચિહ્ન મળ્યા બાદ શિવસૈનિક જિતેન્દ્ર જાનાવળે પહેલી મશાલ લઈને માતોશ્રી આવ્યા હતા. જાનાવળેએ ઉદ્ધવ ઠાકરેને રાજીનામાનો પત્ર લખીને આરોપ કર્યો છે કે વિભાગ પ્રમુખ અનિલ પરબે તેમને તેમના અધિકાર ક્ષેત્રની બહાર રાખ્યા છે.

જાનાવળેએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા છ વર્ષથી તેમને કાર્યક્ષેત્રની બહાર નિયુક્ત કરીને રાજકીય રીતે ગૂંગળાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. પોતાના રાજીનામાના પત્રમાં તેમણે જણાવ્યું હતું કે તેમનામાં ભરપૂર ક્ષમતા હોવા છતાં વિભાગ પ્રમુખ અનિલ પરબે ઈરાદાપૂર્વક તેમને પક્ષથી અલિપ્ત રાખ્યા છે અને વ્યથા વ્યક્ત કરી હોવા છતાં પરમ સામે કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. 'એટલે જ હું રાજીનામું આપી રહ્યો છું.'

જાનાવળેએ વધુમાં જણાવ્યું હતું કે 'હું સંસ્થાની ખોટી પદ્ધતિથી કંટાળી ગયો છું. હું કોઈના દબાણમાં આવીને શિવસૈનિક તરીકે કામ નહીં કરી શકું. મારી ક્ષમતા હોવા છતાં મારી અવગણના કરવામાં આવી હતી. હવે સહન થાય એમ ન હોવાથી હું મારા ઉપવિભાગ પ્રમુખપદેથી પદેથી રાજીનામું આપી રહ્યો છું.' ■

# મધમાખીના હુમલાને કારણે ઠાઠડી રસ્તા પર મૂકી લોકો ભાગ્યા

જળગાંવ : મહારાષ્ટ્રના જળગાંવમાં એક ખૂબ જ ચોંકાવનારી ઘટના બની છે. અંતિમયાત્રા ચાલી રહી હતી ત્યારે, સંબંધીઓએ મૃતદેહને રસ્તા પર મૂકી જ્યાં રસ્તો મળ્યો ત્યાં ભાગી ગયા. અંતિમ યાત્રા દરમિયાન મધમાખીઓએ અચાનક હુમલો કર્યો, જેના કારણે યાત્રામાં ભાગ લેનારા લોકો ત્યાંથી ભાગી ગયા. મધમાખીના હુમલામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, તેઓની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

જળગાંવના પરોલા તાલુકામાં બનેલી આ ઘટનામાં નાગાંવ ગામના એક વ્યક્તિનું મોત થયું છે. મૃતદેહને નાગાંવ ગામના સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો, ત્યારે અચાનક મધમાખીઓનું ટોળું ઊભરી આવ્યું. અંતિમયાત્રામાં ભાગ લઈ રહેલા નાગરિકો પર અચાનક મધમાખીઓએ હુમલો કર્યો, જેના કારણે સંબંધીઓ અને ગ્રામજનો જ્યાં પણ શક્ય હોય ત્યાં ભાગી ગયા અને ઠાઠડીને છોડી દીધી હતી.

આ હુમલામાં નાગાંવના રહેવાસી સાધુ ભાગા ભીલ (૭૫), ઓમકાર શંકર ભીલ (૬૫) અને મધુકર સાજન ભીલ (૫૫) ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર માટે પારોલાની કોટેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

૧૫ ફેબ્રુઆરીના રોજ, મહારાષ્ટ્રના કરનાલ કિલ્લા પર ટ્રેકિંગ માટે આવેલા ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓ અને અન્ય પ્રવાસીઓ પર મધમાખીનો હુમલો થયો હતો, જેમાં એક પ્રવાસીનું મોત થયું હતું અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ■

# એસસીએલઆર પર ૨૧૫ મીટરનો સ્ટીલ ડેક બેસાડવામાં સફળતા

મુંબઈઃ એસસીએલઆર ફેઝ-૧ના વાકોલા ફ્લાયઓવર પર ૨૧૫ મીટર ઑર્થોપેડિક સ્ટીલ ડેક (ઓએસડી)ને બેસાડવાનું સીમાચિહ્ન રૂપ કાર્ય સફળ રીતે પાર પડ્યું હતું. આ એક સીમલેસ એન્જિનિયરિંગ સિદ્ધિ છે જે મુંબઈમાં સીમલેસ ઈસ્ટ-વેસ્ટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે.

નવી મુંબઈ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, અને બીકેસીથી એરપોર્ટ સુધી કનેક્ટિવિટી વધારવા માટે રચાયેલા એમએમઆરડીએ દ્વારા આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ શહેરી ગતિશીલતાને બદલી રહ્યો છે.

**મુખ્ય મુદ્દા**

- ૧૦૦ મીટર તીક્ષ્ણ વળાંક સાથે એશિયાનો પ્રથમ કેબલ-સ્ટેડ બ્રિજ.
- જમીનથી પચીસ મીટર ઉપર વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ક્રોસ કરે છે.
- કુર્લાથી એરપોર્ટ નજીક પાનબાઈ ઈન્ટરનેશનલ સ્કૂલ સુધી સીમલેસ લિંક.
- માળખાકીય કાર્યક્ષમતા માટે નવીન વાય-આકારનો પાયલોન.
- સરળ ટ્રાફિક માટે બે લેન કૅરેજવે. ■



**નવો રૅમ્પ તૈયારઃ** ગેટવે ઓફ ઈન્ડિયા પર સ્પીડ બોટથી આવ-જા કરનારાઓ માટે નવો ફ્લોટિંગ રૅમ્પ તૈયાર કરવામાં આવ્યો છે. (અમય ખરાડે)

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કોન્ટ્રાક્ટનું કૌભાંડઃ ત્રણ કોન્ટ્રાક્ટરની પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) મીઠી નદીમાંનો ગાળ કાઢવાના કોન્ટ્રાક્ટના ૧,૧૦૦ કરોડ રૂપિયાના કથિત કૌભાંડની પ્રાથમિક પૂછપરછ ઝડપી બનાવી ત્રણ કોન્ટ્રાક્ટરની પૂછપરછ કરી હતી.

છેલ્લા એક અઠવાડિયામાં ત્રણ કોન્ટ્રાક્ટરને સમન્સ મોકલાવીને તેની પૂછપરછ કરવામાં આવી હોવાના અહેવાલને આર્થિક ગુના શાખાના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે સમર્થન આપ્યું હતું. આ કોન્ટ્રાક્ટરોમાં રિષભ જૈન, મનીષ કાસલીવાલા અને શેરસિંહ રાઠોડનો સમાવેશ થાય છે. મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કોન્ટ્રાક્ટરના કથિત સ્કૅમ બાબતે તેમની પૂછપરછ કરવામાં આવી હતી. ઑગસ્ટ, ૨૦૨૪માં તપાસ માટે એસઆઈટી બનાવવામાં આવી હતી. આર્થિક ગુના શાખાના જૉઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી અને એસીપી સહિત કેટલાક જુનિયર અધિકારીઓની ટીમ આ મામલાની તપાસ કરી રહી છે. કુલ ૧૮ કોન્ટ્રાક્ટરોની તપાસ કરવામાં આવશે.■

# માલવણમાં ૮૩ ફૂટ ઊંચી શિવાજી મહારાજની પ્રતિમાનું ભૂમિપૂજન આવતી કાલે કરાશે

સાવંતવાડીઃ માલવણના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાની ઊંચાઈ તલવાર સાથે ૮૩ ફૂટ હશે. આ પ્રતિમાના ચબૂતરાનું કામ પૂર્ણ થઇ ગયું છે અને મહારાષ્ટ્રમાં પહેલીવાર ચબૂતરા માટે સ્ટેનલેસ સ્ટીલ પ્રકારના લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રતિમાની ઉભારણી પ્રાધ્યાપક જહાંગીરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે. જાહેર બાંધકામ વિભાગના સાવંતવાડીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર મહેન્દ્ર કિણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ''આ પ્રતિમાનું નિર્માણ સમુદ્ર કિનારે થઈ રહ્યું હોવાથી આ પ્રતિમા ૨૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવનોનો સામનો કરી શકે છે કે કેમ એની ચકાસણી કરવામાં આવી હતી.''

આ દરમિયાન આ પ્રતિમાનું ભૂમિપૂજન આવતીકાલે, ૧૯ ફેબ્રુઆરીએ શિવ જયંતીના દિવસે પાલક પ્રધાન નિતેશ રાણેના હસ્તે કરવામાં આવશે અને ટેક્નિકલ પાસાઓ પૂર્ણ કર્યા બાદ આ પ્રતિમાનું નિર્માણ ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે. મહેન્દ્ર કિણીએ જણાવ્યું હતું કે રાજકોટ કિલ્લા પર ઊભી થનારી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સમુદ્ર તરફ તલવાર પકડીને દરિયામાંથી વિદેશી આક્રમણોને પડકારી શકે તેવી સ્થિતિમાં હશે. પ્રતિમાની ઊંચાઈ ૬૦ ફૂટ અને મહારાજના હાથમાં તલવારની ઊંચાઈ ૨૩ ફૂટ હશે એટલે પ્રતિમાની ટોચથી પ્રતિમાની કુલ ઊંચાઈ ૮૩ ફૂટ હશે. ■

# ફૉક્સવેગનના કન્સાઈન્મેન્ટને નહીં રોકાયઃ કોર્ટમાં સ્પષ્ટતા

## ૧.૪ અબજ ડૉલરની કંપની પાસે ટેક્સ ડિમાન્ડ પછી કસ્ટમ્સે અદાલતમાં ખુલાસો કર્યો

મુંબઈઃ કસ્ટમ વિભાગે સોમવારે બોમ્બે હાઇકોર્ટને જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં જર્મન કંપની પાસેથી ૧.૪ અબજ ડોલરના ટેક્સ વસૂલી માટે જારી કરવામાં આવેલી શો કોઝ નોટિસના અનુસંધાનમાં સ્કોડા ઓટો ફોક્સવેગન ઇન્ડિયાનું કોઇ પણ કન્સાઇન્મેન્ટને બંધ કર્યું નથી અને બંધ કરશે પણ નહીં. કંપનીએ ગયા મહિને આ નોટિસને પડકારતી અરજી હાઇકોર્ટમાં કરી તેને ''મનસ્વી અને ગેરકાયદેસર'' ગણાવી હતી. ટેક્સ ડિમાન્ડ નોટિસનો સંબંધ કંપની દ્વારા કાર પાટ્ર્સની કથિત રીતે ખોટી રીતે આયાત કરવા સંબંધે છે.

ન્યાયમૂર્તિ બી. પી. કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદૌશ પૂનીવાલાની ખંડપીઠે સોમવારે આ મામલાની વિસ્તૃત સુનાવણી કરી હતી અને કહ્યું હતું કે ૨૦ ફેબ્રુઆરીએ સુનાવણી આગળ ચાલશે.

નોટિસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કંપનીએ ઓડી, સ્કોડા અને ફોક્સવેગન કારની આયાતને 'કમ્પલિટલી નોકડ ડાઉન - સીકેડી યુનિટને બદલે 'વ્યક્તિગત ભાગો' તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરી હતી, જેથી કસ્ટમ્સ ડ્યુટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.

સીકેડી એકમો પર ૩૦-૩૫ ટકા ડ્યુટી લાગે છે, પરંતુ ફોક્સવેગને તેની આયાતને વિવિધ શિપમેન્ટમાં અલગ અલગ કમ્પોનન્ટ્સ તરીકે જાહેર કરી હતી અને ડ્યુટીમાં માત્ર ૫-૧૫ ટકા જ ચૂકવણી કરી હતી, એમ જણાવવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

# એમએસપી યોજનાઓના અભ્યાસ માટે મહારાષ્ટ્ર સરકારે સમિતિ રચી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સોમવારે પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (પીએમ-આશા) હેઠળ લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) યોજનાઓનો અભ્યાસ કરવા અને તેને લાગુ કરવા માટે એક સમિતિની રચના કરવાનો આદેશ જારી કર્યો છે. આદેશ અનુસાર સમિતિ એક મહિનાની અંદર એક વિગતવાર અહેવાલ રજૂ કરશે. આ અહેવાલમાં રાજ્યભરમાં એમએસપી યોજનાઓને અસરકારક રીતે લાગુ કરવા અંગે સરકાર માટે સૂચનો અને ભલામણો શામેલ છે. રાજ્યના કોઓપરેશન, માર્કેટિંગ અને ટેક્સટાઇલ વિભાગે સોમવારે સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યો હતો. કૃષિ પેદાશોની ખરીદી માટે પ્રાઇસ સપોર્ટ સ્કીમ (પીએસએફ) અને પ્રાઇસ સ્ટેબિલાઇઝેશન સ્કીમ (પીએસએસ) પીએમ-આશા હેઠળ આવે છે. જીઆરમાં જણાવ્યું છે કે ઑક્ટોબર ૨૦૧૮માં કેન્દ્ર સરકાર હેઠળ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે આ યોજનાઓના અમલ માટે માર્ગદર્શિકા જારી કરી હતી. (પીટીઆઈ)■

# ૨૬/૧૧ના આરોપી તહવ્વૂર રાણાને ભારત લઈ આવવા એનઆઈએની તૈયારી

## આતંકવાદી હુમલાના કેસમાં કસાબ અને જુંદાલ પછી રાણા ત્રીજી વ્યક્તિ હશે જેની ટ્રાયલ ચાલશે

મુંબઈઃ તહવ્વૂર હુસૈન રાણા ૨૦૦૫માં લશ્કર-એ-તૈયબા અને હુજીના સભ્ય તરીકે ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાનો ભાગ બન્યો હતો અને પાકિસ્તાન સ્થિત કાવતરાખોરો સાથે ગાઢ રીતે સંકળાયેલો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. થોડા દિવસોમાં જ અમેરિકા રાણાને સોંપી દેશે ભારતને અને તેને અમેરિકાથી ભારત લઈ આવવા એનઆઈએના અધિકારીઓ તૈયાર છે, ફક્ત લીલી ઝંડીની રાહ જોઈ રહ્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જાહેરાત કરી હતી કે તેમના વહીવટીતંત્રે રાણાના ભારત પ્રત્યર્પણને મંજૂરી આપી છે, તેમને ''કાવતરાખોરોમાંના એક અને વિશ્વના ખૂબ જ દુષ્ટ લોકો'' તરીકે ઉલ્લેખ કર્યો છે.

પાકિસ્તાનમાં જન્મેલા કેનેડિયન નાગરિક અને પાકિસ્તાની-અમેરિકન આતંકવાદી અને મુખ્ય કાવતરાખોરોમાંના એક ડેવિડ કોલમેન હેડલીના નજીકના સહયોગી ૬૪ વર્ષીય રાણા ૨૦૨૩ માં ૧૪ વર્ષની સજા પૂર્ણ કર્યા પછી લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં દેખરેખ હેઠળ અટકાયતમાં છે.

રાણાએ ૧૩ નવેમ્બરથી ૨૧ નવેમ્બર, ૨૦૦૮ દરમિયાન તેની પત્ની સમરાઝ રાણા અખ્તર સાથે હાપુર, દિલ્હી, આગ્રા, કોચી, અમદાવાદ અને મુંબઈની મુલાકાત લીધી હતી. તેના પ્રારંભિક આયોજનમાં વિવિધ શહેરોમાં સ્થિત છાબડ હાઉસ પર હુમલો શામેલ છે.

એકવાર પ્રત્યર્પણ થયા પછી, રાણા અજમલ કસાબ અને ઝબીઉદ્દીન અંસારી ઉર્ફે અબુ જુંદાલ પછી ભારતમાં આ કેસમાં ટ્રાયલ પર મોકલવામાં આવનાર ત્રીજો વ્યક્તિ હશે. નવેમ્બર ૨૦૧૨ માં, એકમાત્ર બચી ગયેલા પાકિસ્તાની આતંકવાદી કસાબને પુણેની યરવડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી. રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ના આરોપનામા મુજબ લશ્કર-એ-તૈયબા (એલઈટી) અને હરકત-ઉલ-જિહાદ-અલ-ઇસ્લામી (હુજી)ના સભ્ય રાણાએ ૨૦૦૫ની શરૂઆતમાં પાકિસ્તાન સ્થિત અન્ય સહ-કાવતરાખોરો સાથે મુંબઈ હત્યાકાંડને અંજામ આપવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. મુંબઈ આતંકવાદી હુમલાના સહ-ષડયંત્રકાર તરીકે રાણાની એનઆઈએની તપાસ દરમિયાન બહાર આવી હતી. ■

# જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં મોહમ્મદ શમી પર રહેશે ભારતની તમામ આશાઓ

બેંગલૂરુ: આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઝડપી બોલર જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં ભારતીય ટીમના ઝડપી બોલિંગ આક્રમણની તમામ જવાબદારી ભારતના ઝડપી બોલર મોહમ્મદ શમી પર રહેશે. ચાહકોને આશા છે કે શમી આ ટૂર્નામેન્ટમાં ભારતને જસપ્રીત બુમરાહની ખોટ પડવા નહીં દે. બુમરાહ ઈજાના કારણે ટીમની બહાર છે. જોકે, શમીની તૈયારીઓ અંગે ઘણી ચિંતાઓ છે. ભારતીય ટીમ ૨૦ ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે પોતાની પહેલી મેચ રમવાની છે.

૩૪ વર્ષીય મોહમ્મદ શમી ઈજામાંથી સ્વસ્થ થયા બાદ વાપસી કરી રહ્યો છે. તેણે અલગ અલગ સ્તરે અને અલગ અલગ ફોર્મેટમાં કેટલીક મેચ રમી છે પરંતુ મોટી ટૂર્નામેન્ટમાં અપેક્ષાઓ પર ખરા ઉતરવાનું દબાણ અલગ હોય છે. આવી સ્થિતિમાં બુમરાહની ગેરહાજરીમાં તેના પર દબાણ વધુ વધશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં શમીનો પાર્ટનર અર્શદીપ સિંહ હશે.

ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર લક્ષ્મીપતિ બાલાજીનું માનવું છે કે શમી પાસે ઘણો અનુભવ છે અને તે આ પડકારનો સામનો કરશે. બાલાજીએ કહ્યું હતું કે, તેણે ૨૦૧૯ વન-ડે વર્લ્ડ કપ અને છેલ્લા વર્લ્ડ કપ (૨૦૨૩)માં બુમરાહ કરતા સારી બોલિંગ કરી હતી. બુમરાહ વિવિધ ફોર્મેટમાં ચેમ્પિયન બોલર છે પરંતુ શમી પાસે અનુભવ છે અને બુમરાહના આવ્યા પહેલા ભારતના ઝડપી બોલિંગના આક્રમણની જવાબદારી તેના પર હતી.



તેમણે કહ્યું હતું કે, ''જો ભારતે સારું પ્રદર્શન કરવું હોય તો શમીએ નવા બોલથી સારો દેખાવ કરવો પડશે. ભારત માટે પહેલી છ ઓવરમાં નવા બોલ સાથેનું પ્રદર્શન ઘણું મહત્ત્વનું રહેશે. જો તે શરૂઆતમાં સફળતા અપાવી શકે તો ભારતનું મનોબળ નોંધપાત્ર રીતે વધશે.'' શમીની જવાબદારી ફક્ત વિકેટ લેવાની જ નહીં પરંતુ અર્શદીપ અને હર્ષિત રાણા જેવા બોલરોને માર્ગદર્શન આપવાની પણ રહેશે. ■

# સ્પિનર પ્રિયા મિશ્રાનો પહેલી જ ડબ્લ્યૂપીએલમાં તરખાટઃ ગુજરાત જાયન્ટ્સને જીત અપાવી

## પર્પલ અને ઑરેન્જ, બન્ને કેપ ગુજરાતની કેપ્ટન ગાર્ડનર પાસે છે

વડોદરાઃ ચાર જ મહિના પહેલાં ભારત વતી વન-ડેમાં રમવાનું શરૂ કરીને નવ મેચમાં ૧૫ વિકેટ લેનાર ૨૦ વર્ષની યુવા લેગ-સ્પિનર પ્રિયા મિશ્રા મહિલાઓની આઈપીએલ તરીકે જાણીતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં પહેલી જ વાર રમી રહી છે અને રવિવારે તેણે યુપી વોરિયર્ઝ સામે ગુજરાત જાયન્ટ્સને શાનદાર વિજય અપાવ્યો હતો.

પ્રિયાએ પચીસ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. તેણે યુપીની કેપ્ટન દીપ્તિ શર્મા (૩૯ રન), તાહલિયા મેકગ્રા (૦) અને ગ્રેસ હેરિસ (૪ રન)ની મુખ્ય ત્રણ વિકેટ લેવા ઉપરાંત ઉમા ચેટ્રી (૨૪ રન)નો કેચ પણ ઝીલ્યો હતો.

મેચ પછી ભારતીય ક્રિકેટ-લેજન્ડ મિતાલી રાજે પ્રિયાના ખૂબ વખાણ કર્યાં હતાં જેમાં તેણે કહ્યું કે 'પ્રિયાની આ પહેલી જ ડબ્લ્યૂપીએલ છે અને બીજી જ મેચમાં પોતાની ટીમને જિતાડવી એ મોટું કામ કહેવાય. લેગ-સ્પિન બોલિંગમાં આવી હાઇ પ્રેશરવાળી મેચમાં ત્રણ મહત્ત્વની વિકેટ લેવી એ મોટી સિદ્ધિ જ કહેવાય.'

યુપીએ નવ વિકેટે ૧૪૩ રન બનાવ્યા હતા. ગુજરાતની પ્રિયાની ત્રણ વિકેટ ઉપરાંત કેપ્ટન ઍશ ગાર્ડનર અને કેરિબિયન ઑલરાઉન્ડર ડીએન્ડ્રા ડોટિને બે-બે વિકેટ લીધી હતી.

ગુજરાતે ૧૮ ઓવરમાં ચાર વિકેટે ૧૪૪ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. એમાં કેપ્ટન ગાર્ડનર (બાવન રન, ૩૨ બોલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)નું સૌથી મોટું યોગદાન



હતું. હર્લીન દેઓલ (૩૪ અણનમ, ૩૦ બોલ, ચાર ફોર) અને ડોટિન (૩૩ અણનમ, ૧૮ બોલ, બે સિક્સર, ત્રણ ફોર)નો પણ જીતમાં મોટો ફાળો હતો. લૉરા વોલ્વાર્ટે બાવીસ રન બનાવ્યા હતા, પરંતુ પીઢ બેટર બેથ મૂની અને દયાલન હેમલતા શૂન્યમાં આઉટ થઈ હતી. યુપીની એકલ્સ્ટને સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

ગુજરાતની કેપ્ટન તરીકે બીજી હાફ સેન્ચુરી ફટકારનાર ઍશ ગાર્ડનરે એક કેચ પણ ઝીલ્યો હતો. તેને પ્લેયર ઑફ ધ મેચનો પુરસ્કાર અપાયો હતો.

હાલમાં ગાર્ડનર આ વખતે સૌથી વધુ ચાર વિકેટ અને હાઈએસ્ટ ૧૩૧ રન બનાવવા બદલ અનુક્રમે પર્પલ તથા ઑરેન્જ, બન્ને કેપ ધરાવે છે. ■

# ઝહીર ખાને મુંબઈમાં ૧૧ કરોડ રૂપિયામાં ખરીદ્યો અપાર્ટમેન્ટ

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર ઝહીર ખાને તેની પત્ની સાગરિકા ઘાટગે અને તેના ભાઈ શિવજીત ઘાટગે સાથે મળીને મુંબઈના લોઅર પરેલમાં ૧૧ કરોડ રૂપિયામાં ૨૬૦૦ ચોરસ ફૂટનો લક્ઝરી એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. સ્ક્વેર યાર્ડ્સે આ માહિતી આપી હતી.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ સ્ક્વેર યાર્ડ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે મિલકત નોંધણી દસ્તાવેજોની સમીક્ષા કરી છે. આ લેવડદેવડ ફેબ્રુઆરી ૨૦૨૫માં કરવામાં આવી હતી. નિવેદન અનુસાર, આ મિલકત ઇન્ડિયાબુલ્સ સ્કાયમાં સ્થિત છે. ■

### મુંબઈ ઈન્ડિયન્સને ઝટકો

# હાર્દિક આઈપીએલની પહેલી મેચ નહીં રમે

## ગયા વર્ષનો એક વર્ષનો પ્રતિબંધ હવે લાગુ થશે

મુંબઈઃ આગામી ૨૨મી માર્ચે આઇપીએલની નવી સીઝન શરૂ થશે અને એમાં મુંબઇ ઇન્ડિયન્સ (એમઆઈ)ની પ્રથમ મેચ ૨૩મી માર્ચે ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે રમાશે, પરંતુ એમાં કેપ્ટન હાર્દિક પંડ્યા રમતો નહીં જોવા મળે એટલે મોટા ભાગે રોહિત શર્માને એ એક મેચ માટે કેપ્ટન્સીની જવાબદારી સોંપવામાં આવશે. જોકે રોહિત એક મેચ માટે કેપ્ટન તરીકે નહીં જોવા મળે તો તેના બદલે સૂર્યકુમાર યાદવ અથવા જસપ્રીત બુમરાહને એક મેચ માટે સુકાન સોંપાશે એની સંભાવના છે.

વાત એ છે કે ગયા વર્ષે મુંબઇ ઇન્ડિયન્સની ટીમથી ત્રીજી મેચમાં સ્લો ઓવર-રેટ (નિર્ધારિત સમયમાં ઓવર્સ પૂરી કરવી)ને લગતા નિયમનો ભંગ થયો હતો. ત્યારે એ ઉલ્લંઘન ત્રીજી વાર થયું હોવાથી કેપ્ટન હાર્દિક પંડ્યાના રમવા પર એક મેચનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે ત્યારે મુંબઈની એક પણ મેચ બાકી નહોતી એટલે એ પ્રતિબંધ આ વખતની સીઝનની શરૂઆતમાં જ લાગુ પડશે.

મુંબઇ ઇન્ડિયન્સના ફ્રેન્ચાઇઝીએ ફરી એક વાર હાર્દિક પંડ્યાને કેપ્ટન્સી સોંપી છે અને તે ગયા વર્ષના સ્લો ઓવર-રેટના ત્રીજા ભંગ બદલ થયેલી સજા પૂરી કરશે. તે ૨૩મી માર્ચે સાંજે ૭:૩૦ વાગ્યાથી ચેપોક સ્ટેડિયમમાં ચેન્નઈ સામે રમાનારી મુંબઈની પ્રથમ મેચમાં નહીં રમે.

પરિણામે, હાર્દિક આઇપીએલમાં હવે સીધો ૨૯મી માર્ચે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેની બીજી મેચથી રમતો જોવા મળશે.

ગયા વર્ષે (૧૭મી મેએ) મુંબઈની ટીમથી સ્લો ઓવર-રેટનો જે ત્રીજી મેચમાં ભંગ થયો હતો એ મેચ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે રમાઈ હતી. હાર્દિક કેપ્ટન હોવાથી તેના પર એક મેચનો બેન મૂકવાની સાથે તેને ૩૦ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો.

એટલું જ નહીં, રોહિત તેમ જ સૂર્યકુમાર યાદવ સહિત મુંબઈના એ મેચના તમામ ખેલાડીઓને ત્યારે ૧૨ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો. ■

# ચેમ્પિયન્સ ટ્રોફીના ત્રણ દિવસ પહેલા જ ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાંઃ રિષભ પંતને ઈજા

દુબઈઃ રોહિત શર્માના સુકાનમાં ભારતીય ટીમ હજી તો શનિવારે દુબઈ પહોંચી અને પ્રેક્ટિસ શરૂ કરી ત્યાં તો તેમને મોટો ઝટકો લાગ્યો છે. વિકેટકીપર-બેટર રિષભ પંતને ઘૂંટણમાં ઈજા થઈ છે. ત્રણ વર્ષ પહેલાં રિષભનો જે કાર અકસ્માત થયો હતો એમાં તેને ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી.ચેમ્પિયન્સ ટ્રોફી બુધવારે શરૂ થશે અને ભારતની પ્રથમ મેચ ગુરુવારે દુબઈમાં બાંગ્લાદેશ સામે રમાશે.

બીજા વિકેટકીપર-બેટર કેએલ રાહુલનો ટીમમાં સમાવેશ છે જ એટલે ટીમ ઇન્ડિયા માટે આ મોટી ચિંતાનો વિષય નથી, પણ ટીમની યોજનાને જરૂર અસર પહોંચશે. એક અહેવાલ મુજબ પ્રેક્ટિસમાં હાર્દિક પંડ્યાના શોટમાં રિષભ પંતને આ ઈજા થઈ હતી. જોકે ઈજા ગંભીર ન હોવાનું મનાય છે.તરત જ મેડિકલ ટીમ મેદાન પર દોડી આવી હતી અને પંતના ઘૂંટણ પર મોટો પાટો બાંધ્યો હતો. જોકે પછીથી પંતે ફરી પ્રેક્ટિસ શરૂ કરી હતી.

પંત પ્રેક્ટિસ બાદ અક્ષર પટેલ સાથે મજાકના મૂડમાં જોવા મળ્યો હતો. એના પરથી અનુમાન થાય છે કે પંતની ઈજા ગંભીર નથી.

પંત ૨૦૨૨માં તેના મમ્મીને મળવા જઈ રહ્યો હતો ત્યારે રુડકીમાં તેની કાર દેહરાદૂન-દિલ્હી હાઈવે પર ડિવાઈડર સાથે ટકરાઈ હતી અને કાર દૂર ફેંકાઈ ગયા બાદ કારમાં આગ લાગી હતી. પંતને ઘૂંટણ સહિત અનેક જગ્યાએ ઈજા થઈ હતી. ■

## દેશ વિદેશ

# ભાજપને ૨૦૨૩-૨૪માં સૌથી વધારે ૪,૩૪૦ કરોડ રૂપિયા મળ્યા

નવી દિલ્હી : ભાજપે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં બીજા રાષ્ટ્રીય પક્ષોની સરખામણીમાં સૌથી વધારે આવક મેળવી હતી. ભાજપે આ વર્ષ માટે ૪,૩૪૦.૪૭ કરોડ રૂપિયાની આવક બતાડી હતી, એવી માહિતી ચૂંટણીના અધિકારો માટે લડતી સંસ્થા એસોસિયેશન ઑફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)એ આપી હતી.

એડીઆરનો અહેવાલ જણાવે છે કે છ રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકનો ૭૪.૫૭ ટકા ભાગ ભાજપને મળ્યો હતો. ભાજપે ૪૩૪૦.૪૭ કરોડ રૂપિયાની આવક તો જાહેર કરી હતી, પરંતુ એનો ૫૦.૯૬ ટકા ભાગ જેટલો એટલે ૨,૨૧૧.૬૯ કરોડ રૂપિયા વાપર્યા હતા. કૉંગ્રેસને એજ નાણાકીય વર્ષમાં ૧,૨૨૫.૧૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી અને તેણે આના ૮૩.૬૯ ટકા એટલે ૧,૦૨૫.૨૫ કરોડ રૂપિયા વાપર્યા હતા.

રાષ્ટ્રીય પક્ષોને આવકનો મોટો ભાગ ઈલેક્ટરલ બોન્ડ દ્વારા મળેલા ડોનેશનનો હતો.

ભાજપને ઈલેક્ટરલ બોન્ડથી સૌથી વધારે આવક એટલે ૧,૬૮૫.૬૩ કરોડ રૂપિયા મળ્યા હતા. કૉંગ્રેસને ૮૨૮.૩૬ કરોડ રૂપિયાની આવક અને આમ આદમી પાર્ટી (આપ)ને ૧૦.૧૫ કરોડ રૂપિયાની આવક થઈ હતી.

આ ત્રણે પક્ષોએ કુલ ૨,૫૨૪.૧૩૬૧ કરોડ રૂપિયા એટલે કે આવકના ૪૩.૪૬ ટકા ઈલેક્ટરલ બોન્ડ દ્વારા મેળવ્યા હતા. સર્વોચ્ચ અદાલતે ગયા મેમાં આને ગેરબંધારણીય અને આડેધડ ગણાવીને રદ કર્યા હતા.

સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયાને રાઈટ ટુ ઈન્ફોર્મેશન કાયદા હેઠળ અરજી કરીને આ આંકડાકીય માહિતી માગવામાં આવી હતી. સ્ટેટ બૅન્કે આપેલી માહિતી પ્રમાણે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં વિવિધ પક્ષો દ્વારા ૪,૫૦૭.૫૬ કરોડ રૂપિયાના ઈલેક્ટરલ બોન્ડ રીડીમ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય પક્ષોએ ૨,૫૨૪.૧૩૬૧ કરોડ રૂપિયાના બોન્ડ રીડીમ કર્યા હતા જે કુલ રકમના ૫૫.૯૯ ટકા છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે કૉંગ્રેસનો મહત્તમ ખર્ચ ચૂંટણી સંબંધિત હતો. કૉંગ્રેસે ચૂંટણી પાછળ ૬૧૯.૨૭ કરોડ રૂપિયા વાપર્યા હતા. કૉંગ્રેસે ૩૪૦.૭૦૨ કરોડ રૂપિયા વહીવટી અને સામાન્ય ખર્ચ પેટે વાપર્યા હતા. (એજન્સી)



**ઉજવણીઃ** પશ્ચિમ બંગાળના બિરભૂમ જિલ્લામાં સોમવારે 'વસંત આહ્વાન'ની ઉજવણી દરમિયાન ખુલ્લા મંચ પર નૃત્ય કરી રહેલા વિશ્વભારતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ. (એજન્સી)

# શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિના પ્રમુખે રાજીનામું આપ્યું

ચંડીગઢઃ શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) ના પ્રમુખ હરજિંદર સિંહ ધામીએ સોમવારે તાત્કાલિક અસરથી તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

ધામીનું રાજીનામું અકાલ તખ્તના જથેદાર ગિયાની રઘબીર સિંહે એસજીપીસી દ્વારા દમદમા સાહિબના જથેદાર તરીકે ગિયાની હરપ્રીત સિંહની સેવાઓને બરતરફ કરવાની સખત નિંદા કર્યાના દિવસો પછી આવ્યું છે. ધામીએ કહ્યું કે તેઓ હંમેશાં શીખોની સર્વોચ્ચ ટેમ્પોરલ બેઠક અકાલ તખ્ત માટે પ્રતિબદ્ધ છે.૧૩ ફેબ્રુઆરીના રોજ જથેદાર રઘબીર સિંઘની ગિઆની હરપ્રીત સિંઘની સેવાઓની સમાપ્તિ અંગેની ફેસબુક પોસ્ટનો ઉલ્લેખ કરતા, ધામીએ કહ્યું કે તેમણે લખ્યું કે હરપ્રીત સિંહને હટાવવાનું ''અત્યંત નિંદનીય'' અને ''દુર્ભાગ્યપૂર્ણ'' હતું.

અમૃતસરમાં મીડિયાને સંબોધતા તેમણે કહ્યું, ''હું 'પ્રધાન' (એસજીપીસીના પ્રમુખ) તરીકે જવાબદારી સ્વીકરું છું અને નૈતિક ધોરણે તાત્કાલિક અસરથી પદ પરથી રાજીનામું આપું છું.'' ■

# મોદીજીએ ટિકિટ વિના મુસાફરી કરવાની મંજૂરી આપી છેઃ વગર ટિકિટે કુંભ જતી બિહારની મહિલાનો જવાબ

પટનાઃ બિહારમાં એક વરિષ્ઠ રેલવે અધિકારી સ્તબ્ધ થઈ ગયા જ્યારે ગ્રામીણ મહિલાઓના એક જૂથે દાવો કર્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમને ટિકિટ વિના મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

ઉત્તર પ્રદેશની સરહદે આવેલા બક્સર રેલવે સ્ટેશન પર દાનાપુરના ડિવિઝનલ રેલવે મેનેજર જયંત કુમાર અને પ્રયાગરાજ મહાકુંભ માટે જઈ રહેલા શ્રદ્ધાળુઓ વચ્ચેની વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

ડીઆરએમ રવિવારે મેગા મંડળની મુલાકાત લેતા યાત્રિકોની અપેક્ષા કરતાં વધુ ધસારાને ધ્યાનમાં રાખીને સ્ટેશનનું નિરીક્ષણ કરી રહ્યા હતા, જે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર નાસભાગ માટે પણ જવાબદાર છે.

શનિવારે રાત્રે ભરચક નવી દિલ્હી રેલવે સ્ટેશન પર નાસભાગમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા હતા.

રેલવે ટ્રેક પાસે ઊભેલા વિવિધ વય જૂથોની મહિલાઓના જૂથને જોતાં, અધિકારીએ તેમને પૂછ્યું હતું કે તેઓ ત્યાં શું કરી રહ્યાં છે. તેઓએ તેમને કહ્યું કે તેઓ પ્રયાગરાજ માટે ટ્રેન પકડવા માગે છે.

''શું તમારી પાસે ટિકિટ છે'', ડીઆરએમે પૂછ્યું, અને જ્યારે મહિલાઓએ નકારાત્મક જવાબ આપ્યો, ત્યારે તેણે પૂછપરછમાં કહ્યું, ''તમને કોણે કહ્યું કે તમે ટિકિટ વિના મુસાફરી કરી શકો છો?''

તેમનો જવાબ આવ્યો ''નરેન્દ્ર મોદીએ અમને આમ કહ્યું'', સાંભળીને નજીકના લોકો હસી પડ્યા, પણ તેમ છતાં ડીઆરએમને તેમનો સંયમ મેળવવામાં થોડીક સેકન્ડ લાગી હતી.

તેણે મહિલાઓને કહ્યું, ''તમે ભૂલો છો. વડા પ્રધાન કે અન્ય કોઈ સત્તાધિકારીએ આની મંજૂરી આપી નથી. જો તમે મુસાફરી કરવા માગતા હો, તો તમારે ટિકિટ લઈને પછી જ કરવી જોઈએ, નહીં તો તમારા પર કાયદો તોડવાનો આરોપ મૂકવામાં આવશે.''

બાદમાં, પત્રકારો સાથે વાત કરતા, ડીઆરએમએ કહ્યું, ''મહાકુંભ માટે, અમે કોઈપણ તહેવારોના ધસારાના સમયે કરીએ છીએ તે ધોરણે વ્યવસ્થા કરી હતી.

આ વખતે અસામાન્ય બાબત એ છે કે જ્યાં સુધી પગપાળા ઓછા થવાની ધારણા હતી ત્યાં સુધી ધસારો ચાલુ રહ્યો છે. તેમ છતાં, અમે તૈયાર છીએ.''

મહાકુંભની સત્તાવાર રીતે ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના તહેવાર સાથે પૂર્ણાહુતિ થશે.

સત્તાવાર અંદાજ મુજબ, ગંગા, યમુના અને પૌરાણિક નદી સરસ્વતીના સંગમ સ્થાન સંગમમાં પવિત્ર સ્નાન કરવા માટે અત્યાર સુધીમાં ૫૦ કરોડથી વધુ લોકો પ્રયાગરાજની મુલાકાત લઈ ચૂક્યા છે. ■

# આંધ્ર પ્રદેશમાં ૧૦ દિવસમાં ગીઆન બેરે સિન્ડ્રોમના કારણે બેનાં મોત

અમરાવતીઃ આંધ્ર પ્રદેશમાં છેલ્લા ૧૦ દિવસમાં એક ૪૫ વર્ષીય મહિલા અને એક સગીરનું ગુઇલેન-બેરે સિન્ડ્રોમ(જીબીએસ)થી મૃત્યુ થયું છે, જે એક ઓટોઇમ્યુન ન્યુરોલોજિકલ ડિસઓર્ડર છે. આ જાણકારી આરોગ્ય પ્રધાન સત્ય કુમાર યાદવે આપી હતી.

આરોગ્ય પ્રધાને જણાવ્યું કે કમલામ્માનું રવિવારે ગુંટૂરની સરકારી જનરલ હોસ્પિટલમાં(જીજીએચ) મૃત્યુ થયું હતું. જ્યારે ૧૦ વર્ષીય બાળકનું ૧૦ દિવસ પહેલા શ્રીકાકુલમની એક ખાનગી મેડિકલ કોલેજમાં મોત નીપજ્યું હતું. તેમણે કહ્યું કે હાલમાં જીબીએસના ૧૭ કેસ છે. તે એક બિન-ચેપી રોગ છે, જેનો દર એક લાખ વસ્તી દીઠ બે સુધી છે. આ કેસમાં અચાનક વધારો નથી, તે સામાન્ય છે.

યાદવના જણાવ્યા મુજબ ૨૦૨૪માં આ રોગના કુલ ૨૬૭ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧૪૧ કેસ વર્ષના પહેલા ભાગમાં અને ૧૨૬ કેસ બીજા ભાગમાં નોંધાયા હતા. દર મહિને સરેરાશ ૨૫ કેસ નોંધાય છે, તેમાંથી મોટાભાગના કેસ નિયમિત સારવારથી સાજા થઇ શકે છે, જ્યારે કેટલાક ગંભીર કેસોમાં ઇમ્યુનોગ્લોબ્યુલિન ઇન્જેક્શન અને આઇસીયુમાં દાખલ થવાની જરૂર રહે છે. જીબીએસ ત્યારે થાય છે જ્યારે શરીરની રોગપ્રતિકારકશક્તિ ભૂલથી પેરિફેરલ ચેતા પર હુમલો કરે છે, જેના કારણે સ્નાયુઓમાં નબળાઇ અને નિષ્ક્રિયતા આવે છે અને ઝણઝણાટી થાય છે. ■


## કલાસીફાઈડ

### ૧૨. યાત્રા સહેલગાહ

**મહાકુંભનો મોકો**
AC પુશબેક મિનિબસ - હોટલ, પ્રયાગસ્નાન, ચિત્રકુટ, અયોધ્યા, વારાણસી પ્રસ્થાન 21/2 (ગ્રુપ આવકાર્ય) ગ્લોબલ ટુર્સ - 9967894750. (બી-૧૫૫૭૯)

કાશ્મીર ટુર, દિ-૭
₹30000PP ex. શ્રીનગર
બધાં જ ખર્ચ સામેલ, ગંડોલા, શીકારા, ચંદનવાડી, અરૂવેલી, બેતાબવેલી.
લેહ-લદાખ, દિ-૮
₹35000PP ex. શ્રીનગર
કારગીલ, નુબ્રાવેલી, પેન્ગોંગમાં નાઈટ સ્ટે.
કીન્નોર-સ્પિતી વેલી, દિ-૧૧
₹49000PP ફ્લાઈટ ex. ચંદીગઢ
સાંગલા, કલ્પા, ટાબો, કાઝા, મનાલીમાં સ્ટે.
હરિયા ટ્રાવેલ્સ
8779112094
(એસડીબી-૨૪૫૦)

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

ડિસ્ટ્રેસ સેલ ફ્લેટ્સ
ઘાટકોપર ઈસ્ટ માં
2 BHK (635'+180')
3 BHK (1000'+150')
OC, પાર્કિંગ
યુઝર તથા ઈન્વેસ્ટર્સ માટે
વિવેક : 98208 56671
સંજય : 98210 08455
(૧૫૫૮૭-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

### ૨૦. ધંધાદારી જગ્યા

PACK HOUSE AVAILABLE for Agro prdts near Pune for Exporters, Agents, Traders, Retail malls into Domestic mkt. (T&C). Dr Bhore 9421913040. (B-15580)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
Civil, Plumbing, Water Proofing, Interior by Civil Engineer. 9833521709. (15321-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૮૧)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સેન્સેક્સ અને નિફ્ટી એકધારા આઠ સત્રની પછડાટ બાદ સાધારણ સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં પાછાં ફર્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બ્લુચીપ શેરોની વેચવાલીને કારણે સતત આઠમા દિવસે નીચી સપાટીએ ખૂલેલા અને લગભગ ૬૫૦ પોઇન્ટ ગબડી ગયેલા શેરબજારને એ જ બ્લુચીપ શેરો, ખાસ કરીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેન્કની લેવાલીનો ટેકો મળતાં આઠ સત્રની પડતીને બ્રેક મારીને બંને બેન્ચમાર્ક સાધારણ સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં પાછાં ફર્યા છે.

સત્રને અંતે સેન્સેક્સ ૫૭ પોઈન્ટથી વધુ વધીને ૭૫,૨૯૪.૭૬ પોઇન્ટના સ્તર પર બંધ થયો અને નિફ્ટી ૩૦ પોઈન્ટ વધીને ૨૨,૯૫૯.૫૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે પાછલા આઠ દિવસોમાં સેન્સેક્સે ૨,૬૪૪.૬ પોઈન્ટ (૩.૩૬ ટકા) અને નિફ્ટી ૮૧૦ પોઈન્ટ (અથવા ૩.૪૧ ટકા) ગુમાવ્યા છે.

બજાજ ફિનસર્વ, પાવરગ્રીડ કોર્પોરેશન, ઇન્ડસઇન્ડ બેન્ક, અદાણી પોર્ટ, અલ્ટ્રા સિમેન્ટ, એચડીએફસી બેન્ક, ઝોમેટો અને ટાટા મોટર્સ ટોપ ગેઇનર્સમાં રહ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, ટાટા કન્સ્લટન્સી સર્વિસિસ, ઇન્ફોસિસ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને આઇટીસી ટોપ લુઝર શેરોની યાદીમાં સમાવિષ્ટ હતા. મિડકેપ શેરોમાં લેવાલીનો ટેકો મળતા તેનો ઇન્ડેક્સ ૦.૫૧ ટકા વધ્યો હતો, જોકે સ્મોલ કેપ ઇન્ડેક્સ વધુ ૦.૫૬ ટકા ગબડ્યો હતો.

કોર્પોરેટ હલચલમાં ડીસેમ્બર ક્વાર્ટરનો એનઆઇઆઇ ફ્લેટ રહેવાને કારણે ઉત્કર્ષ સ્મોલ ફાઇનાન્સ બેન્કના શેરમાં ૧૪ ટકાનો કડાકો નોંધાયો હતો. સ્ટરલાઇટ પાવર ૧૨૩ કિમી લાંબી નાંગલબીબ્રા-બોંગાઇગાંવ ટ્રાન્સમિશન લાઇન કાર્યરત કરશે. ઉત્પાદન સમસ્યાઓને કારણે ગ્લેનમાર્ક અને એફડીસી લિમિટેડ યુએસમાંથી પોતાના અમુક ઉત્પાદનો પાછા ખેંચશે.

ક્રાફ્ટ પેપરની અગ્રણી ઉત્પાદક અને સપ્લાયર બાણગંગા પેપર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની પેટાકંપની, બાણગંગા પેપર મિલ્સ લિમિટેડે, કેપ્ટિવ પાવર જનરેશન મોડેલ હેઠળ સૌર ઊર્જાની ખરીદી માટે લિવિન્ટ ગ્રીન ટેક્નોલોજીસ સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કર્યો છે. કરાર મુજબ, લિવિન્ટ અહમદનગર જિલ્લામાં ૨.૫ મેગાવોટ ડીસી સોલાર પાવર પ્લાન્ટ વિકસાવશે, જે બાણગંગાના નાસિક એકમને સૌર ઉર્જા પૂરી પાડશે. એનએસડીએલનો નફો ૩૦ ટકા વધીને રૂ. ૮૬ કરોડ નોંધાયો છે.

ગ્લોબલ ફેશન બ્રાન્ડ્સ માટે ફ્લેટ નિટેડ સ્વેટર, જેકેટ્સ અને રાઉન્ડ નિટેડ વસ્ત્રોમાં વિશેષતા ધરાવતી એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ પરિણામોમાં ૮૯.૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૦૦.૨૨ કરોડની કુલ આવક, ૨૨૨.૮૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૧૪ કરોડનો ચોખ્ખો નફો અને ૬૬.૧૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૦૨ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર અને સ્ટ્રકચર્ડ ફાઇનાન્સમાં વિશેષતા ધરાવતી ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ ફર્મ નિસસ ફાઇનાન્સ સર્વિસીસ કંપની લિમિટેડે દુબઈ સ્થિત ફંડ સલાહકાર નિસસ ફાઇનાન્સ ઇન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્સી એફઝેડસીઓ દ્વારા નિસસ હાઇ યીલ્ડ ગ્રોથ ફંડ ક્લોઝડ-એન્ડેડ આઇસી (ધ ફંડ) અને તેની સાથે સંકળાયેલ પ્રોજેક્ટ્સ માટે ધિરાણ એકત્ર કરવામાં સહાય માટે ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેંક, હૌલિહાન લોકીને કામગીરી સોપી છે. બજાજ કન્ઝ્યુમર કેર રૂ. ૧૦૮ કરોડના એન્ટરપ્રાઇઝ વેલ્યુએશન પર વિશાલ પર્સનલ કેરને હસ્તગત કરશે.

અમેરિકા દ્વારા આયાત પર લાદવામાં આવેલા ટેરિફ અને વિદેશી રોકાણના સતત બાહયપ્રવાહને કારણે ઇક્વિટી માર્કેટમાં મંદીનો માહોલ જમ્યો છે. એફઆઇઆઇએ ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૯,૨૯૯ કરોડ એટલે કે લગભગ એક લાખ કરોડ રૂપિયા જેટલા શેરની વેચવાલી કરી છે. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં શુક્રવારે વિદેશી ફંડોએ રૂ. ૪૨૯૪.૬૯ કરોડના શેર વેચ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા થઇ રહેલી વેચવાલી પાછળનું કારણે પ્રોફિટ બુકિંગ હોવાનું નાણાં પ્રધાને જણાવ્યું છે. નાણાં સચિવે એવા સંકેત આપ્યા હતા કે શેરબજાર બાહ્ય પરિબળોને કારણે વોલેટાઇલ છે અને આ અસ્થિરતા કામચલાઉ છે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદ દરમિયાન શેરબજારને લગતા સવાલના જવાબમાં સીતારામને કહ્યું કે ભારતનું અર્થતંત્ર સાબૂત છે અને પ્રોફિટ બુકિંગ કરીને રોકાણકાર સારું વળતર મેળવી રહ્યાં છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા વેચાણ અંગેના પ્રશ્નના જવાબમાં, સીતારમણે કહ્યું કે ભારતમાં એવું વાતાવરણ છે જ્યાં રોકાણ સારું વળતર આપી રહ્યું છે. વિદેશી ફંડો સામાન્ય રીતે વોલેટાલિટીના સમયમાં પોતાના દેશમાં મૂડી લઇ જતાં હોય છે અને એ થઇ રહ્યું છે.

નાણા સચિવ તુહિન કાંતા પાંડેએ ઉમેર્યું કે વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, એફઆઇઆઇ તેમના મૂળ દેશમાં પાછા ફરવાનું વલણ ધરાવે છે, જે મોટાભાગે અમરિકા છે. વિદેશી ફંડો એક ઇમર્જિંગ માર્કેટમાંથી બીજા ઇમર્જિંગ માર્કેટમાં નથી જઇ રહ્યાં. તેમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મજબૂત અર્થતંત્ર છે અને આગળ પણ વિકાસયાત્રા ચાલુ રાખશે. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારો, નાકા ડિલિવરીમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ખપપૂરતી માગે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ છતાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ ઘટીને રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં થયાના અહેવાલ હતા. ■

# ટીનમાં જળવાતી આગેકૂચ, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં કોપરમાં સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો આવતાં કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ટનદીઠ ૯૪૬૮.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓના ભાવ પણ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૨૮૭૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૭ અને રૂ. ૨૦૦ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૧૮, રૂ. ૮૦૯, રૂ. ૫૩૯ અને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા. ■

# ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો

## સ્થાનિક સોનામાં ₹ ૭૪૪નો અને ચાંદીમાં ₹ ૨૦૦૭નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જમાં ગત શુક્રવારે સોના અને ચાંદીમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જોકે આજે સપ્તાહના આરંભે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં નીચા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૦૭નો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૧થી ૭૪૪નું ગાબડું પડ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૦૦૭ના કડાકા સાથે રૂ. ૯૫,૯૪૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૧ તૂટીને રૂ. ૮૪,૯૧૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૪૪ તૂટીને રૂ. ૮૫,૨૫૪ના મથાળે રહ્યા હતા.

ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, અમેરિકાના જાન્યુઆરી મહિનાના રિટેલ વેચાણના ડેટા અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ઘટીને બે મહિનાની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૯૦૦.૪૪ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૯૧૨.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૩૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે આજે સોનાને ડૉલર ઈન્ડેક્સની નબળાઈનો અને અમેરિકાની ટેરિફની અનિશ્ચિતતાઓનો ટેકો મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. વધુમાં ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઑટોમોબાઈલ પર બીજી એપ્રિલ સુધીમાં લેવી આવી રહી હોવાની જાણ કરવાની સાથે મોટા વેપારી ભાગીદાર દેશો સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાનો પણ અર્થશાસ્ત્રીઓને નિર્દેશ આપ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ડૉલર ઈન્ડેક્સ નીચી સપાટીએથી પાછો ફરતા રૂપિયો ૧૭ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ નીચી સપાટીએથી પાછો ફર્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ત્રણ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ૧૭ પૈસા તૂટીને ૮૬.૮૮ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે એકંદરે વિદેશી બૅન્કોની ડૉલરમાં લેવાલી ઉપરાંત વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ હેઠળ વેપારોની અનિશ્ચિતતા અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્યપ્રવાહ જળવાઈ રહ્યાના અહેવાલોને કારણે ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૭૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૬.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૮૮ અને ઉપરમાં ૮૬.૬૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૭ પૈસાના ઘટાડા સાથે ૮૬.૮૮ના મથાળે સત્રની નીચી સપાટીએ જ બંધ રહ્યો હતો.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ, ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેશે તેમ છતાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો અને રિઝર્વ બૅન્કનો બજારમાં સંભવિત હસ્તક્ષેપ રહેતાં અમુક અંશે રૂપિયાને ટેકો આપી શકે છે. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M)/ et-૩૩ & ૩૪ / SWD તા.૧૭.૦૨.૨૦૨૫

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | ૧. eT-૩૩, ૨૦૨૪-૨૫ના (બીડ નં.:- ૨૦૨૫_MCGM_૧૧૫૧૪૦૮) A થી G/N વોર્ડમાં શહેર વિસ્તારમાં સાઈટસ ખાતે M.S. ફ્લેટ બાર ટાઈપ ગ્રેટિંગ્સની નોન રિપેરેબલ / મીસિંગ માઈલ્ડ સ્ટીલ (M.S.)નું રિપેરીંગ અને બદલવાનું કામ કરવું.<br>૨. eT-૩૪, ૨૦૨૪-૨૫ના (બીડ નં.:- ૨૦૨૫_MCGM_૧૧૫૧૪૦૬) A થી G/N વોર્ડમાં સાઈટસ ખાતે સાઈઝો મુજબ સ્ટોર્મ વોટર ડ્રેઈન મેનહોલ્સ પર MS લંબચોરસ કવર્સ સાથે તૂટેલા / ગૂમ થયેલ નોન સ્ટાન્ડર્ડ લંબચોરસ મેનહોલ કવર્સને બદલવાનું કામ કરવું. |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૧૮.૦૨.૨૦૨૫ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખ ૨૮.૦૨.૨૦૨૫ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે<br>એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭<br>૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | ૯૮૩૩૫૩૯૦૨૯ |
| ઈ-મેઈલ સરનામું | ae01onm.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષી. એન્જી. (O&M) મીકે. SWD

PRO/2575/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

વિવિધ એન્જિનિયરિંગ કામો

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઇએમડી રૂ |
|---|---|---|---|
| 1 | 218-2024-25 | 4,09,26,292.08 | 3,54,600.00 |
| | જૂથ કાર્ય: (1) ધારી-વિસાવદર (MG) વિભાગ-TSR (S) 17 KMs. (2) અમરેલી-ચલાલા અને વિસાવદર તાલાલા (MG) વિભાગ-TSR (S) 12 KMs. (3) ખીજડિયા - વેરાવળ વિભાગ (MG) વિભાગ ટર્નઆઉટ નવીકરણ દ્વારા | | |
| 2 | 219/2024-25 | 2,13,03,818.55 | 2,56,500.00 |
| | અમરેલી-ચલાલા સેક્શન (MG) સેક્શન CTR(s): ૮.૭ કિમી (કિમી.19-8 થી 28-5) | | |
| 3 | 220-2024-25 | 82,04,369.49 | 1,64,100.00 |
| | અમરેલી-ધારી સેક્શન (MG) સેક્શન CTR(S) 3.27 કિમી (કિમી 28.5 થી 31.77) | | |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : બિડિંગની શરૂઆતની તારીખ : 24/02/2025 બિડની બંધ થવાની તારીખ : 10/03/2025 NIT રેલ્વે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ : 14/02/2025 ના રોજ અપલોડ કરવામાં આવી છે. 200

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ (O.C. વિભાગ)

ડે. HE (M&E)/M-IIIA/ ૫૬૮૭/ PP, તા. ૧૪.૦૨.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ પધ્ધતિમાં આઈટમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સેક્શન | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (M&E) M-3 APP |
| બિડ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૪૮૭૫૦ |
| કામનું નામ | M-IIIA ૧૦૦ KV સબ સ્ટેશન પાંજરાપુર ખાતે વર્તમાન ટ્રાન્સફોર્મર્સની બદલી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in/tenders<br>http://mahatenders.gov.in |

ટેન્ડર દસ્તાવેજ, ટેન્ડર સેક્શન હેઠળ BMCની વેબસાઈટ (http://portal.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષીક્યુટિવ એન્જિનિયર (M&E)
M-IIIA પીસે પાંજરાપુર

PRO/2560/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

વિવિધ કામો

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૪-૨૫/૨૮૭ તા. ૧૪.૦૨.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ ખાર રોડથી વિરારઃ જૂના અને નવા IT-GIS પદ્ધતિઓ અને ટૂલ્સ, રેલવે લેન્ડ પ્લાન્સ, ખારથી વિરાર સેક્શન વચ્ચે રેલવે જમીન વિસ્તાર સાથે પરિવર્તન, જૂના/નવા સંપાદનનો ઉપયોગ કરીને નવા રેવેન્યૂ રેકોર્ડ સિસ્ટમ સાથે રેકોર્ડમાં રેલવે રેકોર્ડસનું પુનઃનિર્માણ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪૮,૩૩,૧૭૪.૨૮. બારડી રૂ. ૯૬,૭૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૧.૦૩.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૧.૦૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1093

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે શ્રી જીમિત રમેશ શાહ, પુખ્ત, મુંબઈના ભારતીય રહેવાસી, ૮-૯/૫૦૫, જ્યુપીટર, સ્વામીનારાયણ મંદિર રોડ પાસે, આઝાદ રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૭ ખાતે સરનામું ધરાવનાર, તમામ બોજાઓ, ગીરો, લીટિગેશનથી મુક્તપણે અને સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ અને કાર પાર્કિંગ જગ્યા સાથે નીચે દર્શાવેલ ફ્લેટ (''સદર મિલકત'' તરીકે ઉલ્લેખેલ છે.) મારા અસીલને વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા માટે વાટાઘાટ કરી રહ્યા છે.

કોઈપણ શખ્સ/સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે સામે લીઝ, સબ-લીઝ, લાયસન્સ, વેચાણ, એસાઈનમેન્ટ, અદલાબદલી, વ્યવસ્થા, વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, ગીરો [PNB હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની તરફેણમાં નિર્માણ કરેલ ગીરોની હદની સિવાય], ઈક્વીટેબલ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, બીકવેસ્ટ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, કબજો, લીયન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, ભોગવટો, સદર મિલકત પરના હક્કોની અથવા બીજી કોઈ રીતે કે દ્વારા કોઈપણ દાવો ધરાવતા હોય અને વધુમાં કોઈપણ શખ્સ જે સદર મિલકતની બાબતમાં અસલ ટાઈટલ ડીડસના કોઈપણનો કબજો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૨૦૫ (૨૨A), ૨જો માળ, સર યુસુફ બિલ્ડીંગ કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે આ છપાયાની તારીખથી ૧૦ દિવસમાં કરે, નહીંતર, આવા કોઈપણ દાવા અથવા હિત, જો કોઈ હોય તો, તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દિધેલ તરીકે ગણાશે.

સદર મિલકતનું પરિશિષ્ટ

ફ્રી સેલ બિલ્ડીંગ નં.૭ની ''C'' વીંગમાં ૮મા માળ પર ૪ BHK ટાઈપનો ભાગીદારી ફ્લેટ નં. ૮૦૫, રેરા મુજબ ભરતમાં ૨૧૫ ચો.મી. કાર્પેટ એરિયા અને રેરા મુજબ ૫૮ ચો.મી.નો વધારાનો તેને લગતો યુટિલિટી/ એરિયા અને મંજૂર કરાયેલ અને એપ્રુવ થયેલ પ્લાન મુજબ ભરતમાં ૨૭૯ ચો.મી બીલ્ટ-અપ એરિયા જે ઉપરોક્ત બંને એરિયાનો સમાવેશ કરે છે, તેની સાથે મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં હનુમાન નગર, ગુલમોહર રોડ, અંધેરી (પશ્ચિમ) ખાતે ગામ વિલે પાર્લેના CTS નં. ૪૫૫, ૪૫૫/૧ થી ૧૬, ૪૬૪ (pt), ૧૭૫૫ અને ૧૭૫૬ ધરાવનાર અને વીલે પાર્લે (પશ્ચિમ), તાલુકા અંધેરી ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીન અને મેદાન પર ઉભેલ ઉપર જણાવેલ ફ્રી સેલ બિલ્ડીંગમાં ઉપરના અને નીચેના મિકેનાઈઝડ સ્ટેક ધરાવતી બેઝમેન્ટ લેવલમાં ૧ કાર પાર્કિંગ જગ્યા છે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫

સહી/-
[ધીરેન એચ. શાહ]
એડવોકેટ & સોલીસીટર



BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

ઈ-ટેન્ડર નોટીસ

નં. KEMH/૬૦૧૨/AEME તા. ૧૭.૦૨.૨૦૨૫

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર ''આઈટમ રેટ ધોરણ'' પર નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| અ. ક્ર. | કામનું નામ | બાનાની રકમ ડીપોજીટ રૂા. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | K.E.M. હૉસ્પિટલમાં IVF સેન્ટરમાં વિવિધ MGPS કામ. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૫૧૫૪૬_૧ | ૨૦૦૦૦/- @૧% | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૨૫.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૨. | K.E.M. હૉસ્પિટલમાં CVTC OT થી JMT OTમાં શિફ્ટ કરવા માટે જરૂરી વિવિધ આનુષંગિક કામ. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૫૧૫૫૦_૧ | ૧૫૦૦૦/- @૧% | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૨૫.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૩. | K.E.M. હૉસ્પિટલ ખાતે ઈલેક્ટ્રિક હમાલ અને લિફ્ટમેનની પોસ્ટ માટે સુવિધા વ્યવસ્થાપનની સ્થાપના કરીને એન્જિનિયરિંગ સેવાઓને મજબૂત અને જાળવણી. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૫૧૫૫૩_૧ | ૨૦૦૦૦/- @૧% | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૨૫.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૪. | લાયકાતની શરત (પેકેટ 'A') | ૨૭.૦૨.૨૦૨૫ | | ૧૭.૩૦ ક. |
| ૫. | ટેકનીકલ બીડ (પેકેટ 'B') | ૨૭.૦૨.૨૦૨૫ | | ૧૭.૪૫ ક. |
| ૬. | કોમર્શિયલ બીડ (પેકેટ 'C') | શેડ્યુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી.

ટેન્ડરરોએ નોંધ લેવાની કે આ ટેન્ડર અંગે જારી થનાર કોઈપણ સુધારો માત્ર (http://mahatender.gov.in) પર જ પ્રકાશિત થશે. સ્થાનિક વર્તમાનપત્રોમાં કોઈ સુધારો નહીં છપાય.

ટેન્ડર દસ્તાવેજો ટપાલથી જારી કે પ્રકાશિત થશે નહીં.

સહી/-
ડીન K.E.M. હોસ્પિટલ

PRO/2572/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી. એ./M&E/૬૭૮૮, તા. ૧૪.૦૨.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

લાયક બીડર્સ પાસેથી ''આઈટમ રેટ ધોરણ'' પર નીચેના કામો માટે બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ઈ-ટેન્ડર્સ મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય બીડ સમાપ્તિ તારીખ અને સમય ''ટેન્ડર'' સેકસન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં જણાવેલ છે.

બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ડીપા.: | ચીફ એન્જીનીયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ) |
| સબ ડીવીઃ | એકઝીક્યુટીવ એન્જીનીયર મીકેનીકલ (E.I.) કંસ્ટ્રકશન |
| વિષયઃ | ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, કાંદિવલી ખાતે સેફ્ટી એન્જિનિયરિંગ વર્ક્સ. ૨૦૨૫_MCGM_૧૧૫૦૪૮૨_૧ |
| ટેન્ડર વેચાણઃ | ૧૮.૦૨.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી<br>૦૪.૦૩.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ તારીખઃ | ૨૫.૦૨.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. |
| વેબસાઈટઃ | http://portal.mcgm.gov.in<br>NIC Portal http://mahatenders.gov.in |
| લીગલ ટ્રેડ નામ GSTIN નં. | બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન<br>27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિઃ<br>એ) નામ<br>બી) ટેલી નં.<br>સી) મોબાઈલ નં.<br>ડી) ઈ-મેલ એડ્રેસ | એકઝીક્યુટીવ એન્જીનીયર મીકેનીકલ (E.I) કંસ.<br>શ્રી મનોજ એચ. વાનખેડે<br>૨૪૯૫૮૧૫૩<br>૯૬૩૭૩૪૧૦૦૪<br>eemecheiconst.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in તેમજ NIC પોર્ટલ http://mahatenders.gov.inની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો ટપાલથી જારી કે સ્વીકૃત નહીં થાય.

સહી/-
(મનોજ વાનખેડે)
એકઝી. એન્જી. મીકે. (E.I.) કંસ. i/c

PRO/2561/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

## ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅન્કના ૧૨૨ કરોડની ઉચાપતનો કેસ

# ૭૦ કરોડ ચારકોપના એસઆરએ પ્રોજેક્ટમાં રોકાયા?

### કોરોનાકાળમાં દેવાળું ફૂંકનારા વેપારીઓને વ્યાજે રકમ અપાયાનું તપાસમાં જણાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅન્કમાંથી ઉચાપત કરવામાં આવેલી ૧૨૨ કરોડ રૂપિયામાંથી ૭૦ કરોડ રૂપિયા ચારકોપના એસઆરએ પ્રોજેક્ટમાં રોકવામાં આવ્યા હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. એ સિવાય કોરોના કાળમાં દેવાળું ફૂંકનારા અનેક વેપારીને આર્થિક સહાય મળી રહે તે માટે વ્યાજે નાણાં આપવામાં આવ્યાં હોવાનું આર્થિક ગુના શાખાની તપાસમાં સામે આવ્યું હતું.

બૅન્કની પ્રભાદેવી અને ગોરેગામ બ્રાન્ચમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના મામલે આર્થિક ગુના શાખાએ ભૂતપૂર્વ જનરલ મૅનેજર અને એકાઉન્ટ્સ હેડ હિતેશ પ્રવીણચંદ્ર મહેતા અને ડેવલપર ધર્મેશ જયંતીલાલ પૌનની ધરપકડ કરી હતી. મહેતાની પૂછપરછમાં અનેક મહત્ત્વની બાબતો સામે આવી રહી છે, એવો દાવો

(જુઓ પાનું ૪) ▸▸

MAHABALESHWAR HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

## એકનાથ શિંદેનો વીટોઃ સીએમ રાહત ભંડોળ હોવા છતાં...

# ડેપ્યુટી સીએમે તબીબી સહાય કોષની રચના કરી

### શિંદેની નજીકના મંગેશ ચીવટે અધ્યક્ષઃ રાજકીય વિવાદ પહેલા સ્પષ્ટતા કે કોષ ભંડોળની વહેંચણી નહીં કરે

મુંબઈ: એક તરફ પાલકપ્રધાનની નિમણૂકને મુદ્દે પહેલેથી જ મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન વચ્ચે મતભેદ ઊભા થયા છે અને ગઠબંધનમાં એને કારણે તણાવ જેવી સ્થિતિ ઊભી થઇ છે. એવામાં એકનાથ શિંદેએ પોતાના નાયબ મુખ્ય પ્રધાનપદની સત્તાનો ઉપયોગ કરીને તબીબી સહાય કોષની સ્થાપના કરી છે. એ પણ મુખ્ય પ્રધાન રાહત ભંડોળ (સીએમઆરએફ) હોવા છતાં. આટલું જ નહીં સેલના અધ્યક્ષ તરીકે શિંદેના નજીકના સાથી મંગેશ ચીવટેને નીમવામાં આવ્યા છે.

જોકે ચીવટેએ આ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે નવનિર્મિત સેલ ભંડોળનું વિતરણ કરશે

(જુઓ પાનું ૪) ▸▸

D9 કાશ્મીર Sp. એરફેર 22,000/- થી શરૂ
અત્યંત આકર્ષક સ્થાન પર હોટલો, બધાજ ખર્ચ સામેલ
D9-12 લદાખ Sp. એરફેર 25,000/- થી શરૂ
D11 MAY-OCT કિન્નૌર-લાહુલ-સ્પીતી
સ્વતંત્ર રસોડા સાથે
HAZEL Treks N Tours Khar (w). @hazeltreksntours Since:2003
PANKAJ CHHEDA 9869559938

## 'જનહિતનું આ કામ, નથી આ રાજકારણ'

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે સોમવારે કહ્યું હતું કે તેમની પાર્ટીના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના આરોગ્ય સહાય કેન્દ્રની સ્થાપનાના નિર્ણય સાથે રાજકારણ નહીં જોડી દેતા, કારણ કે એ જનહિતનું કામ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મુખ્ય પ્રધાને સીએસઆર ભંડોળનો નિયંત્રણ લેવો યોગ્ય નથી કારણ કે પછી મુખ્ય પ્રધાન રાહત ભંડોળ દ્વારા તેમના અધિકારનો ઉપયોગ કરી શકે છે. રાજ્યના સમાજ કલ્યાણ પ્રધાને ઉમેર્યું હતું કે 'શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા (જૂન ૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૪) ત્યારે આરોગ્ય વિભાગ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

FLAMINGO transworld pvt. ltd.
You Travel We Care




WHOLE OF SOUTH AFRICA
WITH KRUGER NATIONAL PARK
13 N | 14 D EX. MUMBAI 19+ DEPARTURES
Flight Tickets | Veg/Jain Food Available | Premium Hotels | Sightseeings | Visa
OPERA HOUSE, KANDIVALI, GHATKOPAR, JUHU, ANDHERI, NAVI MUMBAI, THANE, MULUND, MIRA ROAD, VIRAR
www.flamingotravels.co.in +91 75065 13304 | 92740 02968

યુગો સુધી ઝળહળશે ધીરગુરુદેવના સંભારણા
રાજકોટમાં ઐતિહાસિક ધરોહર સમાન જૈન બોર્ડિંગ અને મહાવીર ભવનનો શાનદાર ઉદ્‌ઘાટન ઉત્સવ



૧. હિરેન શાહ, અનીશ બદાણી, જયંત કામદાર, દિનેશ ગાઠાણી વ. ૨. શશીભાઈ, ઈન્દુભાઈ બદાણી, પ્રણય દેસાઈ



૩. સી. ડી. દેસાઈ, જ્યોતિ તુરખીયા ૪. મીરા અનિલ શાહ - ઓમાનવાલા ૫. આર્કિટેક્ટ રીખવ - હેમલ સંઘવી



૬. આરતી, અનીશા, વિશાખા, દર્શના, તરલાબેન વ. ૭. બદાણી, સંજય સંઘવી, રીટા અભય શાહ, દેવાંશી



૮. ડૉ. સંજય અને જયશ્રી શાહ, દક્ષા અને મુકેશ કામદાર ૯. વિમલ, વિપુલનું કુંદનબેન નવીનભાઈ દોશી

સમાજના કાર્યની સફળતા માટે ટીમવર્ક, ટાઈમીંગ વર્ક, ટેકનીક વર્ક અને ટ્રાન્સપરન્ટ વર્ક અતિ જરૂરી છે. : શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા ધીરગુરુદેવ

શ્રી૧ા કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

૨૦૦૪ થી લગાતાર..દર વર્ષે...૫૦૦ થી વધુ પ્રવાસી મિત્રો માટે અમેરિકા ગ્રુપ ટુરો નુ સફળતાપૂર્વક સંચાલન કરતી એક માત્ર કંપની એટલે કે "કુલીન કુમાર હોલીડેઝ"

રાજસ્થાની મહારાજ સુવિધાઓ થી સજ્જ

અમેરિકા ૨૦૨૫




અધકચરી નહી, અસ્સલ મહારાજ સુવિધાઓ...દરરોજ સવારે અચૂક માણો, આપણી મસાલા ચા સાથે આપણો જ ભારતીય બ્રેકફાસ્ટ ફક્ત કુલીન કુમાર સાથે જ સંભવ


મુખ્ય આકર્ષણો

★ સમગ્ર ટુર દરમ્યાન અમારા રાજસ્થાની મહારાજ ની સેવા
★ ગુજરાતી રાજસ્થાની વરાયટીઓ સાથે "ફાઇન ડાઇન" અનુભવ જેમા પણ દરેક ઉંમરના પ્રવાસીઓને ભાવે + ફાવે એવા ફેન્સી ભોજન નો રસથાળ.
★ લેક તાહો સીનીક ક્રુઝ નો ટુર કિંમત માં સમાવેશ (ફક્ત કુલીન કુમાર સાથે) WORTH USD 100 PER PERSON
★ લાસ વેગાસ ના નવા આકર્ષણ "THE SPHERE ની ALL INCLUSIVE" મુલાકાત ....જેમા POST CARD ROM EARTH SHOW, ATRIUM, INTERACTION WITH ROBOTOS એન્ટ્રેન્સ ટિકિટ સાથે, એ શિવાય નાઇટ ટાઇમ ફોટોગ્રાફી પણ (અજવાળા માં નક્કામુ) WORTH USD 100 PER PERSON
★ ન્યુ યોર્ક ના નવા આકર્ષણ Rise NY ની ALL INCLUSIVE મુલાકાત (ફક્ત કુલીન કુમાર સાથે) WORTH USD 45 PER PERSON
★ ન્યુ યોર્ક ના પ્રખ્યાત TIME SQUARE પર યાદગાર મુકામ
★ એપ્રિલ-મે-જુન દરમિયાન SNOW થી ભરપુર એવા અફલાતુન ડેસ્ટિનેશન "મેમોથ માઉન્ટન" મા યાદગાર રાત્રી મુકામ. ૧૧૦૫૩ ફીટ ગંડોલા (કેબલ કાર) ટોપ લેવલ Summit સુધી ની ટિકિટ સાથે...
★ લાસ વેગાસ માં ગ્રેન્ડ કેન્યન ટુર Stratosphere Tower ડે વ્યુહ હેલિકોપ્ટર દ્વારા નાઇટ વ્યુહ - Freemont Street VIVA લાઇટ શો – વિવિધ " થીમ બેઝ હોટલો " ની ઉંડાણપુર્વક સ્ટ્રીપ ટુર બાય કોચ – વોકીંગ ટુર The Bellagio Fountain સાથે પ્રીમિયર આઉટલેટ્સ માં શોપિંગ – લીમોઝીન ના અપગ્રેડેડ વર્જન THE ORIGINAL VEGAS PARTY BUS નો કમાલ ધમાલ અનુભવ
★ ઓર્લેન્ડો માં Epcot Centre - Kennedy Space Centre (NASA) - Sea World થીમપાર્ક
★ લોસ એન્જલસ UNIVERSAL STUDIOS - વર્લ્ડ ફેમસ " સ્ટુડિયો ટુર " સાથે
★ વોશિંગ્ટન DC નજીક LUREY CAVERNS ની ગાઇડ્ડ ટુર – સાથે સાથે The Garden Maze અને Rope Adventure
★ સમગ્ર ટુર દરમિયાન કુલીન કુમાર હોલિડેઝ ના મદદરૂપ, મળતાવડા અને વર્ષો ના અનુભવી ટુર એક્સપર્ટ નો સંગાથ
★ SILICON VALLEY અને SACRAMENTO ની ડીટેલ ટુર
★ ફક્ત બે 3 STAR હોટેલ.. બાકી બધી જ 4 STAR હોટેલ, નહી કે... ૩ સ્ટાર ને ૪ સ્ટાર ગણાવવા ની, કોઈ ગીમીક્સ... (OFFICIALLY CERTIFIED) આ ઉંડાણપૂર્વક ચેક કરવું


ઉંમરલાયક વડીલ પ્રવાસીઓ માટે ...Without Orlando થીમ પાર્ક વગર નો વિકલ્પ (ફક્ત કુલીન કુમાર સાથે સંભવ)




ગ્રાન્ડ અમેરિકા
૨૦ રાત્રી / ૨૧ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ, નાયગ્રા ફોલ્સ, વોશિંગ્ટન ડીસી, ન્યુ યોર્ક, ઓર્લેન્ડો
પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે




ગ્રાન્ડ અમેરિકા Without Orlando
૧૬ રાત્રી / ૧૭ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ, નાયગ્રા ફોલ્સ, વોશિંગ્ટન ડીસી, ન્યુ યાર્ક
પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે




અમેરિકા West Coast
૧૦ રાત્રી / ૧૧ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ
પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે



અમેરિકા East Coast
૦૬ રાત્રી / ૦૭ દિવસ
નાયગ્રા ફોલ્સ, વોશિંગ્ટન ડીસી, ન્યુ યોર્ક
પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર ગુરુવારે



૮-૧૦ મેમ્બર્સ ની ફેમિલી અને વધુ મોટા ગ્રુપ માટે આકર્ષક ઓફર

ટૂર ની વિશેષતા
▸▸ દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▸▸ ગુજરાતી, હિન્દી, ઇંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▸▸ ભરપુર સાઇટ સીઈંગનો સમાવેશ
▸▸ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▸▸ ટૂર કિંમત કોઇપણ છુપા ખર્ચ વગર
▸▸ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
▸▸ કિંમતમા બધી જ Tips સામેલ
▸▸ Internal Flights by સાઉથ વેસ્ટ

આ ઉપરાંત અલાસ્કા ક્રુઝ તથા કેનેડિયન રોકિઝ ના પ્રવાસ પણ ઉપલબ્ધ

Book Now NIRAJ 9820149217 | JUHI 9730877449 | BHAVNA 9833973233 | RAM 9619576572

Scan Me
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500